Super Visa/ Visitor to Canada Insurance
Best Mortgage Rates
1st and 2nd Mortgages
Life and Critical Illness Insurance
RRSP/RESP/INVESTMENTS
Ph.: 416-839-9645
Mukund Sheth
Financial Advisor
www.pyramidfinancial.ca
mukund@pyramidfinancial.ca
Serving at 2 locations GTA East / GTA West
ON LIC # 10530
Investment | Insurance | Mortgages

પરદેશમાં દેશની મહેંક એટલે

# સ્વદેશ

કેનેડાથી પ્રસિદ્ધ થતું સર્વોત્તમ ગુજરાતી સાપ્તાહિક SWADESH

RAVAL LAW OFFICE
Serving the community for the last 35 years
Real Estate Law
Corporate Law
Criminal Law
Family Law
Immigration Law
Wills & Estate
Power of Attorney
Document Notarizations
Bhupendra N Raval
Barrister, Solicitor & Notary Public
Ph : 416-296-7200
1200 Markham Road, Suite 118, Toronto, Ontario M1H 3C3 www.ravallawyer.com

FRIDAY, 22 November, 2019 Vol. 15, No. 47 Pages 24+8 Tel: 416-996-7755, E-mail : info@swadesh.news Web : www.swadesh.news

## કેનેડામાં નવી સરકારનું ગઠન : મંત્રીઓની પસંદગીમાં અનુભવીઓને પ્રાથમિકતા સાથે જૂના જોગીઓને ફરી તક અપાઈ

# ટ્રુડોએ ૩૬ સભ્યો સાથે રચ્યું નવું પ્રધાનમંડળ

ઓટ્ટાવા: ચાર ભારતીયો સહિત ૩૬ સભ્યોની કેબિનેટની રચના વડાપ્રધાન જસ્ટિન ટ્રુડોએ કરી હતી. આ કેબિનેટમાં સાત નવા ચહેરાઓને પણ તેમણે સમાવ્યા હતા. જ્યારે નાયબ વડાપ્રધાન તરીકે ક્રિસ્ટીયા ફ્રીલેન્ડની પસંદગી ધારણા મુજબ કરાઈ હતી.

૨૦૧૫માં જસ્ટિન ટ્રુડોએ પહેલી વખત સરકાર રચી હતી, ત્યારે અડધોઅડધ મહિલાઓનો મંત્રીમંડળમાં સમાવેશ કરાયો હતો. આ વખતે તેમણે કેબિનેટમાં મંત્રીઓની પસંદગીમાં સ્થિરતા અને સરકારની પશ્ચિમ વિસ્તારમાં ચૂંટણી મળેલી નિષ્ફળતાને ધ્યાનમાં રાખવામાં આવી હોય એવું પહેલી નજરે દેખાઈ આવે છે. જો કે એ વિસ્તારમાં લિબરલના સાંસદોની અછત પડી છે, ત્યારે એ બે પ્રાંત સાથે જોડાયેલાઓને બે ચાવીરુપ મંત્રાલય સોંપવા સાથે એક પૂર્વ મંત્રીની પણ પસંદગી કરી છે. ક્રિસ્ટીયા ફ્રીલેન્ડને નાયબ વડાપ્રધાનનું પદ સોંપાયું છે. ૧૫ વર્ષ પહેલાં એન્ને મેકલેલનને નાયબ વડાપ્રધાન બનાવાયા હતા, એ બાદ પહેલી વખત આ પદ પર નિયુક્તિ થઈ છે. યોગાનુયોગ એન્ને પણ મહિલા હતા અને આ વખતે પણ મહિલાને જ એ મહત્વના પદ ઉપર નિયુક્ત કર્યા છે. જો કે તેમની પસંદગી પાછળ ટ્રુડોની મોટી ગણતરી છે.

ફ્રીલેન્ડને નાયબ વડાપ્રધાનની સાથે સાથે ઈન્ટર ગવર્નમેન્ટલ એફેર્સ પણ સોંપાયું છે. સ્વાભાવિક છે કે, ગયા વખત કરતાં આ વખતે ટ્રુડોની સ્થિતિ થોડી નબળી છે, ત્યારે એ વિરોધીઓને ખાસ સંભાળી શકે એવી વ્યક્તિ તેમને જોઈતી હતી અને તેથી જ એ કામ ફ્રીલેન્ડને સોંપાયું છે. ટ્રુડોના ટીકાકાર તરીકે ખાસ જાણિતા જેસોન કેન્ની અને સ્કોટ મોઈ જેવા વિરોધીઓને સંભાળવાની કામગીરી ફ્રીલેન્ડના માથે આવી ગઈ છે. જેસોન આલ્બર્ટાના છે, જ્યારે સ્કોટ સસ્કાત્ચેવાનના છે. જો કે આ ચૂંટણીમાં પર્યાવરણનો મુદ્દો ખૂબ જ મહત્વનો રહ્યો હતો, ત્યારે એ મુદ્દો તેમના પ્રધાનમંડળમાં સંઘર્ષનું કારણ પણ બની શકે એમ લાગે છે. ફ્રીલેન્ડે તેમના કાર્યભારની વહેંચણી નવા પર્યાવરણ મંત્રી જોનાથન વિલ્કિન્સન સાથે કરવાની છે. આ બંને સામસામા ધ્રૂવના છે. તેમની કામ કરવાની સ્ટાઈલ પણ એવી જ છે. જોનાથનનો તેમના પૂરોગામી કેથેરિન મેકકેન્ના જેવો જ આક્રમક અભિગમ ધરાવે છે. ટ્રુડોએ તેમના મંત્રીઓની પસંદગીમાં આ વખતે અનુભવને પણ ધ્યાનમાં લીધો છે. તેમની પહેલી કેબિનેટમાંથી જે મંત્રીઓ આ વખતે ચૂંટાયા છે, તેમને ફરીથી મંત્રીમંડળમાં સમાવી લીધા છે.



### ટ્રુડોની કેબિનેટમાં ચાર મૂળ ભારતીયોને સમાવાયા

વડાપ્રધાન જસ્ટિન ટ્રુડોની કેબિનેટમાં ચાર ભારતીયોને પણ સ્થાન મળ્યું છે. આ ચાર ભારતીયોમાં એક મહિલા અને ત્રણ પુરુષોનો સમાવેશ થાય છે. મહિલા તરીકે અનિતા આનંદની પસંદગી થઇ છે, જ્યારે અન્ય ત્રણ મંત્રીઓમાં નવદીપ સિંબ બૈસ, બાર્દિશ છાગર અને હરજિત સિંહ સજ્જનનો સમાવેશ થાય છે. અનિતા આનંદ ટ્રુડો સરકારનો નવો ચહેરો છે. તેમને પબ્લિક સર્વિસીસ એન્ડ પ્રોક્રમેન્ટ વિભાગ સોંપાયો છે. બાર્દિશ છાગરને જૈવવૈવિધ્ય, ઇન્ક્લુઝન અને યુવા ખાતું સોંપાયું છે, તો હરજિત સિંહ સજ્જનને મિનિસ્ટર ઓફ નેશનલ ડિફેન્સ અને નવદીપ સિંહ બૈસને મિનિસ્ટર ઓફ ઇનોવેશન, સાયન્સ અને ઇન્ડસ્ટ્રી વિભાગ સોંપાયો છે.

Need mortgage financing?
Look no further. Let me make it happen.
RBC Royal Bank
BHAVIN PATEL
Mobile Mortgage Specialist
Royal Bank of Canada
bhavin.patel@rbc.com
mortgage.rbc.com/bhavin.patel
Cell: 647-502-8069
Serving Greater Toronto Region Fax: 416-253-9461

RE/MAX CROSSROADS REALTY INC. Brokerage
maazabowath.com
MAAZ ABOWATH
Sales Representative ABR, SRS
Direct: 416.893.3002
maazabowath@gmail.com
THINKING OF BUYING OR SELLING?
Residential | Business | Investment

Jack Filled Foreign Exchange Inc.
India થી રૂપિયા મંગાવવા
અને
India રૂપિયા મોકલવા
માટેનું જૂનું અને જાણીતું નામ :
Call Zakirbhai
416-901-9995, 416-439-9995

SUPER VISA INSURANCE
Get Full REFUND if visa is declined
Get partial refund if parents leave early*
*conditions apply.... Ask NOW for a free quote..
Sanjiv Puri
Insurance Broker
Ph.: 416-890-3232
Email: sanjivpuri@rogers.com
StarLife Insurance & Investments Inc.
www.starlifeinsurance.ca
LIFE INSURANCE | FUNERAL INSURANCE | MORTGAGE INSURANCE | CRITICAL ILLNESS INSURANCE | DISABILITY INSURANCE
SUPER VISA INSURANCE | INSURANCE FOR VISITORS / NEW IMMIGRANTS | RESP | ESTATE PLANNING | RRSP | RETIREMENT PLANNING

એકવાર પધારો, દિલ ખશ ના થઈ જાય તો કહેજો
Ashok Jewellers
સોનાની બંગડીઓ, ચેઈન, બુટ્ટીઓ,
લગ્ન પ્રસંગે પહેરવાના દાગીના...
પોતાનું વિશાળ બિલ્ડીંગ અને પેઢી દર પેઢીનો અનુભવ
દરેક પ્રકારની ડાયમંડની જ્વેલરીની વિશાળ શ્રૃંખલા...
Authorised dealer of RADO Watches
7198 Airport Road Malton, Ontario, L4T 2H3
Tel: 905 671 4290 Fax : 905 671 1190
Email: raju1234@aol.com
www.ashokjewellers.ca

Residential
New Condos
Investments
Commercial
દુઆમાં યાદ રાખજો
Zakir Patel
Broker
Cell: 416-561-7973
Office : 416-287-2222
RE/MAX COMMUNITY Realty Inc., Brokerage
Independently Owned and Operated
1265, Morningside Ave. #203
Toronto, ON M1B 3V9
Email : patelzakir82@gmail.com

છેલ્લા ૪૪ વર્ષથી ટોરાન્ટોની સર્વ પ્રથમ ગુજરાતી ટ્રાવેલ એજન્સી.૪૪ વર્ષથી ગુજરાતી પ્રજા અને ગુજરાતી ભાષા અમારી સફળતા માટે યશભાગી છે. દિલથી આપનો અમે ખૂબજ આભાર માનીએ છીએ. હવાઈ મુસાફરી ની ટીકીટ માટે અમારા ભાવ ટોરાન્ટોમાં ખૂબજ આકર્ષક છે અજમાવી જુઓ... આપને આનંદ થશે.
Ashok Travels 416-977-9896 અશોક ટ્રાવેલ્સ ૪૧૬ ૯૭૭ ૯૮૯૬
Thank you for your continued support since last 44 years. We are glad to be your family travel agency and we feel proud to serve three generations with most competitive prices and excellent service.
www.ashoktravel.com
Ashok Travels Serving your travel needs in Canada since 1973
TICO # 1486999 238 Gerrard St. East, Suite 100 Toronto, ON M5A 2E8

Save Up to 30% on your Auto Insurance
Save when you combine your Home and Auto Insurance
Desjardins Insurance
Call us today : (416) 431-6800
Li Chen Insurance and Financial Services Inc.
123-1200 Markham Road, Scarborough ON M1H 3C3
li.chen@desjardins.com - www.InsureOntario.ca
Auto • Home • Life • Business

S&S LAWYERS LLP
Real Estate
Litigation
Wills and Estates
Affidavit and Power of Attorney
Notarization
Family Law
Corporation / Commercial Transactions
Franchise Closing
Avni Shah
B.A., JD
Barrister & Solicitor
ashah@sslawyers.ca
Tel : 416-818-4000
Fax : 416-740-4002
1780 Albion Road, Unit # 8, Toronto Ontario M9V 1C1

Life Insurance, Critical Illness, Income Protection Plan (Disability Insurance), Travel Insurance/Super Visa Insurance, Mortgage Insurance, Non Medical Insurance Investments, RESP, RRSP, RRIF,TFSA, ANNUITY.

WE PROVIDE BETTER RATE FOR SUPER VISA INSURANCE



SECURING YOUR FAMILY'S FUTURE



CAN YOUR FAMILY AFFORD TO BE UNINSURED?
MAKE AN APPOINTMENT TODAY
FOR YOUR FINANCIAL NEEDS

Jay Gandhi
Financial Advisor
647.894.5727
jaygandhi1102@gmail.com
www.jayfinancial.ca

TO SERVE THE COMMUNITY BETTER FOR THEIR LEGAL NEEDS

LAW OFFICE OF
DHANANJAY SHAH

BARRISTER, SOLICITOR
& NOTARY PUBLIC



AREA OF PRACTICE
REAL ESTATE LAW
(RESIDENTIAL, COMMERCIAL & REFINANCING)
WILL & POWER OF ATTORNEY
CRIMINAL LAW
IMMIGRATION LAW
PERSONAL INJURY LAW
FAMILY LAW
CORPORATE LAW
NOTARIZATION OF DOCUMENTS, AFFIDAVITS & STATUTORY DECLARATION

Open seven days a week and flexible hours
318 B Painted Post Drive, Toronto, ON M1G 2M3
PHONE: 1-647-350-1497
FAX: 1-647-350-1498, CELL: 1-647-928-1497
Email: djay2justice@gmail.com

WE ALSO SPEAK GUJARATI AND HINDI

The North Star Insurance Inc.
*For all your Insurance & Investment needs*

Visitors Insurance | Super Visa Insurance | Travel Insurance

Protect Yourself, your family, investment & your valuable assets through

Life Insurance | Critical Illness Insurance
Disability Insurance | Supplemental Health Insurance

Make your investment plans, **MEANINGFUL**

Guaranteed Investment Funds | Tax Free Saving Account
Reg. Ed. Saving Plan | Reg. Retirement Plans

NO Medical Life Insurance Plans - up to $750,000.
HARD TO INSURE? YOU CAN BE COVERED!
*Call today for a free no obligation quote*



Jagdish Patel
(President, insurance Advisor)
647-470-1673
northstar.inc19@gmail.com

Hiring new & experienced insurance advisor
- Better Commission package
- Weekly product training
- One on one basis support
- Full flexibility

વ્યાજબી ભાડું... શ્રેષ્ઠ સેવા... વર્ષોનો અનુભવ

Travel Services
દુનિયા જુઓ અમારી નજરથી....

Lowest & Special Fares to:
Ahmedabad / Vadodara / Mumbai & Delhi

Air Ticket | Cruises
Vacation Packages | Insurance



Diptesh Patel
Tel: 905 790 8989
Dir: 647 409 2976
2565 Steeles Ave E, Unit # 20,
Brampton, ON L6T 4L6
Fax: 905 790 8686
tico.ca 50018836
travelservices14@gmail.com
travelservices12@yahoo.com

ETIHAD AIRWAYS | Emirates | KLM | AIR INDIA | AIR CANADA | BRITISH AIRWAYS







# ટોરન્ટોમાં રાઈફલ અને દારૂ-ગોળો જપ્ત થતાં ૬ સામે કોર્ટમાં ચાર્જશીટ



ટોરન્ટો : ટોરન્ટો પોલીસે જણાવ્યું હતું કે, ૫ શ્ચિમના વિસ્તારોમાં અધિકારીઓના સર્ચ અભિયાન દરમિયાન ત્રણ સગીર વયના બાળકો સહિત અન્ય છ લોકો પર રાયફલ અને દારુ ગોળો મળવા બાબતે આરોપનામું મુકવામાં આવ્યું હતું. તેમના કબ્જામાંથી એક ગ્લોક ૯એમ.એમ. સેમી ઓટોમેટિક રાઈફલ અને તેમાં વપરાતો દારૂ-ગોળો મળ્યો હતો. રવિવારે પોલીસે જણાવ્યું હતું કે, અધિકારીઓએ શુક્રવારે સાંજે ૫.૩૦ વાગ્યે ઓકવુડ એવન્યુ અને રોજર્સ રોડ વિસ્તારમાં દરોડા પાડ્યા હતા.

આ દરમિયાન રાઈફલની સાથે સાથે એના ૨૪ રાઉન્ડ પણ મળી આવ્યા હતા. ૪૨ વર્ષીય અને ૧૮ વર્ષીય બે પુરુષો, ૪૧ વર્ષીય એક મહિલા, ૩ કિશોરો જે પૈકી બેની ઉંમર ૧૭ અને ત્રીજાની ઉંમર ૧૬ વર્ષની હતી તેમની ધરપકડ કરવામાં આવી હતી. જે બાદ તમામ આરોપીને શનિવારે ટોરન્ટોની ઓલ્ડ સીટી હોમ કોર્ટમાં રજુ કરાયા હતા. તેમના પર ફાયર આર્મસનો અનધિકૃત કબ્જો રાખવા અંગે કાર્યવાહી થઈ રહી છે.






# અતિ મહત્ત્વાકાંક્ષા અને ટેલિકોમમાં થાપને કારણે અનિલની નૈયા ડૂબી

તંત્રી સ્થાનેથી



તંત્રી - પ્રકાશક
સ્વદેશ

રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ આજે માત્ર ભારત જ નહીં, બલકે દુનિયાની મોટી અને અગ્રેસર કંપનીઓમાં ગણનાપાત્ર છે. ધીરુભાઈ અંબાણીએ શરૂ કરેલો નાનકડો ધંધો આજે અનેક મોટી ઈન્ડસ્ટ્રીઝમાં ફેરવાયો છે. ધીરુભાઈના નિધન પછી તેમના બે પુત્રો અનિલ અને મુકેશને ભાગે કેટલીક ઈન્ડસ્ટ્રીઝ આવી હતી. મુકેશ અંબાણી તેના સફળતાપૂર્વક સંચાલનમાં સફળ રહ્યા જયારે અનિલ અંબાણીની કંપની દેવાદાર બની ગઈ છે. આમ તો પિતાના હાજરીમાં બંનેની જોડી રામ લક્ષ્મણની જોડી કહેવાતી હતી. પરંતુ તેમની ગેરહાજરીમાં વિવાદ વધતાં માતા કોકીલાબેનની મધ્યસ્થાએ ૨૦૦૫માં બંને ભાઈઓ વચ્ચે કારોબારનો હિસ્સાની વહેંચણી સાથે સંગ્રામનો અંત આણ્યો હતો.

૨૦૦૫માં જુન મહિનામાં અનિલ અંબાણીએ ધીરુભાઈ અંબાણી નોલેજ સિટી ખાતે પ્રેસ કોન્ફરન્સ કરીને પોતાના હિસ્સે આવેલા કારોબારની વિગતો જાહેર કરી હતી. અનિલને ભાગે ટેલિકોમ, રિલાયન્સ એનર્જી તથા રિલાયન્સ કેપિટલ આવ્યા હતા. જયારે મુકેશ અંબાણીને ભાગે રિલાયન્સ પેટ્રોકેમિકલ્સ આવ્યું હતુ. પ્રેસ કોન્ફરન્સમાં અનિલે પોતાના હિસ્સે આવેલા કારોબારને પિતાની જેમ જ નવી ઉંચાઈ લઈ જવાની વાતો કરી હતી. જે માટે તેમણે યોજનાઓ પણ દેખાડી હતી. તે સમય એવો હતો જયારે મોબાઈલ ટેલિકોમ ક્ષેત્રે ભારતમાં ક્રાંતિ થવા જઈ રહી હતી. જેનો લાભ દેશની ટેલિકોમ કંપનીઓને મળવાનો હતો. એટલે અનિલની ઓરકોમ કંપનીને પણ મોટા ફાયદા થવાની આશા હતી. પરંતુ આજે દોઢ દાયકામાં અનિલની ટેલિકોમ કંપની નિષ્ફળ રહી છે. જેને કારણે ધીરુભાઈએ વિકસાવેલો કરોડો રૂપિયાનો બિઝનેસ અનિલે ગુમાવી દીધો છે. આરકોમ કંપનીના શેરનો ભાવ ૨૦૦૮માં ૮૪૪ની સર્વોચ્ચ સપાટીએ હતો તે આજે ગગડીને ૫૫ પૈસા થઈ ગયો છે. બીજી તરફ અનિલને માથે હવે લેણદારો પણ બ્યુગલ વગાડી રહ્યા છે.

૨૦૧૯ની શરૂઆતમાં સુપ્રિમ કોર્ટે પણ અનિલ અંબાણીને જેલની સજાની ચીમકી આપી હતી. જો કે, આ સમયે મુકેશ અંબાણી તરત જ અનિલની વહારે આવ્યા અને આર્થિક સહાય કરીને અનિલને જેલ જતા બચાવી લીધા હતા. જો કે, આમ છતાં અનિલને માથેથી મુસીબતો ટળવાનું નામ લઈ રહી નથી. હવે ચીનની ૩ બેંકો કે જેણે ૨૦૧૨માં અનિલને પર્સનલ ગેરંટી હેઠળ ૯૨ કરોડ ડોલરની લોન આપી હતી તેની બાકી નીકળતી ૬૮ કરોડ ડોલરની વસૂલી માટે લંડનની કોર્ટમાં કેસ કર્યો છે. ૨૦૦૭માં અનિલ અંબાણીની કુલ સંપત્તિ ૩.૨ કરોડ હતી. જે અત્યારે ૧૭.૯ હજાર કરોડ પર આવીને અટકી ગઈ છે. અનિલને માથે હજી પણ ૧.૦૩ લાખ કરોડનું દેવુ બોલે છે. આરકોમ જેવી અતિમહત્વની કંપનીએ જુલાઈથી સપ્ટેમ્બરના બીજા ત્રિમાસિક ગાળામાં પુરી ૩૦૧૪૨ કરોડની જંગી ખોટ કરી છે. હવે ચારેય તરફથી ભીંસમા મુકાયેલા અનિલ શું કરશે તે તો આવનારો સમય જ કહેશે. પરંતુ એક વાત સમજવા જેવી છે કે, ૪૫ બિલિઅન ડોલરની સંપત્તિ સાથે ૨૦૦૭માં ફોર્બ્સની રિચેસ્ટ ઈન્ડિયનની યાદીમાં છઠ્ઠા ક્રમે રહેનાર અનિલે એવી તો શું ભૂલો કરી કે તે એક દાયકામાં જ દેવાળિયા બની ગયા.

અનિલની કેટલીક થાપ અંગે વિગતે ચર્ચા કરીએ તો ટેલિકોમ પહેલા ક્રમે આવે છે. અનિલે ટેલિકોમ ક્ષેત્ર હાથમાં લીધુ ત્યારે એટલે કે ૨૦૦૮માં કંપનીનો માર્કેટ કેપ ૧.૬૫ લાખ કરોડ હતી. ૨૦૦૨માં જયારે આ કંપનીની શરૂઆત થઈ ત્યારે સીડીએમએ એટલે કે, કોડ ડિવીઝન મલ્ટીપલ એકસેસ ટેકનોલોજી ક્ષેત્રમાં ઉજળી તકો દેખાઈ રહી હતી. પરંતુ તેની મર્યાદા એ હતી કે તે ટુ-જી અને ૩જી સેવા સુધી મર્યાદીત હતી. જે પછી ગણતરીના સમયમાં ભારતમાં ૪જી અને ૫-જીનું આગમન થયું અટલે સીડીએમએ ટેકનોલોજી બજારમાંથી આઉટ થવા માંડી. છેવટે કંપની સતત ખોટમાં ચાલવા માંડી. આખરે આજે એવી સ્થિતિ આવી કે, અનિલે ખુદ તેમની ડ્રીમ સમી કંપનીના ડાયરેકટર પદેથી રાજીનામુ આપવું પડ્યું. અનિલની સરખામણીમાં તેના ભાઈ મુકેશે દીર્ઘદ્રષ્ટિ વાપરીને ૫-જી અને ૪-જીના યુગમાં ૪૮૦૦ કરોડમાં ઈન્ફોટેલ હસ્તાંતર કરી અને ૨૦૧૬માં જીયો લોન્ચ કર્યું. સ્પર્ધાના યુગમાં અનિલ તેની જૂની ટેકનોલોજી સાથે બજારમાં ટકી ના શક્યા અને એરકોમની કેપ ૯૮ ટકા નીચે ગબડી ગઈ.

આ ઉપરાંત બેંકોમાંથી લીધેલી લોન પણ અનિલની નિષ્ફળતામાં એક મહત્વનું પરિબળ છે. અનિલ અંબાણીએ પણ અન્ય બિઝનેસમેનોની જેમ પોતાના વ્યવસાયનો વ્યાપ વધારવા માટે દેશ વિદેશની કંપનીમાંથી લોન લીધી હતી. અન્ય કંપનીઓની સહાય પણ લીધી હતી. એટલે સમય જતાં આ બધાને મસમોટી રકમ ચુકવવાની થતી હતી. પરંતુ તેની કંપનીએ સતત ખોટ કરી એટલે અનિલ બેંક લોન અને અન્ય દેણદારોને નાણા ચુકવી શક્યા નહીં. આખરે આરકોમને આઉટસોર્સિંગની સેવા આપી રહેલી સ્વિડિશ કંપનીએ અનિલ સામે કેસ કર્યો. આ આફતમાંથી તે માંડ માંડ બહાર આવ્યા ત્યાં હવે ચીનની ૩ બેંકોએ તેની સામે કાર્યવાહી શરૂ કરી છે.

અનિલના ભવ્ય જીવન શૈલી પણ તેની નિષ્ફળતાના પાસામાં એક પાસુ છે. પોતાના જીવનમાં યુવાનીમાં પગ મુકનાર અનિલ તે સમયથી જ બોલીવુડ તરફ આકર્ષિત હતો. આ જ આકર્ષણમાં તેણે ટીના મુનિમ સાથે લગ્ન કર્યા. અનિલની લાઈફ સ્ટાઈલથી ધીરુભાઈ પરેશાન હતા જ. પણ અનિલમાં કોઈ ફરક પડ્યો નહીં. મનોરંજન અને રાજકારણનો તેને ગજબનું આકર્ષણ હતુ. તેમાં પણ પૈસાનો વેડફાટ થયો. એક સમયે દુબઈમાં શ્રીદેવીનું મૃત્યુ થયું ત્યારે તેના પરિવાર માટે અનિલ અંબાણીએ પોતાનું પ્રાઈવેટ જેટ મોકલ્યું હતુ. વળી, ભાઈ મુકેશ સાથે થયેલી કાયદાકીય તકરારો પણ અનિલને મોંઘી પડી છે.

અનિલનું પતનનું પહેલું મુખ્ય કારણ તેની સમજણ વિનાની મહત્વાકાંક્ષાને ગણી શકાય તેમ છે. જે પિતાએ સમજદારી પૂર્વક પોતાનો બિઝનેસ વિકસાવ્યો હતો. તેને અનિલે રફેદફે કરી નાંખ્યો છે. ઈસ ૨૦૦૫માં અનિલે મલ્ટિપ્લેક્સની ચેઈન એડલેબ્સ ફિલ્મમાં ૫૧ ટકા શેર પુરા ૩૬૦ કરોડ આપવી ખરીપ હતા. ૨૦૦૮માં અનિલ ભારતનો સૌથી મોટો મલ્ટીપ્લેક્સ ઓનર બન્યો હતો. એ પછી હોલીવુડના ડિરેકટર સ્ટીવન સ્પીલબર્ગના ડ્રિમ વર્કસ સ્ટુડિયો સાથે ૧.૨ બિલિયન ડોલરની ડિલ કરી. આ ઉપરાંત એફએમ રેડિયો સ્ટેશન, ડીટીએચ બિઝનેસ, એનિમેશન સ્ટુડિયોમાં પણ તેણે મસમોટુ રોકાણ કર્યું હતુ. મનોરંજન ક્ષેત્રે અનિલે કરેલું આ રોકાણ પણ તેને સૌથી મોંઘુ પડ્યું છે. આ નવા ક્ષેત્રોમાં તેનો અનુભવ જ ન હતો એટલે નુકસાન સહન કરવું પડ્યું.



manoj1968@yahoo.ca






# SkyRoute TRAVEL SERVICES INC.



AIR CANADA
QATAR AIRWAYS القطرية
Lufthansa
Emirates
الاتحاد ETIHAD AIRWAYS

**AHMEDABAD → $1159**
**DELHI ← $999**

**VADODARA → $1199**
**MUMBAI ← $989**

24

*Niket Zala - Ext. 504*
*Ekta Jadav – Ext. 411*
*Aswin Patel – Ext. 509*
*Naved Khan – Ext. 507*
*Jasleen Walia – Ext.550*
*Yogesh Chavda – Ext. 508*

અમે ગુજરાતી બોલીએ છીએ

*Vasu Govind – Ext. 328*
*Mitesh Shrimali – Ext. 506*
*Shital Jaiswal – Ext. 406*
*Shashi Shukla – Ext. 511*
*Gaurang Makwana - Ext. 505*

CONSUMER PROTECTION BC
IATA
tico.ca
Travel Industry Council of Ontario
Reg: 4488805 / 4652780

contact@skyroutetravel.com
www.buymytrip.com
106 - 1200 Markham Rd, Toronto, ON , M1H 3C3

**416-439-4000**
Toll Free **1-877-go to sky**

*we will beat any advertized fares by 10% of the difference*

**OFFICE IN AHMEDABAD**
SKYROUTE TRAVEL SERVICES (PVT) LTD.
B/709, Titanium City Center, 100 Ft.
Prahaladnagar Road
Satellite, Ahmedabad-380 015

**SPECIAL FARES FROM**
Edmonton, Calgary, Ottawa,
Montreal, Regina, Winnipeg,
Vancouver, Fort Mcmurray

*Fares are subject to availability, from the lowest inventory, taxes included, Return fare from Toronto, may be withdrawn by the airlines without prior notice, Conditions apply.*

# કેનેડાના મહત્તમ વિસ્તારમાં થીજાવી દે તેવા શિયાળાની આગાહી

## બ્રિટિશ કોલંબિયામાં ઉષ્ણતામાનનો પારો સામાન્ય કરતા સહેજ ઊંચો રહેવાની સંભાવના : વેધર નેટવર્ક

ઓન્ટેરિયો : કેનેડા વેધર નેટવર્કે સોમવારે શિયાળાની આગામી મોસમ માટે આગાહી જાહેર કરી હતી. જેમાં જણાવાયું હતુ કે, સમગ્ર કેનેડામાં આ વર્ષે શિયાળાની મોસમમાં લાંબા સમય સખત ઠંડી રહેશે. જે ભારે સમસ્યા સર્જનારી રહેવાની શક્યતા છે. નવેમ્બર મહિનામાં જ ઓન્ટેરિયોના દક્ષિણ વિસ્તારમાં વહેલો બરફ પાડવાની ઐતિહાસિક ઘટના બની છે. જેને પરિણામે આ વિસ્તારમાં મોટાભાગના લોકોને પાવર કટનો સામનો કરવો પડ્યો હતો.



હવામાન વિભાગના ક્રિસ કોટે જણાવ્યું હતું કે, કેનેડામાં શિયાળાની સંપૂર્ણ મોસમ આ વખતે ભારે ઠંડી અને લાંબી હશે. દેશભરમાં શિયાળો મોટાભાગે થીજાવી દેનાર રહેશે. આ વર્ષે પહેલી વખત નવેમ્બરમાં ભારે બરફ પડ્યો હતો અને આવા બનાવો સમગ્ર દેશમાં શિયાળા દરમિયાન જોવા મળે તો નવાઈ નહિ.

જો આશ્વાસન લેવું હોય તો બ્રિટિશ કોલંબિયામાં સ્થિતિ સારી રહેશે અને ઉષ્ણતામાનનો પારો સામાન્ય કરતા સહેજ ઊંચો રહેશે એમ સ્કોટે જણાવ્યું હતું. જો કે, હજુ શિયાળાની સાચી શરૂઆત થવાને બે સપ્તાહનો સમય બાકી છે અને પેસિફિક કિનારાના પાણીનો રંગ હજુ પણ બ્લુ જણાય છે. બ્રિટિશ કોલંબિયામાં સ્કી વિસ્તારોમાં હવામાન તરફેણમાં રહેવાની શક્યતા છે. જો કે, ઉષ્ણતામાનમાં થોડો સામાન્ય વધારો થશે. પરંતુ આલ્બર્ટા માટે આ કોઈ ચિંતાની બાબત નથી. દક્ષિણના વિસ્તારોમાં સ્થિતિ સામાન્ય કરતા થોડી વધારે મુશ્કેલ રહેશે. ખાસ કરીને અનેક રાજ્યોમાં ઉષ્ણતામાનનો પારો થીજાવી દેનારો રહેશે. સાસ્કેચવાન અને મેનિટોબામાં હાડ થીજાવી નાખે તેવા ઠંડા પવનો ચાલુ રહેશે અને ખાસ કરીને પ્રાયરીઝના દક્ષિણી વિસ્તારમાં વિષમ હવામાનનો અનુભવ થશે. દક્ષિણ ઓન્ટેરિયોંથી દક્ષિણ ક્યૂબેકના લોકોએ વધુ સખત શિયાળાને પહોંચી વળવા તૈયારી કરવી પડશે અને આ વર્ષે ધાર્યા કરતા શિયાળો વધુ ઠંડો અને લાંબો હશે. ક્યૂબેક અને ઓન્ટેરિયોમાં સતત તોફાનો ચાલતા રહે તેવો અંદાજ છે.

# કેનેડીયનોને ફસાવતા દિલ્હીના કોલ સેન્ટર પર દરોડા : ૩૨ની ધરપકડ

- કોલસેન્ટરને પોલીસે તાબડતોબ સીલ કરી દીધુ : ૫૫ કમ્પ્યુટર, ૩૫ ફોન અને કામદારોને સૂચના આપતી કેટલીક સામગ્રી કબજે

દિલ્હી : નવી દિલ્હીની પોલીસના ડેપ્યુટી પોલિસ કમિશનર સમીર શર્માએ સોમવારે એક નિવેદનમાં જણાવ્યું હતું કે, આંતર રાષ્ટ્રીય કક્ષાએ ઠગાઈ કરતા સાયબર સેલ નામના કેનેડીયનોના સોશિયલ ઈન્સ્યોરન્સ નંબર મેળવી છેતરામણા ફોન કરી પૈસા પડાવતા કોલ સેન્ટર પર દરોડા પાડી ૩૨ લોકોની ધરપકડ કરાઈ છે. આ સાથે જ કોલ સેન્ટર બંધ કરાવી દેવામાં આવ્યું છે.

તેમણે કહ્યુ હતું કે, ઠગો કેનેડામાં રહેતા નિર્દોષ લોકોને નકલી સોશિયલ ઈન્સ્યોરન્સ નંબર મેળવી નાણાં પડાવતા હતા. પશ્ચિમ દિલ્હીના વિસ્તારમાં એક કોલ સેન્ટરના કમ્પ્યુટર સ્ક્રીન પર ખોટા કોલ ચાલી રહ્યા હતા. અહીં હાજર ત્રણ સુપર વાઈઝર્સ પૂછપરછનો જવાબ આપી શક્યા ન હતા. કોલ સેન્ટરના ચાર શકમંદ માલિકો હાજર નહતા. આ કોલ સેન્ટર દિલ્હીમાં રાત્રીના સમયમાં ચલાવવામાં આવતું હતું અને ત્યારે કેનેડાના મોટાભાગમાં વહેલી સવારથી બપોર સુધી કામ કરાતુ હતું. કેનેડાની પોલીસ સર્વિસના અધિકારીઓએ જણાવ્યું હતું કે, અમને આ પ્રવૃત્તિ પર શક ગયો હતો. પરંતુ કેનેડીયનોએ તેનો વિરોધ કર્યો નહોતો. દરમિયાન દિલ્હીની પોલીસે સ્થળ ઉપરથી ૫૫ કમ્પ્યુટર, ૩૫ ફોન અને કામદારોને સૂચના આપતી કેટલીક સામગ્રી કબજે કરી હતી. સાયબર સેલ નામનું આ કોલ સેન્ટર ટેક્નોલોજીના ઉપયોગથી લાંબા સમયથી કેનેડીયનોને છેતરવાનું કામ કરતુ હતું.






# ગોવર્ધનથાળ



## સ્વાદિષ્ટ શુદ્ધ શાકાહારી ગુજરાતી ભોજન



Limited થાળી (with sweet & Farsan) **$8.00 +Tax**

Limited થાળી (without sweet & Farsan) **$6.50 +Tax**

All you can eat Buffet (12.00 Noon to 9.00 p.m.)

**$12.99 (M-T) / $14.99 (F-S)**

**CATERING SPECIAL**

**$ 6.99 10 items**

Sweet, Farsan, Subji,
Kathor, Puri, Dal, Rice
Papad, Pickle, Kachumber

મેરેજ, કેટરીંગ
સ્પેશ્યલ $ 10 PP

**Largest Gujarati Vegetarian Buffet in Canada**

Call us for details

૯૪૦, મારખમ રોડ, સ્કારબોરો,
ઓન્ટેરીયો, કેનેડા, M1H2Y2

ફોન નં: ૪૧૬-૪૩૮-૦૫૪૪

૪૧૬-૪૩૧-૪૩૧૦ / ૪૧૬-૪૩૪-૮૧૨૧

Franchise Opportunity in GTA

રસોઈકામ કરી શકે તેવા બહેનોની જરૂર છે.

---

દેશ–વિદેશથી ટોરન્ટો ભણવા આવતા ગુજરાતી (વેજીટેરીયન) સ્ટુડન્ટ, ભાઈઓ તથા બહેનોની ખાસ સગવડ માટે તુષાર શાહ તથા ગોવર્ધન થાળ શરૂ કરે છે

# ગુજરાત ભવન

જેમાં આપને સ્પેશિયલ રૂમ, શેરીંગ રૂમ, ગુજરાતી વેજીટેરીયન ભોજન, પ્રાઈવેટ બેડ, Wi Fi ઈન્ટરનેટ વગેરે સગવડો આપવામાં આવશે.



**Promotional Price**

**$500**

Per Person / Per Month



Knights Inn & Suites
Every Knight, Just Right®

**Call : Tushar Shah - 416-434-8121**

**ગુજરાત ભવન - 416-913-7184**

**4694 Kingston Road, Scarborough.**

# બેંકોનું ૫૦,૦૦૦ કરોડનું ફુલેકું ફેરવનાર ૩૦નાં નામ જાહેર

## ડિફોલ્ટર્સની યાદીમાં મેહુલ ચોક્સીની ૩ કંપનીનો સમાવેશ

નવી દિલ્હી : સુપ્રીમ કોર્ટે આદેશ આપ્યાના ચાર વર્ષ બાદ ભારતીય રિઝર્વ બેન્કે પહેલીવાર ભારતની બેન્કોના ફુલેકાબાજોનાં નામ જાહેર કર્યાં છે. ધ વાયર દ્વારા મે ૨૦૧૯માં દાખલ કરાયેલી આરટીઆઈના જવાબમાં રિઝર્વ બેન્કે ભારતના ૩૦ મોટા વિલફુલ ડિફોલ્ટર્સના નામ જાહેર કર્યાં છે. છેલ્લા ૧૦ કરતા વધુ વર્ષથી રિઝર્વ બેન્ક આ ડિફોલ્ટર્સના નામ જાહેર કરવા ઈનકાર કરતી હતી. તેની દલીલ હતી કે, આ રીતે નામ જાહેર કરવાથી દેશના આર્થિક હિતો જોખમાશે અને બેન્કો સાથેના તેના સંબંધો તેને નામ જાહેર કરવાની પરવાનગી આપતા નથી.

રિઝર્વ બેન્કના જણાવ્યા અનુસાર ૩૦ મોટા વિલફુલ ડિફોલ્ટર્સની યાદીમાં વિદેશ ફરાર થઈ ગયેલા મેહુલ ચોકસીની ૩ કંપનીનો સમાવેશ થાય છે. બેન્કો દ્વારા રાઈટ ઓફ કરાયેલી લોન સહિત આ ૩૦ કંપનીઓને અપાયેલી કુલ લોનની રકમ રૂપિયા ૫૦,૦૦૦ કરોડ કરતાં વધુ છે.

રિઝર્વ બેન્ક દ્વારા જાહેર કરાયેલા વિલફુલ ડિફોલ્ટરની સામે છેલ્લા પાંચ કરતાં વધુ વર્ષથી સીબીઆઈ અથવા ઈડી દ્વારા કેસ દાખલ કરાયાં છે. અગાઉ પૂર્વ આરબીઆઈ ગવર્નર રઘુરામ રાજન દ્વારા પીએમઓને અપાયેલી ડિફોલ્ટર્સની યાદીમાં આમાંની કેટલીક કંપનીઓના નામ સામેલ હતા. આ કંપનીઓ સામે ચાલી રહેલી તપાસ ભાગ્યે જ અંત સુધી પહોંચી છે. તપાસ એજન્સીઓએ કેટલીક કંપનીઓ સામે આરોપનામા દાખલ કર્યાં છે તો કેટલીક કંપનીની સંપત્તિ જપ્ત કરી છે.

### RBIએ જાહેર કરેલા નામ અને રકમ

- » ૫૦૪૪ કરોડ ગીતાંજલિ જેમ્સ લિમિટેડ
- » ૪૧૯૭ કરોડ રેઇ એગ્રો લિમિટેડ?
- » ૩૩૮૬ કરોડ વિનસમ ડાયમંડ એન્ડ જ્વેલરી લિ.
- » ૩૨૨૫ કરોડ રૂચિ સોયા ઇન્ડસ્ટ્રી લિમિટેડ
- » ૨૮૪૪ કરોડ રોટોમેક ગ્લોબલ પ્રા. લિમિટેડ
- » ૨૪૮૮ કરોડ કિંગફિશર એરલાઇન્સ લિમિટેડ
- » ૨૩૨૬ કરોડ કુડોસ કેમી લિમિટેડ
- » ૨૦૨૪ કરોડ ઝૂમ ડેવલપર્સ પ્રા. લિમિટેડ
- » ૧૯૫૧ કરોડ ડેક્કન ક્રોનિકલ્સ હોલ્ડિંગ્સ લિમિટેડ
- » ૧૮૭૫ કરોડ એબીજી શિપયાર્ડ લિમિટેડ
- » ૧૭૧૮ કરોડ ફોરએવર પ્રેસિયસ જ્વેલરી એન્ડ ડાયમંડ પ્રા. લિમિટેડ
- » ૧૬૨૮ કરોડ સૂર્યા વિનાયક ઇન્ડસ્ટ્રીઝ લિમિટેડ
- » ૧૫૮૧ કરોડ એસ કુમાર્સ નેશનવાઇડ લિમિટેડ
- » ૧૪૪૭ કરોડ ગિલી ઇન્ડિયા લિમિટેડ
- » ૧૩૪૯ કરોડ સિદ્ધિવિનાયક લોડિસ્ટિક લિમિટેડ
- » ૧૩૧૪ કરોડ વીએમસી સિસ્ટમ્સ લિમિટેડ
- » ૧૨૩૫ કરોડ : ગુપ્તા કોલ ઇન્ડિયા પ્રા. લિમિટેડ
- » ૧૧૪૮ કરોડ નક્ષત્ર બ્રાન્ડ્સ લિમિટેડ
- » ૧૦૯૧ કરોડ ઇન્ડિયન ટેકનોમેક કંપની લિમિટેડ
- » ૧૦૮૫ કરોડ શ્રી ગણેશ જ્વેલરીહાઉસ લિમિટેડ
- » ૧૦૭૬ કરોડ જૈન ઇન્ફ્રા પ્રોજેક્ટ લિમિટેડ
- » ૧૦૬૫ કરોડ સૂર્યા ફાર્માસ્યુટિકલ લિમિટેડ
- » ૧૦૨૮ કરોડ નાકોડા લિમિટેડ
- » ૧૦૨૬ કરોડ કેએસ ઓઇલ્સ લિમિટેડ
- » ૯૮૪ કરોડ કોસ્ટલ પ્રોજેક્ટ્સ પ્રા. લિમિટેડ
- » ૯૪૯ કરોડ હેનુંગ ટોય્સ એન્ડ ટેક્સ્ટાઇલ્સ લિ.
- » ૯૨૯ કરોડ ફર્સ્ટ લીઝિંગ કં. ઓફ ઇન્ડિયા લિ.
- » ૮૮૮ કરોડ કોનકાસ્ટ સ્ટીલ એન્ડ પાવર લિ.
- » ૮૮૮ કરોડ એક્શાન ઇસ્પાત એન્ડ પાવર પ્રા. લિ.
- » ૮૬૯ કરોડ ડાયમંડ પાવર ઇન્ફ્રાસ્ટ્રક્ચર

### CRILC સિસ્ટમ

ભારતીય રિઝર્વ બેન્કના આંકડા CRILC તરીકે ઓળખાતી સિસ્ટમમાંથી લેવાયા છે. આ ડેટામાં રૂપિયા પાંચ કરોડ કરતાં વધુ રકમની લોન લેનારની માહિતી એકઠી કરાય છે. ઝઈંન્ઝ બેન્કો વચ્ચે માહિતીની આપલે માટે મહત્ત્વની ડેટા શેરિંગે મિકેનિઝમ પુરવાર થઇ રહી છે કારણ કે તેના દ્વારા બેન્કોને ડિફોલ્ટર અંગે માહિતી મળી રહે છે.

ટ્રાન્સયુનિયન સિબિલના જણાવ્યા અનુસાર ડિસેમ્બર ૨૦૧૮ સુધીમાં ૧૧,૦૦૦ કરતાં વધુ કંપનીઓએ ભારતીય બેન્કોને રૂપિયા ૧.૬૧ લાખ કરોડ કરતાં વધુ રકમનો ચૂનો લગાવ્યો હતો. આમ તો રિઝર્વ બેન્ક દ્વારા આ આંકડા ક્યારેય જાહેર કરાતા નહોતા, પરંતુ બેન્કો અને લેન્ડરો બાકી લોનની વસૂલાત માટે દાખલ કરાયેલા દાવાઓના સ્વરૂપે વિલફુલ ડિફોલ્ટર્સ અંગેની માહિતી જાહેર કરતાં રહ્યા છે.

# અમેરિકા ગયેલા ૧૪૫ ભારતીયો પરત : ૨૫-૨૫ લાખ ગુમાવ્યા

- કેટલાક દિવસ સુધી ભુખ્યા રહેવાની ફરજ પડી

નવીદિલ્હી : અમેરિકાથી ૧૪૫ ભારતીયોને પરત મોકલી દેવામાં આવ્યા છે. તેમની હાલત ખુબ દયનીય રહી હતી. ૨૫-૨૫ લાખ રૂપિયા ગુમાવ્યા છે. સાથે સાથે કેટલાક દિવસ સુધી ભુખ્યા રહેવાની ફરજ પડી હતી. આ ઉપરાંત તમામ ભારતીયોને ખુબ ખરાબ હાલતમાં અપમાનિત સ્થિતીમાં ભારત મોકલી દેવામા આવ્યા છે., તેમના હાથ પગ બાંધી દેવામાં આવ્યા છ. તમામ ભારતીય ભણેલા હતા. ઉચ્ચ શિક્ષિત હતા. અમેરિકામાં જવુ અને ત્યાં કામ કરવાના સપના સાથે પહોંચ્યા હતા. આના માટે તેઓએ ૨૫-૨૫ લાખ રૂપિયાની ચુકવણી પણ કરી હતી. કેટલાક યુવાનોએ કામ કરવાની શરૂઆત પણ કરી દીધી હતી. તેમને આ બાબતની માહિતી ન હતી કે તેમનુ સપનુ ખરાબ સપનામાં ફેરવાઇ જશે. ગેરકાયદે રીતે રહેતા અને ગેરકાયેદ રીતે અમેરિકામાં ઘુસી ગયા બાદ તેમને આ તમામ આરોપોમાં ઈમિગ્રેશનના અધિકારીઓએ પકડી લીધા હતા. ત્યારબાદ તેમને ગેરકાયદે પ્રવાસીઓ માટે બનેલવા અટકાયતી સેન્ટરમાં નાંખી દીધા હતા. આખરે તેમને અમેરિકાથી ભરાત પરત મોકલી દેવામાં આવ્યાહતા. બુધવારના દિવસે નવી દિલ્હીના આઈજીઆઈ વિમાનીમથકે તેઓ પહોંચ્યા હતા.

"Savings For YOU, Protection for Your Loved Ones"

: Offered services :

1. Life Insurance
2. Mortgage Insurance
3. Critical Illness Insurance
4. Visitors Medical Insurance
5. Tax Return Filing
6. Super Visa Travel Insurance



Shailesh Patel

We represent many insurance companies, we can shop around for best rates.

CALL TODAY
Cell : 416 837 9155
Email : shailesp@gmail.com

First Flight
FFCL Couriers Inc.

દુનીયાના કોઈપણ દેશમાં ડોક્યુમેન્ટ્સ અને પાર્સલ મોકલવા માટે પણ સેવા ઉપલબ્ધ

તમારા ડોક્યુમેન્ટ્સ અને પાર્સલ ઈન્ડિયા મોકલવા માટે સૌથી વ્યાજબી ભાવ અને સર્વશ્રેષ્ઠ સ્થળ

1 LB $12 વધુ દર LB ના $4
11 LB $42 વધુ દર LB ના $4
23 KG $140, વધુ દર KG ના $8
30 KG $185, વધુ દર KG ના $8

ખાવા-પીવાની વસ્તુ USA મોકલવા માટે FDA ની એપ્રુવલ અમે કરી આપીશું (Extra Charge)

જીટીએની સૌથી મોટી ઈન્ડિયન કુરિયર કંપની હવે તમારી સેવા માટે ચાર શાખાઓ

બ્રામ્પટન (વેસ્ટ)
૫૧૯, રે લોસન બુલેવાર્ડ યુનિટ-૩
બ્રેમ્પટન ON L6Y 0N2
ટે. 647-761-1317, 647-657-9631
ચાંદનીચોક પ્લાઝા સબ્ઝી મંડીની સામે
સોમ-શુક્ર ૩.૦૦ PM થી ૭.૦૦ PM
શનિ-રવિ : ૧૧.૦૦ AM થી ૬.૦૦ PM

India import Services Available
બ્રામ્પટન (વેસ્ટ) : 647-657-9631, 647-761-1317
સ્કારબોરો : 416-619-0352,
મીસીસાગા : 905-673-9631

સ્કારબોરો
૮૮૦ મારખમરોડ, યુનિટ ૮
મેઈન ઈન્ટરસેક્શન મારખમરોડ & પેઈન્ટેડ પોસ્ટ
સાંઈલીલા ખમણ-ઢોકલા હાઉસ કોમ્પલેક્ષ પાસે.
ટે. 647-657-9631 / 905 673 9631
સોમ-શુક્ર : ૨.૦૦ PM થી ૭.૦૦ PM
શનિ : ૧૧.૦૦ AM થી ૬.૦૦ PM
૬૪૭-૬૫૭-૯૬૩૧

મીસીસાગા
2960 ડ્રયુ રોડ, યુનિટ-૧૫૮,
મીસીસાગા ON L4T 0A5
ટે. 905-673-9631, 905-231-0527, 647-657-9631
ગ્રેટ પંજાબ પ્લાઝા, માલ્ટન, ગુરુદ્વારા પાસે
સોમ-શુક્ર ૯.૩૦ AM થી ૭.૦૦ PM
શનિ-રવિ : ૧૧.૦૦ AM થી ૬.૦૦ PM
www.firstflightcanada.com

સ્વદેશ CANADA
Registration # 869127209
Publication Mail Agreement /
Email : info@swadesh.news
WWW.SWADESH.NEWS

Return Undeliverable Canadian Address To :
Shree Balaji Inc.
MAILING ADDRESS
23 Lyric Road,
Brampton ON L6S 0B4.
416-996-7755
Registered Address
713, Markham Road, Scarborough M1H 2A8.

Editor & Publisher : Manoj Gandhi
Director : Nilesh Tailor
Advisor : Zakir Patel
Sub Editor : Chhaya Gandhi
Montreal Bureau : Vijay Patel (514-826-7442)

Designed By
Sabir Daroga
Mevada Piyush
Firoz Shaikh

GUJARAT OFFICE MAC AGENCIES : F-9, Jolly Square, Ram Chowk, Ghod-Dod Road, Surat – 395 001. GUJARAT ( INDIA)

Declaimer : Swadesh is a weekly newspaper published by Shree Balaji Inc. in Gujarati Language. The opinions expressed in Swadesh may not be those of the publisher. Contents of this publication are covered by copyright and offenders will be prosecuted under the law.

# અમેરિકામાં વધુ બે ગુજરાતી યુવકોની લૂંટના ઈરાદે હત્યા

**• સાઉથ કેરોલીના ડેન્માર્કના સ્ટોરમાં કડીના ભટાસણના, માણસાના ખરણા ગામના યુવાનો નોકરી કરતા હતા**

મહેસાણા : અમેરિકાના સાઉથ કેરોલીના સ્ટેટના ડેન્માર્ક શહેરમાં આવેલા હેરીટેજ હાઈવે પરના એક સ્ટોરમાં લૂંટના ઈરાદે ઘૂસી આવેલા શસસ્ત્ર અજાણ્યા શખસોએ આડેધડ ગોળીબાર કરીને કડી તાલુકાના ભટાસણ ગામના અને માણસા તાલુકાના ખરણા ગામના બે આશાસ્પદ યુવાનોની હત્યા કરી હતી. આ ઘટના અંગે સ્થાનિક પોલીસે આરોપીઓને પકડવા ચક્રો ગતિમાન કર્યા છે. જ્યારે હત્યાકાંડના સમાચાર જાણી બન્ને યુવાનોના પરિવાર ઉપર આભ ફાટયું હતુ અને ગામમાં શોકનું મોજું ફરી વળ્યું હતું.

કડી તાલુકાના ભટાસણ ગામના અરવિંદભાઈ પટેલનું તેમજ માણસા તાલુકાના ખરણા ગામના





મહેશભાઈ પટેલનું પરિવાર વર્ષોથી અમદાવાદમાં સ્થાયી થયું હતું. દરમિયાન સાતેક વર્ષ પહેલાં રોજગારી મેળવવા અરવિંદભાઈનો દીકરો કિરણ પટેલ અને મહેશભાઈનો દીકરો ચિરાગ પટેલ અમેરિકા ગયા હતા. અહીં તેઓ બન્ને યુવકો સાઉથ કેરોલીના સ્ટેટના ડેન્માર્ક શહેરમાં હાઈવે નં. ૭૮ ઉપર આવેલા પેટ્રોલપંપ નજીકના પોબોયસ સ્ટોર્સમાં નોકરી કરતા હતા.

દરમિયાન ગત ગુરૂવારના રોજ અમેરિકાના સમય પ્રમાણે અગિયાર વાગ્યાના સુમારે કિરણ અને ચિરાગ સ્ટોર્સ ઉપર ફરજ બજાવી રહ્યા હતા. તે વખતે એકાએક અજાણ્યા બુકાનીધારી શખસો લૂંટ કરવાના ઈરાદે સ્ટોરમાં ઘુસી આવ્યા હતા. તે વખતે ગુજરાતી યુવકો પૈકી એક યુવકે તેઓનો પ્રતિકાર કર્યો હતો.

જેથી ઉશ્કેરાઈ ગયેલા લૂંટારૂઓ પૈકી એક લૂંટારૂએ પોતાની પાસે રાખેલ બંદૂક કાઢીને બન્ને યુવકો પર આડેધડ ગોળીબાર કર્યો હતો. જેમાં ગંભીર રીતે ઘવાયેલા કિરણ પટેલ અને ચિરાગ પટેલના કરૂણ મોત થયા હતા. ત્યારબાદ આરોપીઓ ઘટનાસ્થળેથી ભાગી છુટયા હતા. ઘટના બાદ સ્થાનિક પોલીસે પહોંચી હત્યારાઓને પકડવા શોધખોળ આરંભી હતી.

### સમગ્ર ઘટના સ્ટોરના સીસીટીવી કેમેરામાં કેદ

સાઉથ કેરોલીના સ્ટેટના ડેન્માર્ક શહેરમાં આવેલા સ્ટોરમાં લૂંટ કરવાના ઈરાદે ઘુસેલા લૂંટારૂઓએ આડેધડ ગોળીબાર કરીને બે ગુજરાતી યુવકોની હત્યા કરી ફરાર થઈ ગયા હતા. સર્જાયેલી લૂંટ અને મર્ડરની ચકચારી ઘટના પોબોયલ સ્ટોર્સમાં લગાડવામાં આવેલા સીસીટીવી કેમેરામાં કેદ થઈ ગઈ છે. જેના આધારે અમેરિકન પોલીસે તપાસ આરંભી છે.

## ઠાસરાના ધારાસભ્ય પર હુમલાની ઘટનામાં વધુ બે આરોપી પકડાયા

નડિયાદ : નડિયાદમાં ત્રણ મહિના પહેલા તા.૩૦-૮-૧૯ ને બપોરના મધ્યાહને ઠાસરાના ધારાસભ્ય કાંતિભાઈ પરમાર અને બીજા બે વ્યક્તિઓ અને ડ્રાઈવર નડિયાદ કોર્ટમાં મુદત માટે આવ્યા હતા.કોર્ટની પ્રક્રિયા પૂર્ણ કરી ચારેય વ્યક્તિઓ જઈ રહ્યા હતા.તે સમયે કોર્ટની બહાર આઠ થી દસ લોકોએ લાકડી અને તલવારથી ચારેય વ્યક્તિઓ પર લોહીયાળ હુમલો કર્યો હતો. આ બનાવ બાદ પોલીસે તા.૩૧-૮-૧૯ના રોજ અજયભાઈ અમરાભાઈ ભરવાડ અને નાગજીભાઈ જોધાભાઈ ભરવાડની અટકાયત કરી હતી.જ્યારે તા.૧-૯-૧૯ના રોજ અન્ય ત્રણની અટકાયત કરી હતી. દરમિયાન આ કેસમાં પોલીસે તા.૧૭-૧૧-૧૯ના રોજ વધુ બે આરોપી નાગજીભાઈ જોધાભાઈ ભરવાડ અને ભરતભાઈ નાગજીભાઈ ભરવાડની અટકાયત કરી છે.

## અમદાવાદ મેટ્રોને ગાંધીનગર સુધી લંબાવવાનું કામ જૂન ૨૦૨૦થી શરૂ

અમદાવાદ : મુખ્ય પ્રધાન વિજય રૂપાણીએ તાજેતરમાં મેટ્રો રેલ પ્રોજેકટના કામોની હાથ ધરેલી સર્વગ્રાહી પ્રગતિ સમીક્ષા બેઠક દરમ્યાન મેટ્રો ટ્રેનને ગાંધીનગર સુધી લંબાવવાના કામોની દરખાસ્ત અને કેન્દ્ર સરકારે આપેલી મંજૂરી સંદર્ભમાં ચર્ચા-વિચારણા હાથ ધરવામાં આવી હતી.

ગુજરાત મેટ્રો રેલ કોર્પોરેશનના એમડી એસ. એસ. રાઠૌરે આ પ્રોજેકટ અંગેની વિગતો બેઠકમાં મુખ્ય પ્રધાનને આપી હતી. જેમાં મોટેરા અમદાવાદથી મહાત્મા મંદિર ગાંધીનગર સુધીના કુલ ૨૮.૨૬ કિ.મીટર લંબાઈ ધરાવતા આ પ્રોજેકટના પ્રથમ તબક્કાના ટેન્ડર ટૂંક સમયમાં ઈન્વાઈટ કરવામાં આવશે.

વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ ગત ચોથી માર્ચ-૨૦૧૯ના આ પ્રોજેકટનો શિલાન્યાસ કર્યા બાદ જરૂરી જીઓ ટેક્નિકલ કામગીરી હાથ ધરવામાં આવી હતી અને ટેન્ડર તૈયાર કરવાની કામગીરી પણ કરવામાં આવી હતી. નજીકના ભવિષ્યમાં આ પ્રોજેકટના પ્રથમ તબક્કાના ટેન્ડર ઈન્વાઈટ કરાશે તેમ બેઠકની ચર્ચા દરમ્યાન જણાવાયું હતું.

આ બેઠકમાં પ્રેઝન્ટેશન કરતાં મેટ્રો રેલના મેનેજિંગ ડિરેકટરએ જણાવ્યું હતું કે અમદાવાદ મેટ્રો રેલને મહાત્મા મંદિર ગાંધીનગર સુધી લંબાવવાના હેતુથી ગુજરાત સરકારે રજૂ કરેલી રૂ. ૫૩૮૪.૧૭ કરોડની દરખાસ્તને ગત ફેબ્રુઆરી ૨૦૧૯માં ભારત સરકારે મંજૂરી આપી દીધી છે.

## મલેશિયા-યુએસનો વોન્ટેડ ઉદ્યોગપતિ અમદાવાદ રહ્યો અને પોલીસ તંત્ર ઉઘતું રહ્યું

અમદાવાદ : વન મલેશિયા ડેવલપમેન્ટ બેરહાડ (૧એમડીબી)ના આશરે ૪.૫ બિલિયન ડોલર્સના માસ્ટર માઈન્ડ ગણાતા અને મલેશિયા તથા અમેરિકામાં મોસ્ટ વોન્ટેડ આરોપી જાહેર થયેલો ઝો ટેક લો પાંચમી નવેમ્બરે પોતાના ગલ્ફ સ્ટ્રીમ જી૨૦૦ પ્રાઈવેટ જેટમાં અમદાવાદના ઈન્ટરનેશનલ એરપોર્ટ પર લેન્ડ થયો હોવાના સમાચાર સાંપડયા છે. પરંતુ આ અંગે એરપોર્ટ પરના ઈમિગ્રેશન વિભાગના સત્તાવાળાઓને ગંધ સુદ્ધાં આવી નથી અને વિદેશી નાગરિકો અંગે મોનિટરિંગની જવાબદારી ધરાવતા સ્થાનિક પોલીસ તંત્રએ ઈમિગ્રેશન વિભાગે તેમને આવી કોઈ જ જાણકારી કરી ન હોવાનું જણાવતાં ઈન્ટરનેશનલ માસ્ટરમાઈન્ડની અમદાવાદ મુલાકાત અંગે રહસ્ય ઘેરું બન્યું છે. એશિયા ટાઈમ્સના એક અત્યંત વિસ્તૃત અહેવાલ મુજબ, ઝો લો ભારતમાં ત્રણ દિવસ રોકાણ કરીને ફરી ગુમ થઈ ગયો હતો.







# જયંતી ભાનુશાળી હત્યા કેસમાં સામેલ ખેલાડીઓએ સ્વાર્થ ખાતર ગુનો આચર્યો

ભુજ :જયંતી ભાનુશાળી હત્યા કેસનું ખરું રહસ્ય શું છે ? એ તો તેમાં સામેલ લોકો અને તપાસ કરતી પોલીસ ટીમ જાણે, પરંતુ એક વાત ચોક્કસ છે કે, તેની હત્યા માટે તેના દુશ્મનોનો જે ત્રિકોણ રચાયો તેમાં સહુના સ્વાર્થ હતા. ત્રિકોણના પ્રથમ ખૂણા એવી મનીષાની નાણાકીય લાલસા ઉપરાંત જે અસલ સીડી તેની પાસે હતી તે પરત આપવી પડી તે વેરભાવ. બીજા ખૂણા એવા છબીલ પટેલની રાજકીય લડાઈ અને અસ્તિત્વ માટેનો જંગ તથા ત્રીજા ખૂણા એવા જયંતી ઠક્કરના આર્થિક અને રાજકીય સંબંધોમાં આવેલી ઓટ છે. આમ જુઓ તો ત્રણેએ એકઠા થઈ કાવતરું ઘડી પોત પોતાના પાસા પોબાર પાડયા અને સમય આવ્યે એક બીજા પર દોષનો ટોપલો ઢોળી દેવાની પણ વેતરણ હતી, જેમા કોઈએ શાર્પશુટરની ગોઠવણ કરી, કોઈએ નાણાકીય જવાબદારી ઉપાડી, કોઈએ સમગ્ર પ્લાન ઘડયો અને હત્યાને અંજામ આપી તેમના હેતું સિદ્ધ કર્યા. મનીષા અને જયંતી ભાનુશાળી વચ્ચે શું વિખવાદ થયો ? તે વિશે અનેક ચર્ચાઓ અને અનુમાનો વહેતા થયા છે, જેમાં ખાસ કરીને તબેલા માટે નાણાં આપવા બાબતનો ભાનુશાળીના ઈનકારને લઈ મનીષા ગિન્નાઈ હતી તેવી વાતો વહેતી થઈ હતી. જો એક સીધો તર્ક કરીએ તો મનીષા જે હતી અને જે બની તેની પાછળ કોનો હાથ છે તે સહુ જાણે છે. વળી, તે આટલી રકમ માટે સુનીલ અને અજયની સીડી બતાવી બ્લેકમેલ કરે તેવું માની શકાય નહીં.

સૂત્રોનું માનીએ તો મનીષાએ એક એવી સીડી ઉતારી હતી જે ભાનુશાળીની રાજકીય કારકિર્દી પર પૂર્ણવિરામ મૂકી દે તેવી હતી.

# મોરબી પીપળીયાના આધેડ દ્વારા ૨૮મીએ સમાધિ લેવાની જાહેરાત

મોરબીઃ પ્રવર્તમાન આધુનિક ટેકનોલોજીના યુગમાં પણ છાનેખુણે અમુક લોકો અંધશ્રાદ્ધાના ઘેરા અંધકારમાં ઘેરાયેલા હોવાનો બનાવ પ્રકાશમાં આવ્યો છે. જેમાં મોરબીના પીપળીયા ગામના આધેડે આગામી તા.૨૮ નવેમ્બરે જીવતા સમાધી લેવાની જાહેરાત કરી છે. દુધઈ ખાતે ૪૫૦ વર્ષથી બિરાજમાન નવઘણ દાદાએ તેમના સ્વપ્રમાં આવીને ભક્તિના માર્ગે ચાલી મોક્ષ પ્રાપ્ત કરવાની પ્રેરણા આપી હોવાનું જણાવીને સમાધી લેવાનો આધેડે નિર્ણય જાહેર કર્યો છે. નરી અંધશ્રાદ્ધા લાગતી આ ગંભીર બાબતને લઈને તંત્ર હરકતમાં આવ્યુ છે.

મોરબીના પીપળીયા ગામે રહેતા મુછડીયા કાંતિલાલ અરજણભાઈ(ઉ.વ.૪૮) નામના આધેડે આગામી તા.૨૮મી નવેમ્બરે જીવતા સમાધી લેવાની જાહેરાત કરી છે. તેમણે આ જાહેરાત કરતા જણાવ્યુ હતુ કે, કોઈના દબાણ હેઠળ કે આર્થિક સહિતના કારણોસર આ સમાધી લેવાનું જાહેર કર્યુ નથી. પણ આમરણ જામદુધઈ ખાતે આશરે ૪૫૦ વર્ષથી બિરાજમાન નવઘણ દાદા તેમના સ્વપ્રમાં આવીને બધા દુઃખ દર્દ મટાડવા ભક્તિના માર્ગે ચાલીને મોક્ષ પ્રાપ્ત કરવા કહ્યુ હતુ.

# વડોદરા જિલ્લા ભાજપમાં ભારે ખેંચતાણ, સંગઠનનું કામ ઘોંચમાં

વડોદરા : વડોદરા જિલ્લા ભાજપ સંગઠનની રચનામાં હોદ્દાઓ માટે ભારે ખેંચતાણ થતાં કાર્યકરોમાં નારજગી જોવા મળી છે.આ પૈકી વડોદરા તાલુકાના સંગઠનના નામો પેન્ડિંગ કરી દેવાયા છે. વડોદરા જિલ્લા ભાજપના તમામ તાલુકાઓ (મંડલ) ના સંગઠનની રચના દરમિયાન વિખવાદ સર્જાયો છે.

આખરે, પક્ષના મોવડીઓની સૂચના મુજબ સાત તાલુકાના સંગઠનના હોદ્દેદારોની જાહેરાત કરી દેવામાં આવી છે. જ્યારે, વડોદરા તાલુકાના સંગઠનની રચનામાં પ્રદેશ અને જિલ્લાના હોદ્દેદારો વચ્ચે સહમતિ નહીં સર્જાતાં આખરે,તાલુકાની રચનાનું કામ મોકુફ રાખવામાં આવ્યું છે. સંગઠનના હોદ્દેદારો અને કાર્યકરોને કહેવાઇ રહ્યું છે કે,વડોદરા તાલુકાના હોદ્દેદારોના મુદ્દે પ્રદેશ કક્ષાએથી નિર્ણય લેવાશે. પ્રદેશના એક મોવડીએ ચંચુપાત કરતાં નામો જાહેર ન થયા ભાજપના વર્તુળોમાંથી પ્રાપ્ત વિગતો મુજબ,વડોદરા તાલુકાના હોદ્દેદારોના નામો નક્કી થઇ ગયા હતા.પરંતુ,પ્રદેશના એક હોદ્દેદારે તેના નિકટના મનાતા કાર્યકરને જિલ્લાના સંગઠનમાં લઇ જવા માટે સૂચના આપતાં તાલુકાના પ્રમુખ તરીકે લગભગ નક્કી થઇ ગયેલું નામ મુલત્વી રખાયું હતું.

# જામનગરમાં પ્રોફેસરની કાર ઉપર થયેલા ફાયરિંગમાં ભાજપી કોર્પોરેટરની ધરપકડ

- સીસીટીવીના આધારે અન્ય ૬ શખ્સોની ઓળખ થઈ
- પોલીસે કોર્પોરેટરને રિમાન્ડ પર લેવા તજવીજ હાથ ધરી

જામનગરઃ જામનગરમાં જમીન-મકાનના દલાલ પ્રોફેસરની કાર પર તેમજ ઘર નજીક હવામાં ૪ રાઉન્ડ ગોળીબાર કરવાની પોલીસની આબરૂનો સવાલ ખડી કરતી સનસનાટી ભરી ઘટનામાં આજે એલસીબીએ ભાજપાના કોર્પોરેટરને ઝડપી લઈ તેની આગવી ઢબે પુછપરછ હાથ ધરી છે.

ગઈકાલે સત્યમ કોલોની રોડ પર આવેલી ઓશવાળ-૩ સોસાયટીમાં રહેતાં ડો.પરસોતમ રાજાણીએ પોતાની કાર પર તેમજ ઘર નજીક હવામાં ૪ રાઉન્ડ ગોળીબાર થયાની તા.૧૩ની મધરાતની ઘટના અંગે પ્રોફેસર રાજાણીએ લાલપુર બાયપાસ નજીકના ક્રિષ્નાપાર્કમાં ૨૬ પ્લોટના થયેલા સોદા રદ કરાવવા અંગે ધાકધમકી આપ્યા બાદ સોદો કેન્સલ ન થાય તો ભુમાફીયાએ અતુલ ભંડેરી મારફત રૂા.૧ કરોડની ખંડણી માંગ્યા બાદ પણ પ્રોફેસરે અને અન્ય લોકોએ મચક નહીં આપ્યા પછી ભુમાફીયા જયેશ પટેલ અને ભાજપાના કોર્પોરેટર અતુલ ભંડેરી પુર્વ આયોજીત કાવતરૂ રચી ત્રણ મોટર સાયકલમાં ૬ અજાણ્યા શખસો મારફત પ્રોફેસરના ઘરે રાખેલી કારમાં એક રાઉન્ડ અને ત્રણ રાઉન્ડ હવામાં ફાયરીંગ કરવા અંગે સીટી સી ડિવિઝનમાં ફરિયાદ નોંધાવી હતી. જેના પગલે એસ.પી. શરદ સીંઘલે આ ઘટનાની ગંભીરતાને ધ્યાને લઈને તપાસ એલસીબીને સોંપી હતી. જે બાદ એલસીબી પીઆઈ કે.કે. ગોહિલએ એલસીબી અને એસઓજીની જુદી જુદી ૪ ટીમો બનાવની આરોપીઓની શોધખોળ આરંભી છે. જેમાં નગરસેવક અતુલ ભંડેરીની આજે ધરપકડ કરીને રીમાન્ડ માટેની તજવીજ હાથ ધરી છે.

# રાજકોટના ગોંડલમાં બે મહિલાએ યુવકને હનીટ્રેપમાં ફસાવી 3 લાખ ખંખેરી લીધા

- યુવકને કેસમાં ફીટ કરાવી દેવાની ધમકી આપી ૧૦ લાખની માંગણી કરી હતી

રાજકોટ : ગોંડલમાં વોરાકોટડા રોડ પર રહેતા બાંધકામ કોન્ટ્રાકટર સંજય જેઠાભાઈ વસોયા(ઉ.વ.૪૧)ને હનિટ્રેપમાં ફસાવી ૨.૮૩ લાખ રૂપિયા ખંખેરી લેવાયા હતાં. આ કારસ્તાનમાં સંડોવાયેલી બે મહિલા ઉષાબેન જગદીશ ડોબરીયા, નિપાબેન કિશોર ઝાલા અને પોલીસ તરીકે ઓળખ આપી તોડ કરનાર પ્રદ્યુમન ઉર્ફે પ્રવિણ રાવત ડાંગરની ધરપકડ કરી હતી.

ફરિયાદી સંજયે પોલીસને જણાવ્યું કે, ઉષાબેન તેનાં મિત્ર વિજય જીંજરીયાનાં પત્ની આશાબેનનાં બહેન થતા હોવાથી તેને અવારનવાર ગોંડલ મળવા આવતા હતાં.જેને કારણે તેનાંથી પરિચિત હતો. છએક માસ પહેલાતેણે ઉષાબેનનાં કહેવાથી પોતાની ઈકો ગાડીમાં તેનો સામાન ફેરવી આપ્યો હતો. તે વખતે ઉષાબેને તેની નિપા સાથે મુલાકાત કરાવી હતી. વાતચીત દરમિયાન નિપાએ તેને પોતાનાં મોબાઈલ નંબર આપ્યા હતાં બાદમાં નિપાએ પોતાની સાથે આવાનું કહેતાં તેનાં એક્ટિવા પાછળ ઈકોકાર લઈ પેડક રોડ પરનાં એક મકાનમાં પહોંચ્યો હતો. બરાબર તે વખતે એક અજાણ્યો શખ્સ કમર પર રિવોલ્વર જેવું ટીંગાળી મકાનમાં ધસી આવ્યો હતો. અને તમે અહીં ખોટા કામ કરો છો કહી નિપાને એક તમાચો ઝીંકી દીધા બાદ ત્યાંથી રવાના કરી દીધી હતી.અને તેને તું મારી સાથે પોલીસ મથક ચાલ તેમ ધમકીભર્યા અવાજમાં વાત કરી પોતાની સ્વીફટ ડિઝાયર કારમાં મોરબી રોડ લઈ ગયો હતો.

જયાં પોતાની બી.ડિવિઝનનાં ચંદ્રસિંહ જાડેજા તરીકે ઓળખ આપી ૧૦ લાખની માંગણી કરી ત્યાંથી બી.ડિવિઝન પોલીસ મથકનજીક લઈ આવ્યો હતું. જયાં ફરીથી દસ લાખની માંગણી કરી જો રકમ નહી મળે તો કેસમાં ફીટ કરી દેવાની ધમકી આપી હતી.

# બુલેટ ટ્રેનના પ્રોજેકટમાં વિલંબ: ૨૦૨૩માં પૂર્ણ કરવાનો લક્ષ્યાંક

ભરુચઃ અમદાવાદ -મુંબઈ બુલેટ ટ્રેન પ્રોજેક્ટ આગામી ૨૦૨૩ માં પૂરો કરવાનો છે. પરંતુ આ સમય મર્યાદામાં પ્રોજેક્ટ પૂર્ણ કરવામાં સી-૭નુ વિઘ્ન નડી રહ્યું છે. વડોદરા રેલવે સ્ટેશન પ્લેટફોમ નંબર-છથી સાતને જોડતો સિંગલ ગડર બ્રિજ બનાવવાના પ્રોજેક્ટને સી-૭ નામ અપાયું છે. વિશ્રવના એક માત્ર ૨૨૦ મીટર સિંગલ ગર્ડર બ્રિજનું કામ પૂરું કરવા પાંચ વર્ષના સમયનો અંદાજ છે. ત્રણ ભાગમાં વહેંચાયેલા આ બ્રિજમાં ૧૬૦૦૦ મેટ્રિક ટન લોખંડ વપરાશે. સપોટ બ્રિજ મળી કુલ લંબાઈ ૪૪૦ મીટર થાય છે. ત્યારે નેશનલ હાઈસ્પીડ રેલ પ્રોજેક્ટ દ્વારા આ કામ માટે ટેન્ડર કરવાની પ્રક્રિયા અટકાવી જાપાનીઝ કંધસલ્ટન્ટ પાસે સમય માટે કવાયત હાથ ધરવામાં આવી છે.

વડોદરા રેલવે યાર્ડમાં બુલેટ ટ્રેન દિશા બદલી પૂર્વમાંથી પશ્ર્ચિમમાં જશે. જે માટે રેલવે યાર્ડની ઉપર લોખંડનો બ્રિજ બનાવી ટ્રેનની દિશા બદલવામાં આવશે. એન્જિનિયરિંગ માટે પડકારરૂપ આ બ્રિજનું કામ પૂર્ણ કરવામાં વધારે સમય જાય તેવું છે. છેલ્લા ચાર વર્ષથી કામ કરી રહેલા અધિકારીઓ દ્વારા ડિઝાઈન અને સમગ્ર બારીકાઈની તપાસ કર્યા બાદ ટેન્ડરિંગ કરતી વખતે કોન્ટ્રાક્ટર દ્વારા અંદાજે પાંચ વર્ષનો સમય લાગવાનું જણાવતા કોકડું ગૂંચવાવું છે. ટેન્ડરિંગ બાદ પાંચ વર્ષ ગણીએ તો ૨૦૨૫માં માત્ર બ્રિજ તૈયાર થાય તેમ છે.

# સુરતની સ્વરૂપવાન મહિલાનો નેશનલ લેવલે દબદબો, નામે કર્યો આ અનોખો રેકોર્ડ

સુરત : ગઈકાલે દિલ્લી ખાતે મિસિસ ઈન્ડિયા યુનિવર્સનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં સુરતનાં સ્વાતિ જાનીએ મિસિસ ઈન્ડિયા યુનિવર્સનો આ ખિતાબ જીત્યો છે. આ સાથે સ્વાતિ જાનીએ પરિવાર અને સુરતનું નામ રોશન કર્યું છે. તેથી તેમના પરિવાર અને આખા સુરતમાં હર્ષની લાગણી છવાઈ ગઈ છે. મીડિયા રિપોર્ટ મુજબ આ પહેલા સુરતના સ્વાતિ જાનીને બેંગ્લોરમાં ઈન્ડિયા લીડરશિપ -૨૦૧૯ એવોર્ડ સમારોહમાં 'મોસ્ટ એન્ટરપ્રાઈઝિંગ વુમન ફોર ફેશન વિયર એન્ડ એસેસરીઝ ઈન સુરત' માટે એવોર્ડ આપવામાં આવ્યો હતો. ઉપરાંત આ પહેલાં સ્વાતિએ મિસિસ યુનાઈટેડ ઈન્ડિયા-૨૦૧૯નો ખિતાબ પણ જીત્યો હતો. આ સિવાય મિસિસ ફોટોજેનિક ઓફ ગેલેક્સી ક્વીન ઓફ ઈન્ડિયાનો ખિતાબ પણ પોતાના નામે કર્યો હતો.

# પરિણીતાને જાહેરમાં તલાક આપી દેનાર પતિ સહિત પાંચની ધરપકડ

સુરત : સુરત રહેતા મેમણ પરિવારની મરીયમ (નામ બદલ્યું છે) ના લગ્ન ડિસેમ્બર ૨૦૧૨ માં નવસારી રહેતા અને કપડા ડ્રાય ક્લીનર્સની દુકાન ધરાવતા ઝુબેર નૂરમોહમ્મદ મેમણ સાથે થયા હતા. લગ્ન જીવન દરમિયાન મરીયમ એક પુત્રી અને એક પુત્રની માતા બની હતી. બે વર્ષ બાદ અલગ રહેવા ગયેલી મરીયમને પતિ ત્રાસ આપી દહેજની માંગ કરતો હતો. મરીયમની જેઠાણી હમીદા ઉમર મેમણ પણ તલાક આપવા ઝુબેરને ઉશ્કેરતી હતી. વર્ષ પહેલા ઝુબેરે ઢોર માર મારતા મરીયમ પિયર આવી પણ ૧૦ દિવસ બાદ સમાધાન થતા ફરી સાસરે ગઇ હતી. જોકે, સાસરે પહોંચતાં જ પતિ ઝુબેર, જેઠાણી હમીદા, ત્રણ જેઠ ઈબ્રાહીમ, ઈસ્માઈલ અને ઈસહાક તેને ત્રાસ આપવા માંડયા હતા દરમિયાન જેઠ ઈબ્રાહીમ દારુના નશામાં ઘરે આવ્યો અને છેડતી કરતા મરીયમે બુમાબુમ કરતા તે ભાગી ગયો હતો. ઘટનાની જાણ કરવા મરીયમે ઝુબેરને કોલ કર્યો પણ રીસીવ કર્યો નહી અને રાતે પણ તેઘરે આવ્યો નહોતો. જેથી બીજા દિવસે સવારે તે ઝુબેરની દુકાને ગઇ અને જેઠની ફરિયાદ કરી હતી. જેથી ઉશ્કેરાયેલા ઝુબેરે ત્યાં જાહેરમાં ત્રણ વખત તલાક બોલી તેને તલાક આપી દીધા હતા પોલીસે પતિ ઝુબેર, ત્રણ જેઠ અને જેઠાણીની ધરપકડ કરી છે.

# ઝાલોદ-સૌથી સળગતો પ્રશ્ન ગ્રીન કોરિડોર મામલે હાઈકોર્ટ નવ ડિસેમ્બરે સુનાવણી થઈ

ઝાલોદ : ઝાલોદ તાલુકાનો સૌથી ચર્ચા તો પ્રશ્ન અને સૌથી સળગતો પ્રશ્ન એટલે ગ્રીન કોરીડોર હાઈવેનો પ્રશ્ન. આ અંગે ૧૧ જેટલા અસરગ્રસ્તો દ્વારા હાઈકોર્ટમાં જનહિત યાચિકા દાખલ કરવામાં આવી હતી. જેની મુદત ૯મી ડિસેમ્બર આપવામાં આવતા ગ્રીન કોરીડોરથી અસરગ્રસ્ત થતા લોકો ઉપરાંત તાલુકા લોકોની મીટ મંડાયેલી છે. સરકાર દ્વારા ભારત માતા પ્રોજેક્ટ અંતર્ગત મુંબઈ દિલ્હી ગ્રીન કોરીડોર હાઈવે બનાવવામાં આવનાર છે. સરકારના મહત્વકાક્ષી ગણાતા આ પ્રોજેક્ટ બાદ દેશના બે મુખ્ય શહેરોને એકબીજા સાથે રાજધાની એક્સપ્રેસની તર્જ પર રસ્તા સાથે સાંકળી જોડવામાં આવનાર છે. જે બાદ માત્ર ૧૬ કલાકમાં જ દિલ્હી અને મુંબઈ વચ્ચેનું અંતર કાપી શકાશે.

# વડોદરામાં આપઘાતની ઘટનામાં ચિંતાજનક વધારો : દરરોજ સરેરાશ બેની આત્મહત્યા

**• ધો.૧૨ સાયન્સ પાસ કરીને દ્વઈઈ્ની તૈયારી કરતા સ્ક્રેપના વેપારીના પુત્રએ ફાંસો ખાઇ લીધો**

વડોદરા : શહેરમાં આપઘાતના બનાવોમાં ચિંતાજનક વધારો થઇ રહ્યો છે. આર્થિક તંગી, બેકારી, લગ્ન બાહ્ય સંબંધ, પારિવારિક ઝઘડો જેવા કારણોથી વડોદરામાં રોજ સરેરાશ બે લોકો આપઘાત કરી રહ્યા છે. વડોદરામાં વિતેલા ૪૮ કલાક દરમિયાન આપઘાતના ૪ બનાવો નોંધાયા છે જેમાં છાણીના ૧૯ વર્ષના વિદ્યાર્થીએ અગમ્યા કારણથી ફાંસો ખાઇ લીધો હતો તો આર્થિક તંગીથી કંટાળીને ગોત્રીના ટયુશન ક્લાસ સંચાલકે અને વાઘોડિયા રોડના યુવકે ફાંસો ખાઇ આપઘાત કરી લીધો હતો. તો મકરપુરામાં રહેતા સરકારી શાળાના શિક્ષકની પત્નીએ અગમ્ય કારણથી ફાંસો ખાઇ જીવાદોરી ટૂંકાવી લીધી હતી. છાણીમાં સપ્તપદી પાર્ટી પ્લોટ પાસે આવેલ સોહમ બંગ્લોઝમાં રહેતા મુકેશભાઇ ગોસ્વામી રણોલી જીઆઇડીસીમાં સ્ક્રેપનો બિઝનેસ કરે છે. તેના ૧૯ વર્ષના પુત્ર અર્પિતે ગત વર્ષે જ ધો.૧૨ સાયન્સની પરીક્ષા પાસ કરી હતી અને હાલમાં તે નીટની તૈયારી કરી રહ્યો હતો. ગુરૂવારે રાત્રે ૧૧ વાગ્યે તે પોતાના રૂમમાં સુવા ગયો હતો જે બાદ આજે સવારે ૧૦ વાગ્યાના અરસામાં મુકેશભાઇ પુત્રને ઉઠાડવા માટે ગયા હતા અને દરવાજો ખખડાવ્યો હતો પરંતુ કોઇ જવાબ નહી મળતા અર્પિત ઉંઘતો હશે તેમ માનીને મુકેશભાઇ કામ માટે નંદેસરી જતા રહ્યા હતા. બીજી તરફ ૧૨ વાગ્યા છતા અર્પિત રૂમની બહાર નહી આવતા તપસા થાય અર્પિતે ફાંસો ખાઇ લીધો હતો. અર્પિતની માતાએ બુમાબુમ કરતા પડોશીઓ દોડી આવ્યા હતા.

# ઈંગ્લેન્ડમાં જન્મેલી માસૂમ માયશાને આખરે ભારતીય નાગરિકત્વ મળ્યું

વડોદરા : ઈંગ્લેન્ડમાં જન્મ થયો હોવા છતાં ઈંગ્લેન્ડ અથવા ભારતનું નાગરિકત્વ નહી મેળવી શકનાર વડોદરાના તાંદલજા વિસ્તારમાં રહેતી માત્ર સાત વર્ષની માયશાને આજે આખરે ભારતીય નાગરિકત્વ મળ્યું છે અને તેના આધારે હવે તે પાસપોર્ટ પણ મેળવી શકશે. વડોદરાના તાંદલજા વિસ્તારમાં આવેલા શુભમ પાર્ટી પ્લોટ પાસે પામ રેસિડેન્સીમાં રહેતા નઈમ મહંમદહનીફ મન્સુરી વર્ષ-૨૦૦૭માં રોજગાર માટે ઈંગ્લેન્ડ ગયા હતાં. આ સમય દરમિયાન વર્ષ-૨૦૧૨માં પત્ની દર્શનાબેન પટેલે એક પુત્રીને ઈંગ્લેન્ડના બ્રેન્ટ શહેરમાં જન્મ આપ્યો હતો. દરમિયાન નઈમભાઇ અને તેમના પત્ની તેમજ પુત્રીએ ઈંગ્લેન્ડનું નાગરિકત્વ મેળવવા માટે અરજી પણ કરી હતી પરંતુ આ માટે લાંબો સમય થયો હતો અને નઈમભાઈની માતાની તબિયત વડોદરામાં સારી નહી હોવાથી નઈમભાઈએ પત્ની અને પુત્રી સાથે વડોદરા પરત ફરવાનું નક્કી કર્યું હતું.

ભારત આવવા માટે પુત્રી માટે ઈંગ્લેન્ડમાંથી ઈમરજન્સી સર્ટિફિકેટ મળ્યું હતું અને ઈન્ડિયા જઈને પુત્રી માયશાનો પાસપોર્ટ કઢાવવા માટે જણાવાયું હતું. નઈમભાઈએ પરિવારના સભ્યો સાથે વર્ષ-૨૦૧૪માં ભારત પરત ફરી પુત્રીના પાસપોર્ટ માટે પ્રયાસ શરૂ કર્યા હતાં.

# કરજણ પાલિકાના ભાજપના મહિલા સભ્યના પતિ સહિત સાત જુગાર રમતા ઝડપાયા

કરજણ : કરજણ જુના બજારમાં મંદિરની દિવાલની આડમાં ખુલ્લામાં હારજીતનો જુગાર રમતા નગરપાલિકાના ભાજપી મહિલા સભ્યના પતિ જીતેન્દ્ર ચાવડા સહિત સાત નબીરાઓને કુલ રૂા.૬ લાખ ઉપરાંતના મુદ્દામાલ સાથે ઝડપી પોલીસે લોકઅપમાં ફીટ કરી દીધા છે. કરજણ જુનાબજારમાં વેરાઇ માતાના મંદિર પાછળ દિવાલ પાસે જુનાબજાર અને દશમાભાગના કેટલાક ખાનદાન પરિવારના નબીરાઓ પાના-પત્તાનો જુગાર રમતા હોવાની બાતમી પોલીસને મળી હતી. પોલીસે સ્ટાફ સાથે રેડ કરતા ઘટનાસ્થળેથી સાત જેટલા નબીરાઓને રંગે હાથ ઝડપી પાડયા હતાં. પોલીસને જોતા ગભરાઇ ગયેલા જુગારીઓનો નાસી જવાનો દાવ પોલીસે નિષ્ફળ બનાવ્યો હતો. પોલીસે કુલ રોકડા રૂા. ૧.૫૩ હજાર, છ મોબાઇલ ત્રણ બાઇક, બે એક્ટીવા, એક કાર મળી કુલ રૂા.૬ લાખ ઉપરાંતનો મુદ્દામાલ કબજે કરી પોલીસે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

# વડોદરા જિ.પં..માં કોંગ્રેસના છ બળવાખોર સભ્યના માથે પક્ષાંતર વિરોધી ધારાની તલવાર

વડોદરા : વડોદરા જિલ્લા પંચાયતમાં ભાજપનો ટેકો લઇ કોંગ્રેસના અસંતુષ્ટ મહિલા સદસ્ય પ્રમુખ બનતાં તેમણે તા.૮મી નવેમ્બરની પહેલી જ મીટિંગમાં તમામ સમિતિઓની સત્તાઓ પરત લેવા તેમજ અગાઉના પ્રમુખે મંજૂર કરેલા વિકાસના કામો નામંજૂર કરી નવા કામો મુકવા માટે દરખાસ્ત મુકાવી હતી. આ દરખાસ્તને ભાજપના તમામ ૧૪ સભ્યોએ સમર્થન આપ્યું હતું.જયારે,કોંગ્રેસે તમામ ૨૨ સભ્યોને વ્હીપ આપી દરખાસ્ત નામંજૂર કરવા આદેશ આપ્યો હતો.પરંતુ,છ થી સાત સભ્યોએ વ્હીપનો અનાદર કરી ભાજપ સાથે રહીને દરખાસ્તની તરફેણમાં મતદાન કર્યું હતું. આ મુદ્દે પ્રદેશ કોંગ્રેસે કડક કાર્યવાહી કરવાનો નિર્ણય લીધો છે અને છ સભ્યોને વ્હીપના અનાદર બદલ શો કોઝ નોટિસ આપી પાંચ દિવસમાં જવાબ આપવા જણાવ્યું છે.ત્યારબાદ બળવાખોરો સામે પક્ષાંતર વિરોધી ધારા હેઠળ કાર્યવાહી કરવામાં આવનાર હોવાનું જિલ્લા કોંગ્રેસના સૂત્રોમાંથી જાણવા મળ્યું છે. જે સભ્યોને નોટિસ અપાઈ છે તેમાં (૧) ઈલાબેન ચૌહાણ (પ્રમુખ,જિ.પં.) (૨) પન્નાબેન ભટ્ટ (પૂર્વ જિ.પં.પ્રમુખ) (૩) ઘનશ્યામભાઇ પટેલ ( પૂર્વ પ્રમુખ) (૪) રણજિતસિંહ પરમાર (૫) વિભાબેન પટેલ (૬) સરોજબેને વસાવાનો સમાવેશ થાય છે.

## નોટિસ મળતાં છ સભ્યોમાં રોષ

વડોદરા જિલ્લા પંચાયતમાં કોંગ્રેસની જૂથબંધીના કારણે સત્તા ડામાડોળ થઇ ગઇ હોવા છતાં હજી બંને જૂથ વચ્ચે મનમેળ જામતો નથી. વડોદરા જિલ્લા પંચાયતમાં વિવિધ સમિતિઓની સત્તા પર કાપ મુકવાના અને ગ્રાન્ટો રદ કરવાના નિર્ણય માટે ગઇ તા.૮મી નવેમ્બરે મળેલી ખાસ સભામાં કોંગ્રેસના કુલ ૨૨ સભ્યોમાંથી ૧૬ સભ્યોએ વિરોધ કર્યો હતો.જ્યારે,૬ સભ્યોએ ભાજપના ૧૪ સભ્યોની સાથે રહી દરખાસ્તની તરફેણમાં મતદાન કર્યું હતું.જેથી વ્હીપનો અનાદર કરવા બદલ પ્રમુખ ઇલાબા ચૌહાણ સહિતના છ સભ્યોને ગેરશિસ્ત બદલ નોટિસ આપવામાં આવી હતી. નોટિસ મળતાં જ કોંગ્રેસ સભ્યોમાં નારાજગી છે અને પાર્ટીમાં જૂથવાદ ચાલી રહ્યાનું તેઓ જણાવી રહ્યા છે.

SHARP INTERNATIONAL IMMIGRATION SERVICES
Web: www.siis.ca
iccrc crcic
AMI MEHTA
(SINP Authorized Rep)
E-mail: info@siis.ca
CANADA IMMIGRATION
Investor / Business visa expert | Agriculture / Farming
Self-start visa | Owner operator work permit
Business branch in Canada work permit
Child support worker (caregiver) Home support worker (Nanny)
Express Entry and all PNP
Early childhood educator | Medical lab technician
Account technician | Computer programmers and
Interactive media developers | Social workers
STUDY VISA | VISITOR VISA (TRV) | SUPER VISA
India Cell: +91 94289 73911, +91 95121 57817, +91 78749 58758
VADODARA OFFICE
2/A, Wagheshwary Society,
Vip Road, Vadodara.
CANADA OFFICE
94-499 Main Street South;
Brampton, Ontario, Canada.
Canada:. + 1 416 745 2466
Email.: info@siis.ca
Website.: www.siis.ca

SHARP TRAVEL

Lowest and Special Fares to
Ahmedabad / Vadodara / Mumbai & Delhi
વ્યાજબી ભાડું... શ્રેષ્ઠ સેવા... વર્ષોનો અનુભવ

Air Ticket
Cruises
Vacation Packages
Insurance
info@sharptravel.ca
www.sharptravel.ca
tico.ca
Ph : 905-230-7855
Shoppers World Mall 94 - 499
Main St S Brampton L6Y1N7
BRITISH AIRWAYS JET AIRWAYS AIR CANADA KLM Emirates ETIHAD

# વલસાડ સ્ટેશને કચ્છ એક્સપ્રેસ ટ્રેનમાંથી આંગડિયા કર્મી પાસેથી ૫૫ લાખની લૂંટ

રાજ્યમાં અવારનવાર લૂંટારુઓ રેલવેમાં મુસાફરોને લૂંટવાની ઘટનાઓ પ્રકાશમાં આવતા હોય છે. ત્યારે વલસાડ પાસે કચ્છ એક્સપ્રેસમાં લૂંટારુઓએ હથિયાર લઈને કાળોકહેર મચાવ્યો હતો. હથિયારધારી લૂંટારુઓએ આંગડિયાના ૫૦ લાખ લૂંટી ફરાર થઈ ગયા હોવાની ઘટના બની છે. અમરત કાંતિલાલ આંગડિયા પેઢીમાં કામ કરતા શખ્સને કચ્છ એક્સપ્રેસમાં બેસી સુરત જતી વખતે ટ્રેનમાં બેસેલા ૫ જેટલા લૂંટારુઓએ તમચા જેવું હથિયાર બતાવીને અંદાજે ૫૦ લાખ ભરેલ બેગ લૂંટી લઈને ડુંગરી પાસે આવેલ ફાટક પાસે ચેઈન પુલિંગ કરી ભાગી છૂટ્યા હતા. ઘટના બાદ આંગડિયા પેઢીના કર્મચારીને નવસારી રેલવે સ્ટેશને ઉતર્યા બાદ તેને નવસારી સિવિલમાં સારવાર માટે દાખલ કરવામાં આવ્યો હતો, જ્યારે વલસાડ પોલીસ અને આરપીએફની ટીમે લૂંટારૂઓની શોધખોળ હાથ ધરી છે. લૂંટારુઓએ ચાલુ ટ્રેને દિલધડક લૂંટ બાદ ડુંગરીની કાંકરી ફાટક પાસે ચેઈન પુલિંગ કરીને લૂંટારુઓ ઉતરી ફરાર થઈ ગયા હતા. હાઈવે પણ ત્યાંથી નજીક જ હોય આ લૂંટારુઓ એ રેકી કરી આ ઘટનાને અંજામ આપ્યો હોવાનું જણાય રહ્યું છે. પોલીસે આ લૂંટારુ ઈસમોની તપાસ શરૂ કરી છે. આ ઘટના વિશે મળતી માહિતી પ્રમાણે, વલસાડ ખાતે પ્રવિણસિંહ પ્રતાપસિંહ રાજપૂત ઉવ.૪૨ રહે.પહેલો માળ. ગગોત્રી બિલ્ડીંગ, ખડુંજી ટેકરો ધોબીવાડ, એમજી રોડ વલસાડ તેના પરિવાર સાથે રહે છે અને વલસાડ ખાતે આવેલ અમરત કાંતિલાલ એન્ડ કંપનીમાં આંગડિયા તરીકે ઘણા વર્ષોથી કામ કરે છે અને તેઓ વલસાડથી સુરત આંગડિયા માટે ડિલિવરી મેનનું કામ કરે છે.

# કડીના બળાત્કાર કેસમાં ઝડપાયેલા આરોપીની ૧૮ ગુનામાં સંડોવણી

અમદાવાદ : કડીમાં સામૂહિક દુષ્કર્મના બે અલગ અલગ બનાવોમાં સંડોવાયેલા ડફેર ગેંગના મુખ્ય સુત્રધાર અકબર સંધેની ક્રાઈમ બ્રાંચે ધરપકડ કરી હતી. તપાસમાં તેની વિરૂધ્ધ હત્યા, લુંટ અને ઘરફોડીના ૧૮ જેટલા ગંભીર ગુના નોંધાયેલા હોવાનું બહાર આવ્યું હતું. પોલીસે તેના ફરાર સાગરીતોને ઓળખી કાઢીને તપાસ હાથ ધરી છે. ક્રાઈમ બ્રાંચેને માહિતી મળી હતી કે આરોપી અકબર શાહમામદ સંધી (૪૫)પલ્સર બાઈક લઈને અમદાવાદ આવવાનો છે. જેને આધારે પોલીસે જાળ બિછાવીને વિરમગામના વાસવા ગામના રહેવાસી અકબર સંધીની ધરપકડ કરી હતી. તપાસમાં તેની વિરૂધ્ધ સાણંદ, સરખેજ, બાવળા, સરખેજ, બાવળા, બોટાદ, બગોદરા, મહેસાણા અને વિરમગામમાં ૧૮ જેટલા લુંટ, ઘરફોડી અને વાહન ચોરીના ગુના નોંધાયેલા હોવાનું બહાર આવ્યું હતું.કલોલમાં ૨૦૧૩માં તેણે ટ્રક ડ્રાઈવરને લુંટીને તેની હત્યા કરી નાંખી હતી. પોલીસે તેની ધરપકડ કરી પુછપરછમાં આરોપીએ ૨૮ ઓક્ટોબરના રોજ કડીના રંગપુરડા ગામની સીમમાં મિત્ર સાથે જઈ રહેલી યુવતીને લુંટના ઈરાદે અટકાવી મારી નાંખવાની ધમકી આપી દુષ્કર્મ આચર્યું હતું.

# અમદાવાદ બીઆરટીએસ દ્વારા બે વર્ષમાં લેવાયો ૨૧નો ભોગ

અમદાવાદઃ શહેરમાં બેફામ ચાલતી બીઆરટીએસ બસથી અકસ્માતના પ્રમાણમાં નિરંતર વધારો જોવા મળી રહ્યો છે. બીઆરટીએસ કૉરિડોર આવ્યા બાદ અકસ્માતમાં ૭૫ ટકાનો વધારો થયો હતો અને છેલ્લાં બે વર્ષમાં અમદાવાદમાં બીઆરટીએસની અડફેટે કુલ ૨૧નાં મોત થયા હતા. અમદાવાદ અને સુરતમાં બીઆરટીએસ બસના અકસ્માતના બનાવોમાં દિનપ્રતિદિન વધારો જોવા મળી રહ્યો છે. આ કારણે અગાઉ ગુજરાત હાઈ કોર્ટે પણ આ ખાનગી બસ સેવાની ઝડપ પર અંકુશ લાદવા સત્તાધીશોને ટકોર કરેલી, છતાં તંત્ર દ્વારા કોઈ પગલાં ન ભરાતાં અકસ્માતોમાં વધારો થઈ રહ્યો છે. શહેરમાં વર્ષ ૨૦૧૭-૧૮માં ૧૪ જેટલા લોકોના બીઆરટીએસના અકસ્માતમાં મોત થયા હતા, જ્યારે વર્ષ ૨૦૧૮-૧૯માં સાત જેટલા લોકોના બીઆરટીએસ અકસ્માતમાં મોત થયા હતા. આ અકસ્માત પાછળના મુખ્ય કારણોમાં ટ્રાફિક સાઈન પૂરતા પ્રમાણમાં નથી, પ્રતિબંધ હોવા છતાંય લોકો બીઆરટીએસ કૉરિડોરમાં પોતાના વાહનો ચલાવતા હોય છે. ટ્રાફિક સાઈન, રેલિંગ અને તેની નીચે મૂકેલા બેરિકેડ્સ રોડ સાઈડ વધારે બહાર નીકળે છે સાથે લોકો રોડ ક્રોસ કરવા માટે સીધા જ બીઆરટીએસના રૂટમાં જતા રહે છે.

# સુરતના જોષી પરિવાર પર દુ:ખના ડુંગરો, નારયણબલી કરતા ૩ યુવકો નર્મદામાં ડૂબ્યા

પોઈચા : નાંદોદ તાલુકાના પોઇચા ખાતે નારણબલી કરવા ગયેલા સુરતના જોષી પરિવારના ત્રણ કુળદીપકો નર્મદા નદીમા સ્નાન દરમિયાન ઉંડા પાણીમાં ડૂબી ગયા હતાં. નર્મદા નદીમાં ડૂબેલા ત્રણ પૈકી યુવાનની લાશ બીજા દિવસે મળી જ્યારે અન્ય એક એકની લાશ સોમવારે અને બીજાની લાશ બુધવારે મળી હતી.

સુરત અડાજણના રહેવાશી બે સગાભાઈ સુરેશભાઈ પરશોત્તમભાઇ જોષી અને દિપક પરશોત્તમભાઇ જોષી તેમના પરિવાર સાથે નર્મદા નદીના પોઈચા કિનારે ત્રિવેણી સંગમ ખાતે નારાયણબલીની વિધિ કરાવવા માટે પોતાના પરિવાર સાથે આવ્યા હતાં.

બ્રાહ્મણ દ્વારા નારાયણ બલીની વધી કરાવ્યા બાદ પિંડદાન માટે નર્મદા નદીમાં ત્રિવેણી સંગમ ખાતે સહ પરિવાર ગયા હતાં. જ્યાં બપોરે ૩ કલાકે ધાર્મિક વિધિ પત્યા બાદ પિંડદાન કર્યુ હતું. આ વિધી બાદ બન્ને ભાઈઓના ૩ છોકરાઓ પરિવાર સાથે નાહવા પડયા હતાં. ત્યારે અચાનક એક છોકરો ડૂબતો હતો. તેને બચાવવા માટે બીજા પણ છોકરાઓ ગયા હતાં. તેઓ પણ પાણીમાં ગરકાવ થઈ ગયો હતો. પિતાની આંખોની સામે એક જ પરિવારના ૩ યુવાનો નર્મદા નદીમાં ડૂબી ગયા હતાં.

આ બનાવમાં નિમેષભાઈ દીપકભાઈ જોશી ( ઉ.વ.૨૮ ) રહે. અડાજણ સરિતા દર્શન એપાર્ટમેન્ટ, વૈભવ દિપકભાઈ જોશી ( ઉ.વ. ૨૫) બન્ન સગાભાઈ અને પિતરાઈ ભાઈ રવિ સુરેશભાઈ જોશી ( ઉ.વ.૨૧) એલપી અવની રાજ કોર્નર ખાતે રહેતા હતાં. અહીં ધાર્મિક વિધિ માટે આખો પરિવાર અહીં આવ્યો હતો અને આ ૩ યુવાનો ઉંડા પાણીમાં ડૂબી લાપતા થતા સમગ્ર પરિવાર શોકમાં ગરકાવ થઈ ગયો હતો. પાંચ દિવસમાં ડુબેલા યુવકોની લાશ તબક્કાવાર મળી હતી.

# વડોદરામાં ડેન્ગ્યૂથી ૨૫ વર્ષના યુવક સહિત વધુ ૩ના મોત, કુલ ૮ના મોત

- નંદેસરી જીઆઈડીસી નજીક રહેતો યુવક એસએસજી હોસ્પિટલમાં દાખલ થયો હતો, અન્ય બેના ત્યાં જ ડેન્ગ્યૂથી બે મોત થયા



વડોદરા : વડોદરામાં ડેન્ગ્યૂથી થતા મોતની સંખ્યા વધી રહી છે. એસએસજીમાં ડેન્ગ્યૂની સારાવાર માટે દાખલ ૨૫ વર્ષના યુવકનું મોત થયું છે. તે સાથે જ એસએસજી હોસ્પિટલમાં છેલ્લા બે મહિનામાં ડેન્ગ્યૂથી થયેલા મોતની સંખ્યા ૩ થઈ ગઈ છે અને વડોદરામાં ડેન્ગ્યૂથી થયેલા મોતનો આંકડો ૮ પર પહોંચી ગયો છે. નંદેસરી જીઆઈડીસી પાસે રહેતા ૨૫ વર્ષના યુવક મહેન્દ્ર લાલુભાઈ મીણા છેલ્લા કેટલીક દિવસથી બિમાર હતો. તે તા.૧૪ નવેમ્બરે એસએસજી હોસ્પિટલમાં દાખલ થયો હતો જ્યાં તેનો રિપોર્ટ ડેન્ગ્યૂ પોઝિટિવ આવ્યો હતો. તેને મેડિસિન ડી યુનિટના એમ-૧ વોર્ડમાં દાખલ કરાયો હતો અને સારવાર શરૂ કરાઈ હતી આ દરમિયાન તે રાત્રે ૨.૩૦ વાગ્યે તેનું મોત થયુ હતું. ડેન્ગ્યૂથી થતા મોત માટે સરકારી કાગળોની ફાઈલ તૈયાર કરવાની હોવાથી તેની ફાઈલ તૈયાર કરવામાં ત્રણ દિવસ નીકળી જતા આજે તેના મોતનું રિર્પોટિંગ કરવામાં આવ્યુ હતું. એસએસજી હોસ્પિટલના આધારભૂત સુત્રો સાથે વાત કરતા જાણવા મળ્યુ કે આ અગાઉ ઓક્ટોબર માસમાં પણ એસએસજી હોસ્પિટલમાં ડેન્ગ્યૂથી બે મોત થઈ ચુક્યા છે.

# પેટલાદના ભૂતપૂર્વ મંત્રીના પુત્રએ ધમકી આપ્યાનો ઓડિયો વાઈરલ

આણંદ : આણંદ જિલ્લાના પેટલાદના પૂર્વ મંત્રીના પુત્ર દ્વારા ભાજપ આઈટી સેલના એક કાર્યકર્તાને ફોન ઉપર ધમકી આપતો ઓડીયો સોશ્યલ મીડીયામાં વાયરલ થતા સ્થાનિક રાજકારણમાં ગરમાવો વ્યાપી ગયો છે. સોશ્યલ મીડીયામાં પોસ્ટ ઓપલોડ કરવા બદલ પૂર્વ મંત્રીના પુત્રએ ભાજપ આઈટી સેલના કાર્યકર્તા સહિતના શખ્શોને પતાવી દેવાની ધમકી આપતા ઓડીયોથી સ્થાનિક રાજકારણમાં ખળભળાટી વ્યાપી જવા પામી છે. આણંદ જિલ્લાના પેટલાદ તાલુકાના પૂર્વ મંત્રીના પુત્ર દ્વારા પોતાના પિતાની પોસ્ટ ફેસબુક ઉપર અપલોડ કરવા મામલે ભાજપ આઈટી સેલના એક કાર્યકર્તાને ધમકી ભર્યો ફોન કર્યો હોવાનો ઓડીયો સોશ્યલ મીડીયામાં વાયરલ થતા ભારે ચકચાર મચી છે. ભાજપના જ પૂર્વ મંત્રીના પુત્ર દ્વારા ભાજપના જ આઈટી સેલના કાર્યકર્તા સહિતના અન્ય કાર્યકરોને પણ જોઈ લેવાની ધમકી આપવામાં આવી હોવાનું ઓડીયો ક્લીપમાં સાંભળવા મળ્યું છે. પૂર્વ મંત્રીના પુત્ર દ્વારા ભાજપ આઈટી સેલના કાર્યકર્તાને સમજી જવાનું તેમજ આમાંથી બહાર નીકળી જવાનું જણાવી ગર્ભિત ધમકી આપી હોવાના ઓડીયોએ ભારે ચકચાર જગાવી છે. જો કે ભાજપના જ પૂર્વ મંત્રીના પુત્ર દ્વારા ધમકી આપતો ઓડીયો વાયરલ થતા અંદર ખાને પક્ષમાં ખેંચતાણ થતી હોવાની ચર્ચાઓ થઈ રહી છે.

# વડોદરા જિ. પં.ની ખાસ સભાના નિર્ણયો રદ કરવા હાઈકોર્ટમાં રિટ, ડીડીઓને નોટિસ ફટકારી

વડોદરા : વડોદરા જિલ્લા પંચાયતમાં નવા પ્રમુખે ચાર્જ સંભાળ્યો ત્યારબાદ તા.૮મીએ ખાસ સભા બોલાવી જુદીજુદી સાત સમિતિઓની સત્તાઓ ઉપર કાપ મુકવાનો ઠરાવ કરતાં ભારે હોબાળો મચ્યો હતો.આ વખતે થયેલા મતદાનના પરિણામ જાહેર કરવામાં આવ્યા નહતા. પ્રમુખ અને ભાજપના જૂથે કામો સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યા હોવાનો દાવો કર્યો હતો.જ્યારે,ઉપપ્રમુખ અને કોંગ્રેસના ટેકેદારોએ મતદાનના આંકડા જાહેર નહી થયા હોવાથી આ ઠરાવો ગેરકાયદેસર હોવાની દલીલ કરી હતી. ઉપપ્રમુખના જૂથે મીટિંગ મુલત્વી રાખવા માટે રિટ કરી હતી.પરંતુ,રિટની સુનાવણી તા.૮મીએ થતાં હાઈકોર્ટે મીટિંગનું પ્રોસિડિંગ રજૂ કરવા આદેશ કર્યો હતો. જે બાદ નિર્ણયો રદ કરવા માટે દાદ માંગતા કોર્ટે ૨ ડિસેમ્બરે સુનાવણી રાખી છે.

# સુરતમાં બેફામ દોડતી સિટી બસે બે દિવસમાં ૪ જણાંને કચડી માર્યાં

સુરત : મૂળ મહારાષ્ટ્રના વતની અને સુરતમાં ડિંડોલી અંબિકાનગરમાં રહેતા તેમજ લુમ્સના કારખાનામાં નોકરી કરતા યશવંતભાઈ ખટેશ્વર પોનીકર (ઉ.વ.૩૭) શાળામાં અભ્યાસ કરતા પુત્ર ભાવેશ (ઉ.વ.૮), ધો.૪ માં અભ્યાસ કરતા પુત્ર સાહિલ (ઉ.વ.૯) અને ભાઈ વિનોદના ધો.૭ માં અભ્યાસ કરતા પુત્ર ભુપેન્દ્ર (ઉ.વ.૧૧) ને પોતાની મોટરસાયકલ ઉપર બેસાડી ઘરેથી સ્કૂલે જવા નીકળ્યા હતા. તેઓ ૭ વાગ્યાના અરસામાં નવાગામ ડિંડોલી ઓવરબ્રિજ ઉપરથી પસાર થતા હતા ત્યારે એક બસને ઓવરટેઈક કરવાની લ્હાયમાં સીટી બસના ચાલકે એકદમ રોંગ સાઈડે આવી યશવંતભાઈની સામેથી આવતી મોટરસાયકલને અડફટે લીધી હતી. સીટી બસની અડફટે ચઢેલી યશવંતભાઈની મોટરસાયકલ પાછળ આવતી અન્ય મોટરસાયકલ સાથે અથડાઈ હતી. અકસ્માતમાં બસની ટક્કર જોરમાં લાગતા યશવંતભાઈ,પુત્ર ભાવેશ અને ભત્રીજા ભુપેન્દ્રના ઘટના સ્થળે જ મોત નીપજ્યાં હતા. અન્ય ઘટનામાં ગુરુવારે પાંડેસરા રહેતાં ૧૮ વર્ષનો મોજમીલ અમજદ શેખ દક્ષેશ્ર્વર મંદિર પાસે બીઆરટીએસ બસે ટક્કર મારતાં તેનું સારવાર દરમિયાન મોત થયું હતું.

# હજીરાના એસ્સાર પોર્ટથી સુરત-મુંબઈ વચ્ચે ફેરી સર્વિસ શરૂ, વેસલ ક્રુઝને ફ્લેગ ઓફ કરાયું

સુરત- સુરતના હજીરા સ્થિત એસ્સાર પોર્ટથી મુંબઈમાં બાન્દ્રા-વરસી સી-લિન્ક વચ્ચે ક્રુઝ આધારીત પેસેન્જર ફેરી સર્વિસનો આરંભ થયો છે. એસએસઆર મરીન સર્વિસિસ પ્રાઈવેટ લીમીટેડ ૨૦૦ પેસેન્જર્સની ક્ષમતા ધરાવતી પેસેન્જર ફેરી વેસલ ક્રુઝ મુંબઈ મેઈડનને ઓપરેટ કરશે. એસ્સાર પોર્ટ પરથી આજે આ ક્રુઝને ફ્લેગ ઓફ કરાયું હતું. ફેરી સર્વિસની વિધિવત શરૂઆત તા. ૨૨ નવેમ્બરે મુંબઈથી થશે. ફેરી સર્વિસ સપ્તાહમાં દર ગુરુવારે ઓપરેટ થશે. ગુરુવારે વેસલ ક્રુઝ મુંબઈથી સાંજે ૫ વાગ્યે નીકળશે અને હજીરા પોર્ટ પર શુક્રવારે સવારે ૯ વાગ્યા પહોંચશે. જે સાંજે ૫ વાગ્યે ફરી ઉપડશે અને શનિવારે સવારે ૯ વાગ્યે મુંબઈ પહોંચશે. વેસલ પર ત્રણ ડેક છે, ખાણી-પીણીની સુવિધા છે એમ એસએસઆર મરીન સર્વિસ દ્વારા જણાવાયું હતું.






હવે, સ્વદેશ વેબસાઈટના બદલાતા ક્લેવર
નિહાળો નીત નવા રૂપરંગમાં !!
માત્ર ગરવી ગુજરાત કે મેરા ભારત મહાન જ નહિ પરંતુ સમગ્ર વિશ્વની અટારીએ સર્જાતી અનેકવિધ ઘટનાઓનો સાક્ષાત્કાર ક્ષણેક્ષણ માણો !!
રાજકારણ, સમાજ, ધર્મ, શિક્ષણ, રમતગમત, મનોરંજનનો મહાસાગર, હોલીવુડ-બોલીવુડ, પ્રવાસ-પર્યટન, પર્યાવરણ તથા આરોગ્ય વિષયક માહિતીના રોમાંચક ખજાનાનો આવિષ્કાર !!
www.swadesh.news
સ્વદેશમાં વિજ્ઞાપનો માટે ઈમેલ એડ્રેસ પર માહિતી મોકલો
info@swadesh.news
હવે પછી નીચે મુજબના સરનામે તમામ પોસ્ટલ વ્યવહાર કરવા વિનંતી.
23 Lyric Road, Brampton ON L6S 0B4.

## યંત્ર માનવનું સર્જન આજના સંવેદનહિન વિશ્વમાં માનવજગત માટે રાહતરૂપ બની રહેશે

# હવે યંત્રમાનવ પણ માનવીય લાગણી સમજશે

**ઓફબીટ**
**ધવલ શુક્લ**

છેલ્લાં ત્રણ ચાર દાયકાથી વિજ્ઞાને જે સંશોધનો કર્યા છે તે બેજોડ છે. મોબાઈલ અને અવકાશક્ષેત્રે થયેલા સંશોધનો તેના ઉદાહરણ છે. જયારે હવે મશીનોમાં સંવેદના ભરીને તેને માણસ જેવો બનાવવાના પ્રયત્નો પણ થઈ રહ્યા છે.

ફરહટ રોબોટિક્સ માનવ ચહેરાવાળો એક એવો યંત્રમાનવ (રોબોટ) હશે, જે આવનારા દિવસોમાં લોકો સાથે એવી રીતે વાતચીત કરી શકશે, જેમ એક માણસ બીજા માણસ સાથે વાતચીત કરતો હોય. આ રોબોટ પાસે થ્રી ડાયમેન્શનવાળો પ્રિન્ટેડ ચહેરો હશે, જે તેની આસપાસના સામાજિક સંકેતોને વાંચી શકશે.

તમે એને બોલી-સાંભળી શકશો. તમે દુ:ખી હશો તો તમારા જખમો ભરવાનું કામ પણ કરશે. તમને ખુશ રાખવા ટૂચકા પણ સંભળાવશે.

કન્વર્સેશનલ આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (એ.આઈ.) એન્ડ રોબોટિક્સ સ્ટાર્ટઅપની આજથી પાંચ વર્ષ પહેલાં ૨૦૧૪માં સ્ટૉકહોમમાં સ્થાપના કરાઈ હતી. અહીં ફરહટ નામની એવી ઓપરેટિંગ સિસ્ટમ તૈયાર કરવામાં આવી જે લોકોને મશીન સાથે સંવાદ સાધવામાં મદદ કરે છે. બિલકુલ એવી રીતે જેમ આપણે મનુષ્યો એક બીજા સાથે વાતચીત કરતા હોઈએ છીએ.

આ સિસ્ટમ તમારી રોબોટ સાથે વાતચીત તો કરાવે જ છે, સાથે સાથે એટલી બુદ્ધિશાળી છે કે, આસપાસના સોશિયલ સિગ્નલ્સને પણ વાંચી લે છે. તમારી ભાવનાઓને પણ એ સારી રીતે સમજી લે છે. આ સિસ્ટમને તમે જેવી ચાહો એવી આકૃતિવાળા માસ્ક(મહોરા)ની પાછળ રાખી શકો છો. તેમાં જોવાની, સાંભળવાની અને બોલવાની ક્ષમતા હશે. આ માસ્ક તમારા કુટુંબી, સગાં-સ્નેહી કે મિત્રનો પણ બનાવી શકાય. આના કારણે તમને તો એવું જ લાગશે કે, તમે તમારા સ્વજન સાથે જ વાત કરી રહ્યા છો. આ રોબોટના માથાની નીચે એક એવું નાનું પ્રોજેક્ટર પણ બેસાડેલું હશે, જે આ મહોરા ઉપર કોઈ ચહેરા પર આવતા હોય તેવા જ હાવભાવ તૈયાર કરી શકશે.

આ કંપનીના ચીફ એક્ઝિક્યૂટિવ ઓફિસર અને સહ સંસ્થાપક અલ મોબાયદ કહે છે કે, અમે જે ક્ષેત્રમાં કામ કરીએ છીએ એ સોશિયલ રોબોટિક્સ કહેવાય છે. અત્યારે આ વાચ ભલે વધારે પડતી જણાય પરંતુ જો આવું થયું તો માણસ જેવા જ લાગતા અને માણસની જેમ જ બોલતા આ યંત્રમાનવનો ઉપયોગ ઘણી રીતે કરી શકાશે.

અલ મોબાયદની સાથે ગેબ્રિયલ સ્કાન્ટઝે, જોનાસ બૅસ્કો અને પ્રિબેન વિક એમ આ ચારે જણાએ સાથે મળીને સ્ટૉકહોમ, સ્વીડનની કેટીએચ રૉયલ ઈન્સ્ટિટ્યૂટ ઑફ ટેકનોલોજીમાં આ પ્રોજેક્ટ પર કામ કરવાનું શરૂ કરી દીધું છે.

અલ મોબાયદ કહે છે કે અમે મનુષ્યને સમજવાની કોશિશમાં એવી શોધ કરી છે જેથી અમે મનુષ્ય સાથે તેની જેમ જ વાતચીત કરી શકતા મશીનોનું નિર્માણ કરી શકીએ.

ફરહટ વિશે સમજાવતાં તેઓ કહે છે કે, આ એવી સિસ્ટમ છે જેનું કામ એવા મશીનોને જોડવાનું છે જે વાત કરી શકે, સમજી શકે અને જેનું પોતાનું શરીર પણ હોય. અત્યારે આ ઓપરેટિંગ પદ્ધતિનું કાર્ય છેલ્લા ચરણમાં છે. એ જ્યારે સફળ થશે ત્યારે માણસ સાથે માણસની જેમ જ વર્તનારો યંત્રમાનવ તૈયાર થશે.

હજુ ગયા વર્ષે જ, ૧૭ કર્મચારીઓ ધરાવતી આ કંપનીને બે નાણાંકીય કંપની પાસેથી ભંડોળ મળ્યું છે. આ કંપની ઈન્ટેલ, ડિઝની અને કેપીએમજી જેવી આંતરરાષ્ટ્રીય કંપનીઓ સાથે મળીને કામ કરી રહી છે. આ કંપનીએ ડોચેબાન નામની કંપની સાથે મળીને એક બહુભાષી રોબોટ પણ ફ્રેન્કફર્ટ એરપોર્ટ પર દ્વારપાળના રૂપમાં રાખ્યો છે. આ રોબોટ મુસાફરોને યાત્રાસંબંધી બધી જ માહિતી પૂરી પાડે છે. જો કે, માણસ જેવા જ દેખાતા અને માણસ જેવું જ વર્તન કરતા રોબોટ બનાવવા એ કાંઈ ખાવાનો ખેલ નથી. અલ મોબાયદ તો કહે છે કે, આ કવાયત દરમિયાન દરેક તબક્કે કોઈને કોઈ પડકાર અમારી સમક્ષ આવ્યા કરતાં હતાં.

લોકો જ્યારે વિજ્ઞાન કથાઓમાં આવતા માણસ જેવા યંત્રમાનવો વિશે વિચારે છે ત્યારે એવી અપેક્ષા રાખતા હોય છે કે, આ યંત્રનો દેખાવ અને વ્યવહાર સંપૂર્ણપણે માણસ જેવો હોય. તેને બધી જ ખબર હોવી જોઈએ જે એક વ્યક્તિને ખબર હોય છે. તેનામાં કોમન સેન્સ અને હાસ્ય બોધ પણ હોવો જોઈએ.



ટૂંક સમયમાં બનનાર ફરહટ રોબોટિક્સ પાસે થ્રી ડાયમેન્શનવાળો પ્રિન્ટેડ ચહેરો હશે, જે તેની આસપાસના સામાજિક સંકેતોને વાંચી શકશે

મતલબ કે, ઘણી ઊંચી અપેક્ષાઓ હોય છે. ત્યાર બાદ આવા 'માણસ'ને બહાર કેવી રીતે કાઢવો, તેનું માર્કેટિંગ કેવી રીતે કરવું તે તમામ બાબતો પડકારજનક છે. આ રોબોટના કેવા કેવા ઉપયોગ થઈ શકે એવા સવાલના ઉત્તરમાં અલ મોબાયદ કહે છે કે, તેના વિવિધ ઉપયોગ થઈ શકે છે. શાળામાં તેમના માધ્યમ દ્વારા અનેક વિષયો શીખવી શકાય છે. હોન્ડા કંપની સાથે સહયોગ કરીને એવો રોબોટ તૈયાર કરવામાં આવ્યો છે જે ઘરના બુઝુર્ગોની સાર-સંભાળ એક માણસની જેમ જ લઈ શકે.

જોકે, ઘણી વિજ્ઞાન વાર્તાઓમાં આવે છે એમ એક ડર એ વાતનો પણ છે કે આવા યંત્રમાનવ જ સર્વોપરી બની જાય અને માણસનું આધિપત્ય જ ક્યાંક છીનવી ન લે. અલ મોબાયદને પણ આની ચિંતા છે જ. તેઓ પોતે જ કહે છે કે, આ બહુ ગંભીર અને વિચાર માગી લેતો સવાલ છે. અમે પણ આ સંશોધન પાછળની નૈતિક અને સામાજિક સમસ્યા વિશે વિચારી રહ્યા છીએ. આ જાતની ટેક્નિક પોતાની સાથે થોડા ખતરા પણ અવશ્ય લાવતી હોય છે. તેનો મતલબ એ પણ નથી કે આપણે કામ કરવું જ બંધ કરી દેવું જોઈએ. પણ હા, કોઈ પણ શોધ-સંશોધનોની આડ-અસરને બરાબર સમજી વિચારી તેના પ્રત્યે જવાબદારીથી વર્તવું જોઈએ, જેથી નકારાત્મક નહીં, પણ સકારાત્મક પરિણામ પ્રાપ્ત થાય.

જો કે, અલ મોબાયદ કહે છે કે આ ટેક્નિકનો સારી રીતે ઉપયોગ કરવાના ઘણા રસ્તા છે. આપણે તો એવું જ વિચારવું રહ્યું કે આનાથી લોકોનું જીવન બહેતર બને અને માનવજગત સુખી થાય.

આજનો માનવ સંવેદનહીન થતો જાય છે ત્યારે વિજ્ઞાન દ્વારા જો યંત્રમાનવની શોધ સફળતાપૂર્વક થાય તો તે રોબોટ માણસ સાથે સંવાદ કરીને તેના સુખ-દુ:ખનો ભાગીદાર બની છે. ઉપરાંત આ રોબોટ પાસે માણસ ધારેલું કામ પણ લઈ શકશે જેનાથી માનવજગતને મોટો ફાયદો થશે એ નક્કી છે. જોકે આ યંત્ર માનવની શોધ સાથે જોડાયેલા જોખમો અંગે પણ સંશોધકોએ અત્યારથી વિચારવું પડે તેમ છે. કારણ કે આ શોધને માણસ પોતાનું આધિપત્ય ગુમાવે તે સંજોગો પણ ઊભા થઈ શકે તેમ છે.

# સ્વદેશ

## અજય દેવગણની ફિલ્મ 'તાન્હાજી'નું ટ્રેલર રિલીઝ થતાં જ વિવાદ સર્જાયો




મુંબઈ : અજય દેવગણની આગામી ફિલ્મ તાન્હાજીનું ટ્રેલર ૧૯ નવેમ્બરે રિલીઝ કરવામાં આવ્યું હતું. ટ્રેલર રિલીઝ થતાની સાથે જ ફિલ્મની માર્કેટમાં ભારે ચર્ચા છે. પરંતુ હવે સોશિયલ મીડિયામાં એક ખુલ્લી ધમકી મળી છે. અને આ ધમકી પણ એક નેતાએ આપી છે. આ વિવાદ મેકર્સ માટે મોટો ફટકો પાડી શકે છે. એનસીપીના નેતા અને વિધાયક જિતેન્દ્ર આવ્હાજે તાન્હાજીને લઈ એક ટ્વીટ કરી છે. આ ટ્વીટમાં તાન્હાજીના મેકર્સ પર આરોપ છે કે તેમણે ઈતિહાસને ખોટી રીતે બતાવ્યો છે. આ સાથે જ ખુલ્લી ધમકી મળી છે. જીતેન્દ્ર આવ્હાડે લખ્યું કે, ઓમ રાઉતે તમારી ફિલ્મ તાન્હાજીનું ટ્રેલર જોયું, કેટલીક અસ્વાભાવિક અને ખોટી વસ્તુઓમાં તાત્કાલિક બદલાવ કરો. નહીંતર પછી મારે મારી રીતે જોવું પડશે, જો તમે આને ખતરો માનતા હોય તો એ પણ ભલે. માનવામાં આવી રહ્યું છે કે આ ધમકી એક આંદોલન કરવાની હોઈ શકે. જો કે આવું પહેલી વાર નથી બન્યું, આ પહેલા પણ ઘણી ફિલ્મો પર ઈતિહાસને લઈ વિવાદો અને ધમકીઓ મળેલી જ છે. તાન્હાજી ફિલ્મ મુંગલો વિરોધમાં મરાઠાઓએ જે જંગ કરી હતી એના પર છે.

## ઈન્ટીમેટ સીનની ના પાડતા ફિલ્મમાંથી કાઢી મુકાઈ : કૃતિ



કૃતિ ખરબંદા હાલ પોતાની રીલિઝ થયેલી ફિલ્મ 'હાઉસફુલ ૪'ની સફળતાનો આનંદ માણી રહી છે. આ ઉપરાંત તે પોતાની આવનારી મલ્ટીસ્ટારરર ફિલ્મ 'પાગલપંતી'ના પ્રમોશનમાં વ્યસ્ત છે.આ ફિલ્મ પછી કૃતિ અમિતાભ બચ્ચન અને ઈમરાન હાશ્મીની ફિલ્મ 'ચહેરે'માં કામ કરવાની હતી. પરંતુ તેને આ ફિલ્મમાંથી હાંકી કાઢવામાં આવી છે. સૂત્રની વાત સાચી માનીએ તો, કૃતિ ખરબંદા અમિતાભ-ઈમરાનની ફિલ્મમાં કામ કરવાની હતી. પરંતુ તેની સેટ પરની વર્તણૂકે ફિલ્મની ટીમને હેરાન-પરેશાન કરી નાખી હતી. પરિણામે તેને ફિલ્મમાંથી પડતી મુકવાનો નિર્ણય લેવામાં આવ્યો. રિપોર્ટસમાં એમ પણ જણાવામાં આવ્યું હતું કે, ફિલ્મસર્જકે કૃતિની ઘણી માંગણીઓ માની લીધી પણ હોવા છતાં તેની સાથે કામ કરવું શક્ય લાગ્યું નહોતું. આ ઉપરાંત એક નવી વાત એ પણ આવી છે કે, તેણે રૂપેરી પડદે ઈન્ટીમેટ સીન ભજવવાનો ઈનકાર કર્યો હતો. એમ પણ કહેવાય છે કે, ફિલ્મના ઘણા મુદ્દા પર કૃતિ અને ફિલ્મના દિગ્દર્શક રૂમી જાફરી વચ્ચે વિવાદ થયો હતો. આ પછી નિર્માતાએ કૃતિને ફિલ્મમમાંથી બહાર કરવાનો નિર્ણય લીધો. હવે ફિલ્મની ટીમ નવી હિરોઈનની શોધ કરી રહી છે. જાણવા મળેલ પ્રમાણે કૃતિનું ફિલમ 'ચહેરા'થી બહાર થવાનું કારણ એક ઈન્ટીમેટ દ્રશ્ય હતું. જેમાં તેણે લિપલોક કરવાનો હતો. આ દ્રશ્યમાં કૃતિએ એક એકટર સાથે ઈન્ટીમેટ થવાનું હતું અને ઈમરાન હાશ્મીએ તેને આમ કરતાં એક રૂમમાંથી જોવાનો હતો કૃતિને આ સીન માટે વાંધો હતો.

## સોનમ કપૂર ક્રાઈમ થ્રિલર ફિલ્મમાં નેત્રહિન યુવતીના પાત્રમાં જોવા મળશે



મુંબઈ : બોલીવુડ અભિનેત્રા સોનમ કપૂર લગ્ન બાદ ફિલ્મો ધડાધડ સાઈન કરવાને બદલે બહુ સમજી વિચારીને કરે છે. તેને ફિલ્મોની સંખ્યા સાથે કોઈ મતલબ નથી. તેની આગામી ફિલ્મ મહિલાપ્રધાન હશે. ૨૦૧૧માં આવેલી દક્ષિણ કોરિયાની ક્રાઈમ થ્રિલર ફિલ્મ બ્લાઈન્ડની હિંદી રીમેક બનવાની છે. તેમાં સોનમ કપૂર એક પ્રજ્ઞાચક્ષુ યુવતીની ભૂમિકામાં જોવા મળશે. ફિલ્મસર્જક સુજોય ઘોષ આ ફિલ્મને મહિલાપ્રધાન ફિલ્મ ગણાવી રહ્યા છે. ઘોષે જણાવ્યું હતું કે, '' મારી આ ફિલ્મ મારો મિત્ર સોમ મખીજા ડિરેકટ કરી રહ્યો છે. આ ફિલ્મ સંપૂર્ણ રીતે મહિલા પ્રધાન ફિલ્મ છે. સોનમ આ પાત્ર માટે યોગ્ય હતી. ઉલ્લેખનીય છે કે, સોનમની આવરસે રિલીઝ થયેલી ફિલ્મ 'ઝોયા ફેકટર'છે. જેણે બોક્સ ઓફિસ પર ખાસ કમાલ કરી નહોતી.

## પીટી ઉષાની ભૂમિકા અદા કરવા ખૂબ ઉત્સુક છું: ઉર્વશી



મુંબઇ : બોલિવુડની લોકપ્રિય અભિનેત્રી ઉર્વશી રોટેલાએ કહ્યુ છે કે તે પીટી ઉષાની ભૂમિકા અદા કરવા માટે ખુબ ઉત્સુક છે. તેનુ કહેવુ છે કે તે આ રોલ માટે સૌથી આદર્શ તરીકે છે. તેનો દાવો છે કે તે વિતેલા વર્ષોમાં એક એથલીટ તરીકે રહી છે. તેનુ કહેવુ છે કે તે રાષ્ટ્રીય સ્તર પર એક એથલીટ તરીકે રહીને જોરદાર દેખાવ કરી ચુકી છે. તે યુવતિઓની ટીમની કેપ્ટન તરીકે હતી. તેના કરતા વધારે શાનદાર રોલ આ કોઈ અન્ય કરી શકશે નહીં. તે એક રેસર તરીકે પણ રહી ચુકી છે. કેટલીક રેસ જીતી પણ છે. જેથી તેને લાગે છે કે પીટી ઉષાના રોલને તે પૂર્ણ ન્યાય આપી શકે છે. તે સ્પોર્ટસ બાયોપિક ફિલ્મમાં સૌથી ફિટ બેસે છે. તેનુ કહેવુ છે કે ફિલ્મ નિર્માતાઓને ટ્રેનિંગ માટે સમય ખરાબ કરવાની પણ જરૂર રહેશે નહીં. જો તેને લેવામાં આવશે તો સીધો ફાયદો થનાર છે. તેનુ કહેવુ છે કે તે ફિલ્મને લઈને આશાવાદી છે. વર્ક ફ્ન્ટની વાત કરવામાં આવે તો તે હાલમાં પાગલપંથી ફિલ્મના પ્રમોશનમાં વ્યસ્ત બનેલી છે. આ ફિલ્મનુ નિર્દેશન અનીસ બાઝમી કરી રહ્યા છે. આ એક કોમેડી ફિલ્મ છે. અનીસની સાથે કામ કરવાને લઈને અભિનેત્રીએ કહ્યુ છે કે તે ફિલ્મમાં કામ કરીને ખુબ ખુશ છે. તેને ખુબ નવી બાબતો શિખવા મળી રહી છે. તેઓ ખુબ સારા નિર્દેશક તરીકે છે. પીટી ઉષાની લાઈફ પર ફિલ્મને લઈને હાલમાં ભારે ચર્ચા ચાલી રહી છે. નિર્માતા નિર્દેશકો દેશના સ્ટાર ખેલાડીઓ પર હાલમાં ફિલ્મોના નિર્માણમાં લાગેલા છે. તેનુ કહેવુ છે કે ફિલ્મમાં કામ કરવાને લઈને તે તૈયારી કરી રહી છે. ઉર્વશી બોલિવુડમાં સેક્સી સ્ટાર તરીકેની છાપ ધરાવે છે. સાથે સાથે તે કેટલીક સારી ફિલ્મોમાં વિતેલા વર્ષોમાં રોલ પણ કરી ચુકી છે. તે મુળભુત રીતે આઈટમ સોંગ તરીકે રોલ મેળવતી રહી છે.

**સેક્સી સ્ટાર તરીકેની છાપ ધરાવતી ઉર્વશી આગામી ફિલ્મમાં કોમેડી કરતી નજરે પડશે**


ARISTO PEST CONTROL
Set your mind at rest, we will get rid of the pest

- Mice
- Rat
- Cockroach
- Bedbug
- Animal Control
- Bird Control
- Wasps &
- Hive Removal



*** Same Day Service - Residential, Commercial, Industrial ***
*** No obligation inspection for commercial and residential clients ***

Written Guarantee And Discounted Rates

We speak English, Gujarati & Hindi

SANKET TRIVEDI
Government Licensed Structural Exterminator

647-339-3926
info@aristopestcontrol.ca
www.aristopestcontrol.ca

CPMA - ACGP
SPMAO
NATIONAL PEST MANAGEMENT ASSOCIATION Inc. International

24 Hours / 7 Days
Emergency Services
&
Animal Removal

પ્રોફેશનલ સર્વિસીસ — PROFESSIONAL SERVICES — Guaranteed

વિઝા-ઈમિગ્રેશનની સાચી અને જરૂરી માહિતી માટે મળો

Super & Visit Visa - Student Visa
Refused Spousal & Super / Visit Visa Application
સુપર / વિઝિટ વિઝા / સ્ટુડન્ટ વિઝા

We also do P.I.O. and O.C.I. applications

In-Canada students can apply for parents visit visa and spousal open work permit

ICC Canada Immigration Solutions Inc.

Toll Free: 1.866.341.2424 | info@iccimmigration.ca | www.iccimmigration.ca

H.O. 1137 Derry Road East, Mississauga, ON L5T 1P3

Tel: 905-461-2424

Ripudaman Dhillon iccrc crcic Manu Datta


# હોલિવુડની હલચલ

## ગળાની તકલીફથી પરેશાન છે : માઈલી સાયરસ



લોસએન્જલસ : હોલીવુડની ટોચની ગાયિકા માઈલી સાયરસને આજકાલ ગળાની તકલીફ થઈ રહી છે. ગયા મહિને તેણે ટોન્સિલ્સનું ઓપરેશન કરાવેલું. એ ઓપરેશન વખતે ડોક્ટરોએ માઈલીનું ગળું 'ખોલ્યું' ત્યારે તેમને સ્વરપેટીમાં એક ખામી જોવા મળી. આમ તો એ એક જૂની ખામી હતી અને એ ખામીસહિત માઈલી અતિ પ્રસિદ્ધ ગાયિકા બની શકી હતી, પરંતુ હવે ડોક્ટરોની સલાહને અનુસરીને માઈલીએ ગળાની લાંબા ગાળાની તંદુરસ્તીને ધ્યાનમાં રાખીને આ નવી જડી આવેલી જૂની મુસીબતનો ઈલાજ કરાવવાનું નક્કી કર્યું છે. એ માટે તેણે ફી એક વાર ગળાનું ઓપરેશન કરાવવું પડશે. એ ઓપરેશન બાદ તેણે ખાસ્સા સમય સુધી મૌન પાળવું પડશે. વિચાર કરો, જેનું મુખ્ય કામ જ ગાવાનું હોય તેવી વ્યક્તિએ ચૂપ રહેવું પડે તે તેના માટે કેટલું આકરું સાબિત થાય! પણ શું થાય? ડોક્ટરોની સલાહ તો માનવી જ પડે. એટલે માઈલીએ તેના નવા આલબમનું કામ હાલ પૂરતું અટકાવી દીધું છે અને આવતા વર્ષ માટે તેણે યોજેલી ટૂરનો કાર્યક્રમ પણ હોલ્ડ પર રાખી દીધો છે આ કપરા સમયમાં તેનો નવો બોયફ્રેન્ડ ટેકો બનીને ઊભો રહ્યો છે.

## માર્વેલની ફિલ્મોના બચાવમાં કેવિન ફેઇજે ઝંપલાવ્યું



લોસએન્જલસ : દુનિયાભરમાં સફળતા પામેલી માર્વેલ સ્ટુડિયોઝની ફિલ્મો વિશે ગયા મહિને દિગ્ગજ ફિલ્મકાર માર્ટિન સ્કોર્સેસીએ એક મુલાકાતમાં વિવાદ છેડતા કહ્યું હતું કે આ બધી ફિલ્મોને સિનેમા ગણી જ ન શકાય. એને બહુ બહુ તો થીમ પાર્ક ગણી શકાય. આ ફિ્લ્મોમાં માણસ-માણસ વચ્ચે થતી માનસિક-હાર્દિક આપલે નથી. આ ટિપ્પણી થોરના હથોડા જેવી સાબિત થઈ અને પછી તો ગોડફધર શ્રેણી બનાવનારા ફ્રેન્સિસ ફોર્ડ કપોલા સહિત અનેક લોકોએ પણ માર્વેલ ફિલ્મોની ટીકા કરી. એમની ટીકાના મૂળમાં એક જ વાત હતી કે આમાં ફિલ્મોમાં 'માણસ' નથી, માણસ-માણસ વચ્ચેના માનવીય સંબંધો નથી. આ આક્રમણ લાંબું ચાલ્યું ત્યારે છેવટે માર્વેલ સિનેમેટિક યુનિવર્સના ચીફ ક્રિયેટિવ ઓફિસર કેવિન ફેઈજે મોં ખોલ્યું અને પોતાની ફિલ્મોના બચાવમાં કહ્યું, ''આ બધી (સ્કોર્સેસી અને કોપોલાએ કહેલી) વાતો ખોટી છે, આ વિવાદ કમનસીબ છે. મને લાગે છે કે હું પોતે અને આ ફિલ્મો બનાવનારા અમે તમામ લોકો સિનેમાના પ્રેમીઓ છીએ. અમને થિયટેરમાં જઈને ફિલ્મો જોવાનું ગમે છે. ફિલ્મો જોવાનો એ જે સામૂહિક અનુભવ છે એ અમને પ્યારો છે.'' ટૂંકમાં, માર્વેલની ફિલ્મોમાં માનવીય સંવેદનાની કમી છે એવા આરોપના જવાબમાં છેવટે કેવિને કહ્યું, ''કળા વિશે સૌની પોતપોતાની અલગઅલગ વ્યાખ્યા હોઈ શકે.''

## સિંગર હેરી પોતાના વસ્ત્રો ઠંડાગાર લોકરમાં રાખે છે

લોસએન્જલસ : હોલીવુડનો ટોચનો સિંગર હેરી સ્ટાઈલ એણે વિવિધ પ્રસંગે પહેરેલા વસ્ત્રો ફેંકી નથી દેતો. લંડનના એક સીક્રેટ વોલમાં એના વસ્ત્રો શૂન્યથી અનેક ડીગ્રી નીચે થીજાવીને રાખે છે. એક પોર્ટલને આપેલી મુલાકાતમાં એના ડિઝાઈનર ફ્રેન્ડ હેરિસ રીડે આ ઘટસ્ફોટ કર્યો હતો. જ્યાં રાઉન્ડ ધ ક્લોક સીક્યોરિટી ગાર્ડ સીસીટીવી કેમેરા સાથે પહેરો દે છે. હેરિસે કહ્યું કે પહેલી નજરે આ ઘેલછા માનવામાં ન આવે એવી છે પણ આ જ સત્ય છે એની પ્રત્યેક સિંગિંગ ટૂર માટે એ ૧૪-૧૫ નવા પોષાક તૈયાર કરાવે છે. એમાંથી છ-સાત ડીઝાઈન એ વિવિધ કાર્યક્રમ દરમિયાન પહેરે છે. અને બાકીના નવાનકોર વસ્ત્રો એ નિગરાનીમાં રાખે છે. જો કે ક્રાયોજેનિક વોલ્ટમાં, અત્યંત થીજાવી દીધેલ વાતાવરણમાં એ શા માટે રાખે એ હજી અકળ છે. સંભવત ભવિષ્યમાં હેરી સ્ટાઈલ્સ ખુદ આ રહસ્ય ફરતેથી પડદો દૂર કરે તો જ આ પાછળના તર્કની જાણ થાય.

## ડીપ્રેશનની સારવાર બાદ સેલેના ગોમેઝ ફરી સ્ટેજ શો કરશે

લોસએન્જલસ : હોલીવુડની ટોચની સિંગર સેલેના ગોમેઝ પોતાના બોયફ્રેંડ જસ્ટીન બીબરથી અલગ થયા બાદ ડીપ્રેશનનો શિકાર થઈ હતી. ડિપ્રેશનની સારવાર લીધા બાદ બાદ સેલેના ગોમેઝ હવે સાજી થઈ ગઈ છે. હવે એને ડીપ્રેશનની દવાની જરૂર નહીં પડે. સાજા થયાની બાપોકાર જાહેરાત કરતાં કહ્યું કે એ નવું ગીત લઈને આવી રહી છે. ૨૭ વર્ષીય સિંગર આ પ્રકારનાં સંકેત પાછલાં કેટલાક અઠવાડિયાઓથી સોશ્યલ મીડિયાનાં પેજ પર વારંવાર આપતી રહી છે. એણે કહ્યું હતું કે, ''હું પ્રેમમાં આંધળી બની ગઈ હતી અને એ મારી ભૂલ હતી. જોકે હવે હું પાછલી યાદો ભૂલી આગળ વધી ગઈ છું.'' એના ચાહકોની અટકળ મુજબ આલબમ ગીતાના નવા આલ્બમમાં જસ્ટિન બિબરનો ઉલ્લેખ જરૂરથી હશે. બન્ને ડેટ કરતા હતા પણ જસ્ટિને અચાનક સેલેનાને પડતી મૂકી અને હેઈલીને પરણી ગયો.


Super Visa Medical Insurance
Best rates available

Call us for No obligation advice for
- Life Insurance.
- Mortgage Insurance.
- Critical Illness Insurance.
- Disability Insurance.
- Health Insurance.
- Visitor to Canada Medical Insurance.
- Registered Retirement Saving Plan (R.R.S.P.)
- Registered Education Saving Plan (R.E.S.P.)

Secure your children's future and enroll in RESP & get thousands of dollars in Govt Grants

We represent all Major Insurance Companies of Canada

Guaranteed Money Back Plans / Non medical Plans are available

Persons with medical problems like Blood Pressure, Cholesterol, Diabetes, Heart Problem can get insurance (conditions apply)

MadhuSudan Lama 647-833-4477
Hetal Shah 416-522-1676
Anirudh Lama 416-822-2570

EFS Economical Financial Services Inc.
1694 Albion Road, Unit #1, 2nd Floor, Etobicoke ON M9V 1B8 • Tel: 416-746-4142



LIFE INSURANCE
MORTGAGE/LINE OF CREDIT INSURANCE

Q : Do you have MORTGAGE / Line Of Credit Insurance With BANK ?
A : Compare & Save up to 50% LOWEST RATES GUARANTEED

Monthly Premiums TERM 10 (RCC) Preferred Plus Non Smoker with Medical Test

| AGE | $ 250,000 Male & Female | | $500,000 Male & Female | | $1000,000 Male & Female | |
|---|---|---|---|---|---|---|
| 30 Yrs | $ 12.00 | $ 07.00 | $ 18.00 | $ 10.00 | $ 32.00 | $ 19.00 |
| 40 Yrs | $ 13.00 | $ 08.00 | $ 22.00 | $ 14.00 | $ 36.00 | $ 26.00 |
| 50 Yrs | $ 30.00 | $ 18.00 | $ 50.00 | $ 31.00 | $ 95.00 | $ 60.00 |
| 60 Yrs | $ 85.00 | $ 56.00 | $ 146.00 | $ 103.00 | $ 271.00 | $ 190.00 |

ALSO AVAILABLE
- NO MEDICAL TEST LIFE INSURANCE (up to age 85) (Even it you have DIABETES, BLOOD PREASURE, HEART ATTACK, STROKE) CANCER OR INSURANCE declined by other companies
- CORPORATION OWNED LIEF / CRITICAL ILLNESS INSURANCE (Key Person INSURANCE, BUY SELL AGREEMENT, GROUP BENEFITS)
- MONEY BACK LIFE / CRITICAL ILLNESS INSURANCE, RRSP, RESP, TFSA

Visitor To CANADA INS, TRAVEL INS, Lite ins For Refugees & Work Permits

Davinder Singh Chawla

416.320.4614
Email : - Davindersinghfhl@gmail.com
www.financialhutltd.com,
Toll : 1866.623.0865
Call For HONEST ADVICE

MONTHLY & ANNUAL PLANS
SUPER VISA INSURANCE
HARD TO BEAT OUR PREMIUMS

# મહિલાઓમાં પગના સોજાની વધતી જતી સમસ્યા

વધારે વાર સુધી એક જગ્યાએ પગ લટકાવીને બેસી રહેવાથી ઘણા લોકોના પગે સોજા આવી ગયાની તેઓ ફરિયાદ કરતા સાંભળવા મળે છે. આવી ફરિયાદો ખાસ કરીને એના મોઢે જ સાંભળવા મળે છે. 'સવારે તો એકદમ તાજી અને હળવીફૂલ જેવી ઓફિસે જાઉં છું, પણ સાંજે પાછી આવું છું, ત્યારે પગ સૂજીને થાંભલા જેવા થઈ ગયા હોય છે.'

લાંબી મુસાફરી દરમિયાન સૌથી વધારે હેરાનગતી મારા પગને લીધે જ મારે ભોગવવી પડે છે. પગ પર કોઈએ વીસ કિલો લોખંડની સાંકળ બાંધી દીધો હોય, તેવા તે ભારે થઈ જાય છે. એ વખતે તો પગમાં ચંપલ પણ પહેરતા નથી. 'વધારે વાર સુધી પગલટકાવી રાખું, તો મારા પગ હાથીના પગ જેવા થઈ જાય છે.'' 'પોતાના જ શરીરને ઉપાડવું પણ ભારરૂપ લાગે છે. પગેવજન બાંધીને પગ ઉપાડતી હોઉં, તેમ લાગે છે. આવી ફરિયાદો મોટા ભાગે એક જ જગ્યાએ બેસી રહેવા સિવાય બીજું કાંઈ ન કરતી ભારે શરીરવાળી અને પ્રૌઢાવસ્થાએ પહોંચેલી મહિલાઓ જ કરતી હોય છે. આમ જોઈએ તો પગે સોજા ચડવા કે પગમાં ખાલી ચડી જવી એ કોઈ ગંભીર બીમારી નથી, પરંતુ જે વ્યક્તિને આવી તકલીફ હોય, તેઘણીવાર બહુ હેરાન થતી હોય છે.




## સોજા ન આવે તે માટે ચાલવું એ સૌથી સરળ ઉપાય

**1** પગમાં સોજા ન આવે તે માટે ચાલવું એ સૌથી સરળ ઉપાય છે. દરરોજ ઓછામાં ઓછું અડધો કલાક ચાલો. આથી પગની માંસપેશીઓ મજબૂત થશે અનેલોરીફરવાની ક્રિયા ઝડપી થશે. ચાલવું, જોગિંગ અને સાઈક્લિંગ એ પગ માટેની ઉત્તમ કસરતો છે. તરવું એ પણ સારો વ્યાયામ છે, કેમ કે પાણી પગની શિરાઓ પર દબાણ લાવીને હૃદય તરફ જતા લોહીના પ્રવાહને ઝડપી બનાવે છે.

**2** બેસો ત્યારે પગ પર પગ ચડાવીને ન બેસો, કેમકે આવું કરવાથી લોહીનો પ્રવાહ રોકાય છે. બહુવાર સુધી એક જ જગ્યાએ ઊભાન રહો. આથી પણ લોહીનો પ્રવાહ અવરોધાય છે. જો તમારું કામ જ એવું હોય કે જેમાં તમારે વધારે વાર સુધી પગ લટકાવીને બેસી રહેવું પડતું હોય અથવા કલાકો સુધી ઊભા પગે કામ કરવું પડતું હોય છે.

## એક્સરસાઈઝ

ચત્તા સૂઈ જાવ. પગને થોડા ઉપર રાખો. પગને થોડા ઉપર રાખવા માટે પગ નીચે એક-બે ઓશીકાં મૂકી શકો છો. સવાર-સાંજ પાંચ-દસ મિનિટ આવી રીતે સૂઈ જાવ. જો શક્ય હોય તો કામના સમય દરમિયાન પણ પાંચ-સાત મિનિટ આવું કરીને પગને આરામ આપો. જો પગની તકલીફ વધી ગઈ હોય, તો રાત્રે સૂતી વખતે પગ લંબાવ્યા હોય તે બાજુથી પલંગને જમીનથી બે-અઢી ઈંચ ઊંચો કરીને રાખો.

- જો શરીરનું વજન વધારે પડતું હોય તો એથી હૃદયપરનું દબાણ વધે છે તથા તેના કાર્યમાં અવરોધ ઊભો થાય છે સાથે સાથે પગમાં સોજો આવવાની ફરિયાદ પણ ઊભી થાય છે, એટલે તમારું વજન કાબૂમાં રાખો. આ માટે નિયમિત કસરત કરો તથા તમારા ખોરાક પર નિયંત્રણ રાખો, લીલાં શાકભાજી, ફળ, ફોતરાંવાળી દાળ, ઓછી ચરબીવાળા પદાર્થ વગેરે ભોજનમાં લો. વધારે પડતાં ચુસ્ત કપડાં અને મોજાં ન પહેરો, કેમ કે એથી પણ લોહીનો પ્રવાહ અવરોધાય છે. સામાન્ય માન્યતા એવી છે કે ઉષ્મા લોહીના ભ્રમણનેઝડપી બનાવે છે, પણ એવું નથી ઊલટાનું તે માંસપેશીઓની ચુસ્તી ઓછી કરે છે, જેથી શિરાઓ ફુલવા લાગે છે, એટલે વધારે પડતા તડકા, શેક વગેરેથી બચવું જ હિતાવહ છે.

આવી તકલીફ ઊભી થવાનું મુખ્ય કારણ પગમાં લોહીના પરિભ્રમણની ધીમી ગતિ છે. પગની આ તકલીફોનું કારણ સમજતાં પહેલાં રુધિરાભિસરણ તંત્રવિશે થોડું જાણી લેવું જરૂરી છે. હૃદયમાંથી શુદ્ધ લોહી ધમનીઓ દ્વારા પગ સુધી પહોંચે છે. ધમનીઓમાં લોહીનું દબાણ વધારે હોવાથી લોહીના ભ્રમણની ગતિ પણ વધારે હોય છે. પરંતુ તે પગ સુધી પહોંચે છે ત્યારે દબાણ ઓછું થઈ જાય છે. પરિણામે રુધિરાભિસરણ પણ ધીમું પડી જાય છે. પગ તથા તળિયાંની માંસપેશીઓને ઓક્સિજન પહોંચાડયા પછી લોહી શિરાઓ મારફતે ફેફસામાં શુદ્ધ થઈને પાછું હૃદય સુધી પહોંચે છે. નીરોગી શિરાઓની અંદરની દીવાલ ચુસ્ત અને લવચીક હોય છે, સાથોસાથ ઉપરની તરફ ધકેલાતું લોહીપગતરફ પાછુંન ઊતરે, તે માટે શિરાઓમાં માત્ર એક તરફ જ ખૂલતા એકમાર્ગી વાલ્વ હોય છે. પગ ઉપાડતી વખતે શિરાઓની માંસપેશીઓ સંકોચાય છે, જેથીદબાણ આવવાથી લોહી ઉપરની તરફ ધકેલાય છે.

દબાણ અને સંકોચનની આ પ્રક્રિયાના પરિણામે ત્વચાની તદન નીચેની શિરાઓમાંનું લોહી માંસપેશીઓની અંદરની શિરાઓમાં જતું રહે છે અને એક તરફી વાલ્વના કારણે તે પાછું આવતું નથી, બહુ વાર સુધી નિષ્ક્રિય બેસી રહેવાથી પિંડીઓની માંસપેશીઓમાં સંકોચનની ક્રિયા નથી થઈ શકતી, જેથી તે લોહીને પાછું હૃદય તરફ મોકલવા માટે બરાબર ધકેલી શકતી નથી. આવું થતાં પગમાંજેલોહી એકઠુંથાય છે, તેના લીધે સોજા આવે છે. ધ બીજુએકે, કેટલાકલોકોના પગની શિરાઓમાં એકમાર્ગી વાલ્વની સંખ્યા પ્રમાણમાં ઓછી હોય છે, જ્યારે કેટલાક લોકોમાં આવાજ્ઞજલદી ખરાબ થઈ જવાનું આનુવાંશિક લક્ષણ પણ ઊતર્યું હોય છે. આવી સ્થિતિમાં સપાટી પરની શિરામાંથી લોહી ક્યારેય તદન ખાલી થતું નથી. તેમાં લોહીનો ભરાવો થતો રહેવાથી શિરાની દીવાલઢીલી થઈને લબડી પડે છે અને તે ફુલી જાય છે. આ કારણસર પગેસોજા આવીજવાનેતબીબી ભાષામાં 'શિરાઓ ફુલી જવી'નું પ્રાથમિક ચિહ્ન ગણવામાં આવે છે.


SUPER VISA INSURANCE
( Monthly Plan Available)
We represent all Major Insurance Companies of CANADA
WE DEAL WITH

- Life Insurance
- Mortgage Insurance
- Disability Insurance
- Critical Illness Insurance
- Visitors to Canada Insurance
- RRSP ( Retirement Plan)
- TFSA
- RESP ( Education Plan)

Secure your children's future and enroll in RESP & get thousands of dollars in Govt. Grants
Guaranteed Cash Value Plans/ Non Medical Plans are available
(CALL FOR FREE EVALUATION)
HIREN MODI
Independent Life Insurance Broker
Direct: 416-897-7073
Email: hirenjmodi@yahoo.com
EVERY DREAM NEEDS A PLAN



SHIV FINANCIAL SERVICES
VISITOR TO CANADA AND NEW IMMIGRANTS INSURANCE
Full Time Service Provider
Serving Community Since 2009
Supervisa Insurance Monthly Plan Available
• Life Insurance, Critical Illness Insurance & Mortgage Insurance with Money Back Option • Health & Dental Plan • Segregated Fund • Personal Tax-file
* અમે બધી ટોપની ઈન્સ્યુરન્સ કંપનીઓનું પ્રતિનિધિત્વ કરીએ છીએ.
* New Life Insurance Advisors are recruited.

જગદીશ સેવક
(Financial Advisor)
Cell: 647-236-7620
::: For Free Quotation & Consultation :::
SHIV FINANCIAL SERVICES
"Proper insurance coverage is Peace of Mind"
Email: sevak_2007@hotmail.com
www.shivfinancialservices.ca
GUARANTEED LOWEST PREMIUM



શ્રીજી (SHRIJI) IN BRAMPTON
CATERING AND TAKEOUT
Operated By : RAMABEN PATEL
71, WEST DRIVE, UNIT #34, NEAR OM GROCERY
CATERING TAKE OUT & FAST FOOD
ALL TYPE OF GUJARATI SNACKS
& FOOD AVAILABLE
JAIN ITEMS ALSO AVAILABLE
100% PURE VEG
Test our special GUJARATI FOOD
Kathiyawadi Meal On SUNDAY
TRY OUR SPECIAL ITEMS
DABELI, KACHORI, PAV BHAJI, LADU & MORE

COOK NEEDED FOR INDIAN FOOD.
LOCATION
71, WEST DRIVE, UNIT # 34, NEAR OM GROCERY, IN, 36T 5E2
PLS. CONTACT FOR DETAILS
PH. 905-451-4050 - CELL : 416 -509-2120
KITCHEN HELP WANTED

# વોટ્સ ન્યુ, ઈન ધિસ વેડિંગ સીઝન ?



નવું વર્ષ શરૂ થઈ ચૂક્યું છે, તે સાથે નવેમ્બર-ડિસેમ્બર મહિનામાં લગ્નની સીઝનની પણ શરૂઆત થઈ ગઈ છે. લગ્નની તૈયારી તો દરેક છોકરી ખૂબ જ હોંશથી કરે છે. તેની સાથે તેના માતા-પિતા, ભાઈ-બહેન પણ ખૂબ જ ઉત્સાહ સાથે ઘરના દીકરીના લગ્નની તૈયારી કરવા લાગી જાય છે. કોઈપણ છોકરી હોય તે એમ ઈચ્છે છે કે, જ્યારે તે દુલ્હન બને ત્યારે તે સૌથી સુંદર દેખાયપ પરંતુ અત્યારની દુલ્હન સુંદર દેખાવાની સાથે ટ્રેન્ડી દેખાવા પણ ઈચ્છે છે.આપણા ગુજરાતીમાં તો દીકરી પરણવા બેસે એટલે પાનેતર (સફેદ અને લાલ અથવા મરૂન રંગની સાડી ) પહેરીને બેસતી હતી. હવે સિનારીઓ બદલાયો છે. છેલ્લા કેટલાંક સમયથી તો પાનેતરના બદલે દુલ્હન વિવિધ પ્રકારની ચણિયા-ચોળી પહેરવી પસંદ કરતી હતી. છેલ્લા દસ વર્ષની વાત કરીએ તો દસ વર્ષ પહેલા પાનેતરની જ ફેશન હતી, પરંતુ તેમાં લાલ અને સફેદ રંગ કરતા મરૂન રંગનું પાનેતર જે સિન્થેટિક કાપડનું હતું, જેમાં સ્ટોન વર્કની ફેશન હતી. તેના બે વર્ષ બાદ ફેશનમાં બદલાવની સાથે ચણિયા-ચોળીનો ટ્રેન્ડ શરૂ થયો. જેમાં ચણિયા-ચોળી અને ઉપરની અલગ ચુંદડી ઓઢવામાં આવતી હતી. ત્યાર બાદ બ્રોકેટ અને નેટ કાપડનો ક્રેઝ આવ્યો. છેલ્લા બે વર્ષથી તો દુલ્હન કાન્જીવરમ સિલ્ક, કલક્તી, અને પટૌડા પહેરીને લગ્ન કરવા બેસતી હતી. જેમાં તે મરૂન, લીલો, ગોલ્ડન, સફેદ વગેરે જેવા રંગને પસંદ કરતી હતી.

## ઇન્ડોવેસ્ટર્ન, ચોલી કેવી પસંદ કરવું?



વેડિંગ ડ્રેસમાં દુલ્હનને જે સ્ટાઈલ અનુકૂળ આવે તે કરાવી શકે છે. પરંતુ જો બ્રોકેટનું કાપડ પસંદ કરવું હોય તો તેમાં જરદોસી વર્ક વાળા બુટ્ટા લગાવી શકાય અથવા તો પ્લેન બ્રોકેટ બીજા કોઈ કલર કોમ્બિનેશન સાથે પણ રાખી શકાય છે. કારણ કે બ્રોકેટ પોતે જ હેવી એન્ડ રિચ લુક આપે છે, કે તેમાં કોઈ બીજુ વર્ક ન કરાવો તો વધારે સારો લુક આવશે. તેમ છતાં જો ઈચ્છા હોય તો હેવી બોર્ડર મુકાવી શકાય છે.

જો સિલ્કનું કાપડ પસંદ કરી રહ્યાં હોય અને સિમ્પલ પણ ક્લાસી લુક ઈચ્છતા હોય તો એમ્બ્રોઈડરી વર્ક ખૂબ જ સુંદર દેખાશે. તેમાં તમે કોન્ટ્રાસ્ટ કલર કોમ્બિનેશન સાથે બ્લાઉઝ અને ચણિયો તૈયાર કરાવી શકો છો. સિનથેટિક કે જયોર્જટ મટીરિયલ પસંદ કરો. તો તેમાં છાપ કામ કરાવી શકો છો. તે તમારા દેખાવને સિમ્પલ અને આકર્ષક બનાવશે. પરંતુ જો બને તો વેડિંગ ડ્રેસમાં આ મટીરિયલને પસંદ ન કરવું. કારણ કે આ કાપડનું લાંબુ આયુષ્ય નથી, જેમાં કરાવેલું મોંઘુ વર્ક કે પછી મોંઘો ખરીદેલો ડ્રેસ પણ ટૂંક સમયમાં ખરાબ થવાની પૂરી શક્યતા રહે છે. વેલ્વેટ ઓલ ટાઈમ ફેવરેટ મટીરિયલ છે. જેની ફેશન ક્યારેય જૂની થતી નથી. તેમાં પણ જો ઠંડીની સીઝનમાં લગ્ન હોય તો પછી બીજું શું જોઈએ? ચોલી અને ચણિયો બંને વેલ્વેટ મટીરિયલનો પસંદ કરો, તેમાં તમે જરદોસી વર્ક કરાવો, તેમાં તમે સિલ્વર કે ગોલ્ડન બંનેમાંથી કોઈપણ વર્ક કરાવી શકો છો. તેની પર નેઈટનો દુપટ્ટો પસંદ કરો. આ વેડિંગ ડ્રેસ એવરગ્રીન છે અને રહેશે.

## વેડિંગ ડ્રેસ માટે કેવો કલર પસંદ કરવો?



સામાન્ય રીતે આપણે ત્યાં વેડિંગમાં લાલ, મરૂન, સફેદ, લીલો આ રંગની પસંદ કરવામાં આવે છે. પરંતુ ડ્રેસની સ્ટાઈલના બદલાવની સાથે તમે ઓરેન્જ, લાઈટ અને ડાર્ક પિન્ક, લાઈટ અને ડાર્ક બ્લ્યુ, ગ્રીન, ગોલ્ડન, પીચ વગેરે જેવા રંગ પસંદ કરી શકો છો. પરંતુ કોઈપણ રંગનો ડ્રેસ પસંદ કરતાં પહેલા તમારી ત્વચાના રંગ મુજબ તે કલરનો ડ્રેસ સારો લાગશે કે નહીં તે બાબતનું ખાસ ધ્યાન રાખવું.

## વેડિંગ જ્વેલરી કેવી પસંદ કરવી?

વેડિંગ જ્વેલરીમાં હવે ડાયમંડ અને ગોલ્ડ જ્વેલરી જૂની થઈ ચૂકી છે, અને જૂની જ્વેલરી ફરી એક વખત ટ્રેન્ડમાં આવી ગઈ છે. એટલે કે દુલ્હન ચણિયા-ચોળી પહેરવી વધુ સારી લાગે છે. આ વેડિંગ સીઝનમાં કુંદન જ્વેલરી, મીનાકારીગરી વાળી જ્વેલરી, જડતર વગેરે ટ્રેન્ડમાં છે. જેમાં ગળાનો ચોકર(સેટ), પટ્ટી સેટ, બંદી, ટીક્કો, લાંબો સેટ, બુટ્ટી, પાયલ, પાટલા, બાજુબંધ, પોચી, કમર બંધ, વેઢ વગેરે પહેરીને સૌથી સુંદર દુલ્હન દેખાશો.


MOTEL for SALE

NIRAJ PANCHOLI, REALTOR®
ASQ CQT (Toronto) Mechanical Engineer (Ahmedabad)
Cell: 647-866-2790
Email: ncpancholi@gmail.com
Website: www.century21.ca/niraj.pancholi
Multi Award Winner Agent Since 2011, Proven Result through Honesty, Professionalism & Experience

Outstanding Achievement Award of Excellence: 2011, 2012, 2013, 2014, 2015, 2016, 2017, 2018, 2019
#42 OF TOP 75 PRODUCER IN CANADA AWARD BY CENTURY 21
CENTURION PRODUCER AWARD, Successful Listing Agent Award, Silver Award, Pacesetter Gold Award,
Diamond Award, Masters Emerald Award, Platinum Award .... And many more .....



MOTEL KING : Specializing in Selling MOTELS with Proven Record

OUR TEAM IS SELLING OTHER BUSINESSES IN ONTARIO
Contact us TO SELL your Plaza, Apartment Building, Retirement Home, Food Franchise, Restaurant, Gas Station or Any other business in Ontario.

RECENT AWARDS FORM CENTURY 21 CANADA
RECENT AWARDS FORM CENTURY 21 CANADA
#42 OF TOP 75 PRODUCER IN CANADA
CENTURION PRODUCER AWARD
PACESETTER PLATINUM AWARD

NEW: 12 ROOM MOTEL FOR SALE OR LEASE
Located on Hwy 7, 45 min form Peterborough
Spent about 200K on Renovation
10 Room with Kitchenette- high demand
Low operating costs: under 45K
**Asking For Sale: $750,000**
**Asking For Lease: $7,500/month**

14 ROOM MOTEL & RESTAURANT ASKING $699K
Inside corridor well maintained motel
located on Hwy 17 near Sudbury
Gross total revenue: about $300K
Seller willing to hold Mortgage

FEW RECENTLY SOLD MOTELS
- Franchise hotel in Gananoque/1000 Island - Sold
- Hotel near Goderich / Lake Huron - Sold
- Motel in Cochrane, Hwy 11- Sold
- Motel in Blind River, Hwy 17 - Sold
- Motel near Sault Ste Marie, Hwy 17 - Sold
- Franchise Motel in Cochrane, Hwy 11 - Sold

NEW: 25 + ROOM MOTEL FOR SALE
In Thunder Bay, 2 hrs flight time form Toronto
**Asking $2.3M**

NEW: FRACHISE MOTEL FOR SALE
3 HRS FORM TORONTO
**Asking under $5M**
Principal buyers with min 40% down payment only

18 ROOM MOTEL & 3BR HOUSE ASKING $799K
Spent thousands of dollar on Renovation
1.5 Hrs form Ottawa & 4 Hrs form Toronto

OTHER MOTELS FOR SALE : $600K to $5M
**Principal buyers only**
**Down payment require : 25% to 50%**
**Call for info or to set up personal meeting**

**Motel Manager Require:** To stay and operate motel in north English & Computer knowledge require, Experience preferred

**Working Partner:** Interested to operate motel as working partner with 10 to 20% of your investment opportunity coming in 2020

URGENT LISTING REQUIRE: MOTELS & HOTELS
Any Size, Any Price, Any Where, Franchise or Non Franchise
I have many Buyers for all : waiting for good motel

BUYERS PLEASE NOTE: Personal meeting is very important if you are a SERIOUS BUYER & have provable down payment. You will get top priority on new listings.

Century 21 People's Choice Realty Inc., 120 Matheson Blvd E, Unit 103, Mississauga, L4Z 1X1 Office Ph: 905-366-8100, Fax: 905-366-8101 Other offices: Brampton & Etobicoke

# અંતે મહારાષ્ટ્રમાં શિવસેના સાથે સરકાર રચવા એનસીપી અને કોંગ્રેસના સંકેતો

**• ગઠબંધનની રચનાને આખરી સ્વરુપ આપવા શુક્રવારે મુંબઈમાં શિવસેનાની સાથે કોંગ્રેસ-એનસીપીની બેઠક :**

નવી દિલ્હી : કોંગ્રેસ-એનસીપી ગઠબંધન મહારાષ્ટ્રમાં સરકારની રચનાને લઈને આશાવાદી છે. આ ગઠબંધને મહારાષ્ટ્રમાં સરકારની રચના સાથે સંબંધિત તમામ મુદ્દાઓ ઉપર તેમની ચર્ચા પરિપૂર્ણ કરી લીધી છે. હવે શુક્રવારે ગઠબંધનની રચનાને આખરી ઓપ આપવા મુંબઈમાં શિવસેના સાથે મળીને સરકારની રચનાના મુદ્દા પર વાતચીત થશે. મહારાષ્ટ્રના પૂર્વ મુખ્યમંત્રી પૃથ્વીરાજ ચૌહાણે કોંગ્રેસ અને એનસીપીના નેતાઓની બેઠક બાદ પત્રકારો સાથે વાતચીત કરતા કહ્યું હતું કે, તમામ મુદ્દાઓ ઉપર સંપૂર્ણ સર્વસંમતિ થઈ ચુકી છે. ત્રણેય પક્ષોમાં સત્તા વહેંચણી ફોર્મ્યુલાની જાહેરાત એ વખતે કરવામાં આવશે જ્યારે શિવસેના સહિત ગઠબંધન ભાગીદારો તેમના કોમન મિનિમમ પ્રોગ્રામ (સીએમપી)ની જાહેરાત કરશે. તેમણે કહ્યું હતું કે, તમામ મુદ્દાઓને લઈને સર્વસંમતિ થઈ ગયા બાદ મિડિયાને સૂચિત ગઠબંધનના સંદર્ભમાં માહિતી આપવામાં આવશે. આવતીકાલે શુક્રવારના દિવસે મુંબઈમાં ફરી એકવાર મિટિંગ થનાર છે. પૃથ્વીરાજે દિલ્હીમાં એનસીપીના પ્રમુખ શરદ પવાર સહિત પાર્ટીના તમામ નેતાઓ સાથે બેઠક બાદ રચનાત્મક સંકેત આપ્યા હતા. તેમણે કહ્યું હતું કે, કોંગ્રેસ નેતા સાથે પણ વાતચીત સફળ રહી છે. સરકારની રચનાને લઈને જે કવાયતો ચાલી રહી છે તેમાં કોંગ્રેસ અને એનસીપીની વચ્ચે ચર્ચાનો આગામી દોર પૂર્ણ થયો છે. તમામ મુદ્દા પર સર્વસંમતિ થઈ ચુકી છે. હવે જે પણ ચર્ચા થશે તે મુંબઈમાં થશે.

# વ્યાપમ કૌભાંડમાં ૩૧ દોષિત, ૨૫મી તારીખે સજાનું એલાન

નવી દિલ્હી : ૨૦૧૩માં 'વ્યાપમ' પોલીસ ભરતી મામલે થયેલા કૌભાંડમાં સ્પેશલ સીબીઆઈ કોર્ટે તમામ ૩૧ આરોપીઓને દોષી ઠેરવ્યા છે. હવે આ સંબંધમાં ૨૫ નવેમ્બરનાં ચુકાદો સંભળાવવામાં આવશે. સીબીઆઈ તરફથી ૩૧ આરોપીઓની સામે ચાર્જશીટ દાખલ કરવામાં આવી હતી. તમામ આરોપીઓ જમાનત પર હતા, જેમણે ચુકાદો આવ્યા બાદ કસ્ટડીમાં મોકલી દેવામાં આવ્યા હતા.

## શું હતુ આખો મામલો?

'વ્યાપમ'માં મોટા કૌભાંડનો ખુલાસો ૭ જુલાઈ, ૨૦૧૩નાં પહેલીવાર પીએમટી પરીક્ષા દરમિયાન ત્યારે થયો, જ્યારે એક ગેંગ ઇન્દોર ક્રાઇમ બ્રાન્ચની ઝપેટમાં આવી. આ ગેંગ પીએમટી પરીક્ષામાં નકલી વિદ્યાર્થીઓને બેસાડવાનું કામ કરતી હતી. મુખ્યમંત્રી ચૌહાણે આ મામલાને ઑગષ્ટ ૨૦૧૩માં એસટીએફને સોંપી દીધો. હાઈકોર્ટે મુદ્દાની જાણકારી લીધી અને તેણે હાઈકોર્ટનાં રિટાયર્ડ જજ ચંદ્રેશ ભૂષણની અધ્યક્ષતામાં એપ્રિલ ૨૦૧૪માં એસઆઈટીની રચના કરી, જેની દેખરેખમાં એસટીએફ તપાસ કરતી રહી. ૯ જુલાઈ, ૨૦૧૫નાં આ કેસ સીબીઆઈને સોંપવાનો નિર્ણય થયો અને ૧૫ જુલાઈથી સીબીઆઈએ તપાસ શરૂ કરી.

# મણિપુરમાંથી મેડનેસ ડ્રગ 'યાબા' ટેબલેટ્સનો ત્રણ કરોડનો જથ્થો જપ્ત કરાયો

કોલકાતા : સંરક્ષણ અધિકારી દ્વારા આપવામાં આવેલી માહિતી પ્રમાણે આસામ રાઈફલ્સે મણિપુરમાંથી પ્રતિબંધિત યાબા ટેબ્લેટ્સના ભારે મોટા જથ્થા સાથે એક વ્યક્તિની ધરપકડ કરી લીધી છે. આસામ રાઈફલ્સે મણિપુરમાંથી ત્રણ કરોડ રૂપિયાનું મૂલ્ય ધરાવતી એક લાખ નંગ યાબા ટેબ્લેટ્સ ના જથ્થા સાથે એક વ્યક્તિની ધરપકડ કરી છે.

મોટા ભાગે ગુલાબી રંગમાં જોવા મળતી યાબા ટેબ્લેટ્સ 'મેડનેસ ડ્રગ' તરીકે પણ પ્રખ્યાત છે. પેરામિલિટ્રી દળે ભારત-મ્યાનમારની સરહદે આવેલા મોરેહ ગામથી ઈમ્ફાલ તરફ જઈ રહેલા વાહનમાંથી ડ્રગ્સનો આ જથ્થો ઝડપી લીધો હતો. તપાસ દરમિયાન વાહનમાં જઈ રહેલી વ્યક્તિ પાસેથી ટેબ્લેટ્સ ભરેલા વાદળી રંગના નાના-નાના પાઉચ મળી આવ્યા હતા જે યાબા ટેબ્લેટ્સના હોવાનું સામે આવ્યું હતું.

# ૮૮૦૦૦ કરોડનું દેવું ધરાવતી દિવાન હાઉસિંગ નાદારીના પંથે

**• કંપનીએ ૧૫૦૦૦ કરોડ એફડી ધારકોને ચૂકવવાના છે જ્યારે બેંકોએ રૂપિયા ૩૮૦૦૦ કરોડ લેવાના બાકી**

મુંબઈ : દેવાબોજ હેઠળની બહુચર્ચિત દીવાન હાઉસિંગ ફાઈનાન્સ કોર્પોરેશન લિમિટેડ (ડીએચએફએલ)ની બોર્ડને રિઝર્વ બેન્ક ઓફ ઈન્ડિયાએ બુધવારે સુપરસીડ કરી હતી. વહીવટી ખામીઓ તથા અનેક પેમેન્ટસ જવાબદારીઓમાં ડીફોલ્ટસને કારણે આરબીઆઈનો આ નિર્ણય આવી પડયો છે.

ડીએચએફએલ વિરુદ્ધ ટૂંક સમયમાં ઈન્સોલવેન્સી એન્ડ બેન્કરપ્સી રુલ્સ હેઠળ રિઝોલ્યુશન પ્રક્રિયા શરૂ કરાશે એમ આરબીઆઈ દ્વારા એક નિવેદનમાં જણાવાયું હતું. ઈન્ડિયન ઓવરસીઝ બેન્કના ભૂતપૂર્વ એમડી તથા સીઈઓ આર. સુબ્રમણિયાકુમારને હાલમાં કંપનીના એડમિનિસ્ટ્રેટર તરીકે નિમવામાં આવ્યા છે.

ઈન્સોલવેન્સી રિઝોલ્યુશન પ્રોફેશનલની એડમિનિસ્ટ્રેટર તરીકે નિમણૂંક કરવા આરબીઆઈ ટૂંક સમયમાં એનસીએલટીને અરજી કરશે એમ પણ યાદીમાં જણાવાયું હતું. એક અંદાજ પ્રમાણે ડીએચએફએલના માથે રૂપિયા ૮૮૦૦૦ કરોડનું દેવું છે. જેમાં રૂપિયા ૧૫૦૦૦ કરોડ તેણે ફિક્સડ ડીપોઝિટ ધારકોને ચૂકવવાના છે જ્યારે બેન્કોએ રૂપિયા ૩૮૦૦૦ કરોડ લેવાના બાકી છે.

# ધાર્મિક ભેદભાવ વગર દેશભરમાં એનઆરસી લાગુ કરી દેવાશે : અમિત શાહ

અસમ : કેન્દ્રીય ગૃહ પ્રધાન અમિત શાહે કહ્યું હતું કે સમગ્ર દેશમાં એનઆરસી પ્રક્રિયા હાથ ધરવામાં આવશે, એટલે કે લોકોએ હવે સામે ચાલીને પોતે દેશના નાગરિક હોવાના પુરાવા આપવા પડશે. હાલ આ પ્રક્રિયા આસામમાં હાથ ધરવામાં આવી છે જેને લઈને ભારે હોબાળો મચી ગયો છે કેમ કે એનઆરસીની જે યાદી તૈયાર કરવામાં આવી તેમાં ૧૯ લાખ લોકોનો સમાવેશ નથી થઈ શક્યો, આ પરિસ્થિતિ વચ્ચે કેન્દ્રીય ગૃહ પ્રધાન અમિત શાહે જાહેરાત કરી છે કે હવે પુરા દેશમાં એનઆરસી પ્રક્રિયાને લાગુ કરવામાં આવશે. સંસદ સત્રના ત્રીજા દિવસે ગૃહમંત્રી અમિત શાહે રાજ્યસભામાં એનઆરસીને લઈને કરવામાં આવેલા એલાન બાદ પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી મમતા બેનર્જીએ પલટવાર કર્યો છે. મમતા બેનર્જીએ કહ્યુ કે પશ્ચિમ બંગાળમાં એનઆરસીને લાગુ થવા દઈશુ નહીં.



# કેનેડા કેબિનેટમાં અનિતા આનંદ પહેલા મહિલા હિન્દુ મંત્રી બન્યા

## મૂળ ભારતીય અનિતા આનંદને પબ્લિક સર્વિસ એન્ડ પ્રોકરમેન્ટ ખાતું સોંપાયું

ઓટ્ટાવાઃ કેનેડાના પ્રધાનમંત્રી જસ્ટિન ટ્રુડોની નવી કેબિનેટમાં નવા ચહેરા તરીકે અનિતા આનંદનો સમાવેશ કરાયો છે. કેનેડામાં મંત્રીપદ પામનારા તેઓ પહેલા હિન્દુ મંત્રી બન્યા છે. ઉલ્લેખનીય છે કે આ પહેલાં તેઓ કેનેડિયન મ્યુઝીયમ ઓફ હિન્દુ સિવિલાઈઝેશનના અધ્યક્ષ પણ રહી ચૂક્યા છે. અનીતા પહેલા હિન્દુ છે, જેઓ કેનેડા સરકારની કેબિનેટમાં સ્થાન પામ્યા છે. ટોરેન્ટો યુનિવર્સિટીમાં લો (કાયદા)ના પ્રોફેસર એવા અનિતા આનંદનો જન્મ નોવા સ્કોસિયા પ્રાંતના કૈટવિલે શહેરમાં થયો હતો. તેમના માતા – પિતા બંને ડોક્ટર છે. તેમની સ્વર્ગસ્થ માતા સરોજ રામ પંજાબના અમૃતસરના છે, જ્યારે તેમના પિતા એસવી આનંદ તમિળ છે. આનંદ ચાર સંતાનોની માતા છે. તેઓ ઓકવિલે વિસ્તારમાં ઈન્ડો કેનેડિયન સમુદાય સાથે પણ નિકટતા ધરાવે છે. તેમણે એર ઈન્ડિયા ફ્લાઈટ ૧૮૨ના આતંકવાદી બોમ્બ વિસ્ફોટની તપાસ માટે તપાસ આયોગમાં પણ કામ કર્યું હતુ.

### ટ્રુડો સરકારમાં બાર્દિશ છાગરને ફરી સ્થાન મળ્યું

૧૯૯૩થી કેનેડાની રાજનીતિમાં સક્રિય રહેલા બાર્દિશ છાગરને પણ ટ્રુડોની નવી કેબિનેટમાં સ્થાન મળ્યું છે. આ પહેલાં તેઓ કેનેડાની કેબિનેટમાં વ્યાપાર અને પર્યટન મંત્રી તરીકે કામ કરી ચૂક્યા છે. આ વખતે વડાપ્રધાન જસ્ટિન ટ્રુડોએ તેમને મિનિસ્ટર ઓફ ડાઇંગ એન્ડ યુથ બનાવ્યા છે. જો કે ગયા વખતે ટ્રુડોએ તેમને સરકારના હાઉસ નેતા બનાવ્યા હતા. તેને બદલે આ વખતે નવો કાર્યભાર સોંપાયો છે.

### નવદીપ બૈંસે ખાતું જાળવી રાખ્યું

ટ્રુડોએ તેમની કેબિનેટની રચનામાં અનુભવની સાથે સાથે સાતત્ય રાખવાનો અભિગમ પણ અપનાવ્યો છે, તેને કારણે ઘણા મંત્રીઓએ તેમની ગઇ કેબિનેટમાં જે મંત્રાલય સંભાળ્યું હતું, એ જ મંત્રાલય ફરી મેળવ્યું છે. સાયન્સ એન્ડ ટેકનોલોજીનું ખાતું નવદીપ બૈંસને પાછું મળ્યું છે. જો કે આ વખતે તેમને ઉદ્યોગનો વધારાનો હવાલો સોંપીને તેમના મંત્રાલયને રીસ્ટ્રક્ચર કરાયું છે.

### ટ્રુડોની કેબિનેટમાં મહત્વના ખાતા કોને મળ્યા ?

| નામ | મંત્રાલય |
|---|---|
| ક્રિસ્ટીયા ફ્રીલેન્ડ | ડેપ્યુટી પ્રાઇમ મિનિસ્ટર અને મિનિસ્ટર ઓફ ઇન્ટરગવર્મેન્ટલ અફેર્સ |
| અનિતા આનંદ | પબ્લિક સર્વિસ એન્ડ પ્રોકરમેન્ટ |
| નવદીપ બેઇન્સ | ઇનોવેશન, સાયન્સ એન્ડ ઇન્ડસ્ટ્રી |
| કેરોલિન બેન્નેટ્ટ | મિનિસ્ટર ઓફ ક્રાઉન– ઇન્ડિજિનિયસ રિલેશન |
| મેરી ક્લાઉડે બિબેઆઉ : | અગ્રીકલ્ચર અને એગ્રીફૂડ |
| બિલ બ્લેર | પબ્લિક સેફ્ટી એન્ડ ઇમરજન્સી પ્રિપેર્ડનેસ |
| બારદીશ છાગર | મિનિસ્ટર ઓફ ડાયવર્સિટી, ઇન્ક્લુઝન એન્ડ યુથ |
| ફ્રાન્કોઇસ ફિલિપે | ફોરેન અફેર્સ |
| જીન યુવેસ ડક્લોસ | પ્રેસિડન્ટ ઓફ ટ્રેઝરી બોર્ડ |
| મોના ફોર્ટિયર | મિનિસ્ટર ઓફ મિડલ ક્લાસ પ્રોસ્પરિટી, એસોસિએટ મિનિસ્ટર ઓફ ફાયનાન્સ |
| માર્ક ગારનેઉ | ટ્રાન્સપોર્ટ |
| પેટ્ટી હેડજુ | હેલ્થ |
| અહમદ હુસેન | મિનિસ્ટર ઓફ ફેમિલી, ચિલ્ડ્રન એન્ડ સોશ્યલ ડેવલપમેન્ટ |
| ડેવિડ લેમેટ્ટી | મિનિસ્ટર ઓફ જસ્ટિસ એન્ડ એટર્નીજનરલ |
| ડોમિનિક લે બ્લાન્ક | પ્રેસિડન્ટ ઓફ ક્વિન્સ પ્રાઇવી કાઉન્સિલ ઓફ કેનેડા |
| બિલ મોર્નેઉ | મિનિસ્ટર ઓફ ફાયનાન્સ |
| પાબ્લો રોડ્રીગેઝ | લીડર ઓફ ધ ગવર્નમેન્ટ ઇન હાઉસ ઓફ કોમન્સ |
| હરજિત સજ્જન | મનિસ્ટર ઓફ નેશનલ ડિફેન્સ |
| જોનાથન વિલ્કિનસન | એન્વાર્યમેન્ટ એન્ડ ક્લાઇમેટ ચેઇન્જ |







# જીપીએસી દ્વારા ઈટોબિકોક ખાતે રંગારંગ કાર્યક્રમ યોજાયો

ગુજરાત પબ્લિક અફેર્સ કાઉન્સિલ કેનેડા (જીપીએસી) એક અગ્રણી સંગઠન છે. જેના દ્વારા દિવાળી અને હિન્દુ નવા વર્ષનો તહેવાર ઉજવવા માટે, જી.પી.એ.સી. દ્વારા જીવંત સંગીત મનોરંજન, બોલીવુડ નૃત્યોનો કાર્યક્રમ ૧૬ નવેમ્બર, ૨૦૧૯ના રોજ ઈટોબિકોકના ઈએસટી બેન્ક્વેટ હોલમાં યોજાયો હતો. આ અવસરે ભારતના મહામંત્રી કોન્સ્યુલ જનરલ (ટોરન્ટો), અપૂર્વા શ્રીવાસ્તવ અને બ્રામ્પ્ટનના મેયર પેટ્રિક બ્રાઉન અતિથિ વિશેષ તરીકે હાજર રહ્યા હતા. કાર્યક્રમમાં આલ્બર્ટાના ઈન્ફ્રાસ્ટ્રક્ચર ખાતાના પ્રધાન, પ્રસાદ પાંડા, સાંસદ અને ભૂતપૂર્વ પ્રધાન કર્સ્ટીડંકન પણ હાજર રહ્યા હતા. પૂર્વ ગુજરાત ગૌરવ એવોર્ડિઝ અને બોર્ડના સભ્યો તેમજ તમામ સલાહકાર પરિષદના સભ્યો પણ ઉપસ્થિત રહ્યા હતા. ઈવેન્ટની શરૂઆતમાં દીપ પ્રાગટ્ય થયા બાદ કેનેડા અને ભારતનાં રાષ્ટ્રગીતનું ગાન કરાયું હતુ. જીપીએસીના પ્રમુખ ધવલ વેદિયાએ પ્રેક્ષકોને સંબોધન કર્યું હતું. મહેમાનને મઠીયા, ફાફડા અને પેંડા / કાજુકત્રી આપી મો મીઠુ કરાવાયું હતુ. જે બાદ પ્રાયોજક તમામનો આભાર મનાયો હતો. સી.જી.આઈ., અપૂર્વાજીએ પ્રેક્ષકોને સંબોધન કર્યું હતું અને સીજીઆઇ અને સરકારના નેતૃત્વ હેઠળના કાર્યક્રમો વિશે કેટલીક વધારાની માહિતી આપી હતી. બોલિવૂડ ટ્યુન્સના ઓર્કેસ્ટ્રાએ તેમના અદ્ભૂત સંગીત અને સુનીલ પટેલ દ્વારા મનોરંજન પીરસાયું હતુ. બોલીવુડના નૃત્ય પ્રદર્શનનો પણ સૌએ આનંદ માણ્યો હતો.




Chapel Ridge
FUNERAL HOME
& CREMATION CENTRE
416.993.0826
24/7 # 905.305.8508



તમારી સગવડ માટે અમે બે ફ્યુંનરલ સેન્ટર ઑફર કરીયે છીએ. મારખમ અને મિસિસાગા. સંપૂર્ણ હિન્દુ તથા જૈન વિધિની સગવડતા. (St. John's Dixie, 737 Dundas St. E., Mississauga, ON L4Y 2B5)

ફ્યુંનરલ સર્વિસ, બેઝિક કાસ્કેટ, ક્રિમેશન અને ટેક્સ બધાં સાથે ટોટલ ફક્ત
$4270

વધુ માહિતી માટે ફોન કરો. અમારો પ્રોફેશનલ સ્ટાફ તમારી ભાષામાં તમને માહિતી આપશે.

પ્રિપેઇડ ફ્યુંનરલ અને ટ્રાવેલ ઈન્સુરન્સ

1. તમારા ડોલર ફ્યુંનરલ હોમમાં જમા નહિ થાય. પરંતુ સરકારે નીમેલી ટ્રસ્ટ કંપની પાસે રહેશે.
2. એક વખત પ્લાન ખરીદ્યા પછી તમે કે તમારા ફેમિલીએ કદીપણ વધુ પૈસા નહિ આપવા પડે.
3. ટ્રાવેલ ઈન્સુરન્સ - ફક્ત $595 એક વખત આપી જિંદગી ભર તમે ક્યાંય પણ નિશ્ચિંત ટ્રાવેલ કરી શકશો. *

* This is not a general insurance. Applies only in case of a death away from home.

8911 Woodbine Avenue, Markham, Ontario L3R 5G1
www.chapelridgefh.com • info@chapelridgefh.com

# શહેરો આસપાસ હજુ પણ પોષણક્ષમ મકાનોની ખરીદી સંભવ

## એજન્સી દ્વારા ટોરન્ટોની આજુબાજુ આવેલા ૩૫ પરાઓનો અભ્યાસ કરાયો, કોન્ડો મકાનના ભાવ શહેરી વિસ્તાર કરતા ઓછા

ઓન્ટેરિયો : ટોરન્ટો રિયલ એસ્ટેટનો અભ્યાસ કરતા જાણવા મળ્યું છે કે, આજુબાજુના વિસ્તારોમાં હજુ પણ પોષાય તેવા ભાવે મકાન મળી શકે છે. પરંતુ પ્રથમ વખત મકાન ખરીદનારાઓએ સબ-વે સ્ટેશન અથવા શહેરની ઝાકઝમાળવાળી શેરીઓથી દૂર જવું પડે છે. ઝુકાશા નામની એક રિયલ એસ્ટેટ કંપનીએ ટોરન્ટોની આજુબાજુ આવેલા ૩૫ પરાઓનો અભ્યાસ કર્યો હતો.

જેમાં જાણવા મળ્યું હતું કે, આ વિસ્તારોમાં ભાડાં ભરવા કરતા સસ્તા ભાવે કોન્ડો મળી રહે છે. ઉત્તર પૂર્વ અને ઉત્તર-પશ્ચિમ જેવા શહેરની પ્રવૃત્તિથી ધમધમતા વિસ્તારોની સરખામણી કરતા તેની પાડોશના વિસ્તારોમાં કોન્ડોના ભાવ ઓછા છે.

પરંતુ અહીં રહેનારા લોકોને નોકરીથી ધમધમતા વિસ્તારોથી દૂર જવું પડે છે. ટોરન્ટોની આજુ-બાજુના જે ૩૫ વિસ્તારોનો અભ્યાસ કરવામાં આવ્યો હતો તેમાંથી ૧૩ વિસ્તારોમાં કોન્ડોના ભાવ આશરે ૪,૫૦,૦૦૦ ડોલર છે. જે ટોરન્ટોના પરિવારોની કુલ સરેરાશ કમાણી કરતા ઘણા ઓછા અને પરવડી શકે તેવા હોય છે.

સ્કારબોરોના વેસ્ટ-હિલ વિસ્તારમાં ૪૧૬ એવા વિસ્તારો છે કે, જ્યા કોન્ડોના સરેરાશ ભાવ ૩,૨૫,૨૨૩ ડોલર છે. જે તેના માટે ૭.૭ મહિનાની આવક બરાબર ડાઉન પેમેન્ટ માટે બચાવે છે. બીજી બાજુ યોર્કવિલા એનેક્સ સમરહિલ વિસ્તારમાં સરેરાશ ૭૪.૩ મહિનાના ભાડા જેટલી બચત થાય છે જે તેને ડાઉન પેયમેન્ટમાં કામ લાગે છે. યુનિવર્સીટી ઓફ ટોરન્ટોના સંશોધકોએ વર્ષોથી એ બાબત તરફ ધ્યાન દોર્યું છે કે, શહેરના કેટલાક વિસ્તારોમાં જે વધુ પોષાય તેવા મકાનો મળે છે એ કોઈ અકસ્માત નથી. કારણ કે,અહીંની આવકમાં અંતર વધતું જાય છે. ટોરન્ટો યુનિવર્સીટીના પ્રાધ્યાપક હંચેન્સકીએ જણાવ્યું હતું કે, ટોરન્ટો જેવા શહેરમાંથી મધ્યમ વર્ગ છેલ્લા કેટલાક દાયકાઓથી ગાયબ થવા લાગ્યો છે. એ સ્થાને ભારે આવક ધરાવતા લોકો આવવા લાગ્યા છે.

હવે ઊંચી આવક ધરાવનારા લોકો પોતાના મનપસંદ શહેરોમાં રહેવા લાગ્યા છે અને આવા સમૃદ્ધ લોકોથી શહેરની સબ-વે લાઈન તથા હાઈ સ્ટ્રીટ રિટેઈલ કોર્નર્સ ઉભરાવવા લાગી છે.

ઝુકાશાએ જે કર્યું છે તે વધારે પડતા ઉદાર આંકડા દર્શાવે છે. જયારે હકીકતે લોકોનો અનુભવ કંઈક જુદો છે. એક અન્ય અભ્યાસ જણાવે છે કે, લોકો મકાન ખરીદે તે પહેલા તેમને ભાડા ચૂકવવાના હોય છે. તેથી બચતના અંદાજો જે દર્શાવવામાં આવ્યા છે તે યોગ્ય નથી.

કુલ આવકના ૨૦%ના દરે બચત થાય અને તેના જો સરેરાશ હપ્તા ગણવામાં આવે તો મકાન ખરીદનાર વ્યક્તિને ગ્રેટર ટોરન્ટો જેવા વિસ્તારમાં ૩૨ વર્ષ સુધી અને વેનકુંવરમાં ૫૨ વર્ષ સુધી હપ્તા ભારત રહેવા પડે. એ જોતા ઝુકાશાનો અભ્યાસ વાસ્તવિકતાથી ઘણો દૂર છે.

# સેલફોનના ખર્ચમાં ઘટાડાની હિલચાલ થતાં ટેલિકોમ કંપનીઓ દ્વારા વિરોધ

ઓટ્ટાવા : હાલમાં જ ચૂંટણીઓ બાદ બનેલી લઘુમતિ લિબરલ સરકાર ચૂંટણીમાં આપેલા વચનો પુરા કરવાના એક પ્રયાસ રૂપે લોકોના સેલફોન બિલમાં ૨૫%નો ઘટાડો કરવા તરફ આગળ વધી રહી છે. જેમાં કેનેડાની મુખ્ય ટેલિકોમ કંપનીઓ તેની વિરુદ્ધ ભારે પ્રચાર અને વિરોધ કરવાની યોજના બનાવી રહી છે.

કંપનીના કેટલાક અધિકારીઓએ સરકારને ચેતવણી આપી છે કે, આ પગલાંથી નવા નેટવર્ક ઉભા કરવાની યોજનાને ધક્કો લાગશે. કારણ કે, સરકારના આ પગલાંથી યોજનાના ખર્ચમાં વધારો થશે. બી.સી.ઈ.નું બેલ યુનિટ, રોજર્સ કમ્યુનિકેશન્સ, ઈન્કો અને ટેલસ કોર્પ નામની આ ત્રણ કંપનીઓ કેનેડાની ૯૦% સર્વિસ પર કબજો ધરાવે છે અને ટ્રુડોએ તેના ચૂંટણી પ્રચાર દરમિયાન આ કંપનીઓ સામે પગલાં લેવાનું વચન આપ્યું હતું.

**ચૂંટણીમાં આપેલા વચન પ્રમાણે લિબરલ સરકાર સેલફોન બિલમાં ઘટાડો કરે તેવી શક્યતા**

લીઝ વાયરલેસ કેપેસીટી કે, જે જથ્થાબંધ ભાવ અને તેનું રિસેલ કરતી હોવાથી રિટેઈલ પ્રાઈસમાં ઘટાડો થાય છે. જેને મોબાઈલ વર્ચ્યુઅલ નેટવર્ક ઓપરેટર્સ (એમ.વી.એન.ઓ.)ને આ યોજનામાં સામેલ કરવાની દલીલથી ટેલિકોમ ભારે અસ્વસ્થ જણાય છે. લિબરલ સરકાર કહે છે કે, આ કંપનીઓ સારી સેવા માટે ખર્ચાળ માળખાગત સુવિધાઓના વિકાસ માટે મદદ કરતી નથી. આ કંપનીઓના પ્રતિનિધિઓએ જણાવ્યું હતું કે, હાલના તબક્કે અમે યુદ્ધ લડી રહ્યા છીએ અને અમારી સુવિધાઓ અને હકોની રક્ષા માટે ગમે તે માધ્યમોનો ઉપયોગ કરી શકીએ છીએ.

કંપનીના એક એકેઝિક્યુટિવે જણાવ્યું હતું કે, એમ.વી.એન.ઓ. માત્ર ભાવ ઘટાડવા માટે જ નહિં, પણ અમારા અસ્તિત્વ સામે પણ મોટો ખતરો ઉભો કરે છે.

# હોંગકોંગના વિદ્યાર્થીઓને પાછા ફરવા કેનેડાની યુનિવર્સિટીઓ દ્વારા તાકીદ

• હોંગકોંગમાં લોકશાહીની લડતને કારણે અનેકવાર હિંસાના બનાવો બન્યા

ઓન્ટેરિયો : કેનેડાની યુનિવર્સીટીઓએ અદલા-બદલીના કાર્યક્રમ અંતર્ગત હોંગ-કોંગના વિદ્યાર્થીઓને પાછા ફરવાની વિનંતી કરી છે. કારણ કે, હોંગ-કોંગ ચીનના આધિપત્યવાળો અર્ધ સ્વાયત પ્રાંત છે. અને અહીંના લોકો સંપૂર્ણ લોકશાહી મેળવવા માટે આંદોલનો ચલાવી રહ્યા છે.

કેનેડિયન પ્રેસ સમક્ષ રજૂઆત કરતા કેટલીક સંસ્થાઓએ સોમવારે જણાવ્યું હતું કે, ડઝનબંધ વિદ્યાર્થીઓ હોંગ-કોંગમાં રહે છે અને એ વિદ્યાર્થીઓએ જણાવ્યું હતું કે અમારે માટે હાલના સંજોગોમાં હોંગકોંગ છોડી દેવું વધારે સારું રહેશે. અત્યાર સુધી કેનેડાની એક સ્કૂલ અને મોન્ટ્રિયલની મેકગિલ યુનિવર્સીટીએ હોંગ-કોંગની પોલીટેક્નિકેલ યુનિવર્સીટી સાથે જોડાણ કર્યું છે. તેમણે જણાવ્યું હતું કે, આ યુનિવર્સીટીના કેમ્પસમાં પોલીસ સાથે સંઘર્ષ ચાલી રહ્યો છે. પરંતુ અનેક શાળાઓએ તેમના વિદ્યાર્થીઓને પાછા બોલાવવાની જાહેરાત કરી છે અને તેમનો અભ્યાસક્રમ ટૂંકાવી દઈ પાછા ફરવાની ચેતવણી આપી છે. યુનિવર્સીટી ઓફ બ્રિટિશ કોલંબિયાએ જણાવ્યું હતું કે, તેમના ૩૨માંથી ૧૧ વિદ્યાર્થીઓએ તેમનો અભ્યાસક્રમ પૂરો કર્યો છે. પરંતુ હવે બધા જ વિદ્યાર્થીઓ હોંગ-કોંગ છોડીને પાછા આવી ગયા છે.

# કેનેડામાં કોપીરાઈટની ફરિયાદ બાદ વેબસાઈટ બ્લોક કરવા કોર્ટનો હુકમ

મોન્ટ્રિયલ : ઉત્તર અમેરિકાના કેનેડાની એક સંઘીય અદાલતે ઈન્ટરનેટ પ્રોવાઈડરને હુકમ કરીને વેબસાઈટને આપવામાં આવતી સેવા બ્લોક કરવા જણાવ્યું છે. ઉપભોક્તાઓના કેટલાક જૂથોએ ટીકા કરતા જણાવ્યું હતું કે, દેશ હવે વેબ સેન્સરશિપના નવા યુગમાં પ્રવેશી રહ્યો છે.

ગયા સપ્તાહે ફેડરલ કોર્ટને એક ગ્રુપ તરફથી ગોલ્ડ ટીવી સી.એ. અને ગોલ્ડ ટી.વી.બીઝ નામની વેબસાઈટ પર આક્ષેપ કર્યો હતો કે, તે બંને ગેર કાયદેસર રીતે કોપીરાઈટ કરેલા ટીવી પ્રોગ્રામનું પ્રસારણ કરે છે અને તેથી તેના પ્રોગ્રામો બ્લોક કરવા જોઈએ. જૂથની આ અરજીને ધ્યાનમાં લઈ સંઘીય અદાલતે વેબસાઈટ બંધ કરવા હુકમ કર્યો હતો. જો કે, ઓસ્ટ્રેલિયા, રશીયા અને યુ.કે. જેવા દેશોમાં વેબસાઈટ બ્લોકીંગના હુકમો હવે સામાન્ય બાબત બની ગઈ છે. પરંતુ ઉત્તર અમેરિકામાં અદાલતોએ કોઈ જગ્યાએ આવો હુકમ કર્યો હોય તેનો આ પહેલો બનાવ છે. બેલ, રોજર્સ અને કયૂબેકની ટી.વી.એ. નામની ત્રણ ટેલિકોમ કંપનીઓએ આ કેસ દાખલ કર્યો હતો તથા અન્ય મોટી ટેલિકોમ કંપનીઓના નામ થર્ડ પાર્ટી રિસ્પોન્ડન્સ તરીકે બહાર આવ્યા હતા. જેને આ હુકમથી અસર થઈ હતી.

# રાણા સમાજ દ્વારા દિવાળી ગાલા ઈવેન્ટ

• નવલ બજાજને રાણા લાઈફટાઈમ એચિવિએન્ટ એવોર્ડ એનાયત કરાયો



મિસીસાગા : રાજસ્થાન એસોસિએશન ઉત્તર અમેરિકા (આરએએનએ)નો દિવાળી ગાલા ૨૦૧૯ કાર્યક્રમ શનિવારે સાંજે એપોલો કન્વેન્શન સેન્ટર, મિસિસાગા ખાતે યોજાયો હતો. વિવિધ સંસ્કૃતિ અને જાતિના લોકોને એકસાથે લાવવા અને બધામાં એકતાની લાગણી પ્રગટાવવાના ઉદ્દેશ્ય સાથે આયોજિત ઈવેન્ટમાં વિવિધ સમુદાયોના ૪૦૦ લોકોએ ભાગ લીધો હતો. શરૂઆતમાં પ્રાર્થના થયા બાદ બાળકો, મહિલાઓ અને યુગલો સાથે મેન્ટલિસ્ટ શો યોજાયો હતો.

દિવાળીના પ્રસંગે પ્રીમિયર ડગ ફોર્ડે આરએએનએ કેનેડાના સભ્યોને હાર્દિક શુભેચ્છાઓ પાઠવતા તેના સંદેશમાં કહ્યું હતું કે, ઑન્ટારિયોના ઈન્ડો-કેનેડિયન સમુદાય દ્વારા કરવામાં આવેલાં ઘણાં મહત્વપૂર્ણ યોગદાનને કૃતજ્ઞતા સ્વીકારવાની તેઓ આ તક લેવાનું પસંદ કરશે. આ પ્રસંગે સીજીઆઈ કોન્સ્યુલેટ જનરલે હાજરી આપી હતી. અપૂર્વ શ્રીવાસ્તવ અને ડો.અતુલ હુમરે મુખ્ય મહેમાન તરીકે હાજર રહ્યા હતા.

નવલ બજાજને રાણા લાઈફટાઈમ એચિવિએન્ટ એવોર્ડ એનાયત કરાયો હતો. આ પ્રસંગે રાણા વાર્ષિક સામયિકનું વિમોચન પણ કરાયું હતું.

# ગાલાએ વૈશ્વિક ચિકિત્સાના સમર્થનમાં $ 50,000 ફંડ એકત્ર કર્યું

ઓન્ટેરિયો : ઈંફેક્ટ મીડિયા એન્ડ ઈવેન્ટ્સ કોર્પોરેશન (આઈએમઈસી), ઓન્ટેરિયોના બ્રામ્પ્ટન સ્થિત, મીડિયા અને ઈવેન્ટ્સ કંપનીના આધારે, શનિવાર, ૧૬ નવેમ્બરના રોજ સેલિબ્રેટિંગ સફળતા ગાલા ખાતે ૧૧ અગ્રણી હસ્તીઓ અને વ્યવસાયી નેતાઓને માન્યતા આપે છે. રેડ રોઝ કન્વેન્શન સેન્ટર ખાતે યોજાયેલી ઈન્ટરેક્ટિવ ગાલા કમ કોન્ફરન્સમાં ૨૦૦ જેટલા ઉદ્યોગપતિઓ અને સમુદાયના અગ્રણીઓએ ભાગ લીધો હતો.



એવોર્ડ મેળવનારાઓમાં હોટલ, ફૂડ, ટેક્નોલોજી, આર્ટ એન્ડ કલ્ચર, અને નફો ફોર પ્રોફિટ અને અન્ય ક્ષેત્રોના પ્રમુખ અને સીઈઓ શામેલ છે. જેમાં (૧) સુરજીત બાબરા, અધ્યક્ષ - સ્કાયલિંક કેપિટલ કોર્પોરેશન, (૨) લતા પાડા, સ્થાપક અને કલાત્મક દિગ્દર્શક, સંપ્રદાય ડાન્સ ક્રિએશન્સ, (૩) ડો. સુનીતસિંહ તુલી, સીઈઓ, દાતાવિંદ, (૪) કુંદન જોશી, સીઈઓ, એપલેબ (૫) રાહુલસિંઘ, વૈશ્વિક ચિકિત્સાના સ્થાપક અને કાર્યકારી નિયામક, (૬) કંવર ધનજલ, પ્રમુખ, જસ્ટ ઈન્સ્ટ્રુમેન્ટ્સ, (૭) વિજય થોમસ, સીઈઓ, ટાંગેન્ટિયા, (૮) રીતુ ગુપ્તા, પ્રમુખ અને સીઈઓ, ઈસ્ટનના ગ્રુપ **HotelsV** હોટેલ્સ. , (૯) હરેન શેઠ, સીઈઓ, સુરતી સ્વીટ માર્ટ, (૧૦) સુપ્રીત વર્ના, ચીફ એડમિનિસ્ટ્રેટિવ ઓફિસર, એચએસબીસી બેંક કેનેડા, (૧૧) સેમ મેકડાડી, રેકોર્ડ બ્રોકર, સેમ મેકડાડી રીઅલ એસ્ટેટ ઈન્ક.ને એવોર્ડ અપાયા હતા. આ તકે ભારતના કોન્સ્યુલ જનરલ અપૂર્વા શ્રીવાસ્તવ મુખ્ય મહેમાન તરીકે ઉપસ્થિત રહ્યા હતા. ઈમ્પેક્ટ મીડિયા અને ઈવેન્ટ્સ કોર્પોરેશનના સ્થાપક નિયામક વિપુલ જાની સાથે સીજી અને બ્રામ્પ્ટન સાઉથના સાંસદ સોનિયા સિદ્ધુએ એવોર્ડ્સ આપ્યા હતા. ગલાએ વૈશ્વિક ચિકિત્સાના સમર્થનમાં ૫૦,૦૦૦ ડોલર એકત્રિત કર્યા હતા.

વધુ માહિતી માટે, **www.imec.biz**ની મુલાકાત લેવા અથવા વિપુલ જાનીનો (૪૧ ૪૧૬-૮૨૭-૫૧૮૯) સંપર્ક કરવા જણાવાયું છે.

# નિત્યાનંદ ભેરવાયા : ચારનાં અપહરણ, મારપીટનો કેસ

અમદાવાદ : વધુ એક મશહૂર સ્વામીનો આશ્રામ વિવાદોમાં ઘેરાયો છે. ગુજરાતના અમદાવાદના હરિપુરા ગામમાં આવેલા સ્વામી નિત્યાનંદ અને તેમના આશ્રમમાં રહેતી સેવિકાઓ પર ચાર બાળકોનાં અપહરણ, તેમની મારપીટ અને તેમની પાસે મજૂરી કરાવાઇ હોવાના આરોપ મૂકયા બાદ અપહરણનો કેસ નોંધાયો છે.

આ ચારે બાળકો એક જ પરિવારના છે અને તામિલનાડુના રહીશ છે. ૩ બાળકીઓ અને એક બાળકના પિતાએ વિવેકાનંદ પોલીસ મથકમાં કેસ નોંધાવ્યો છે. ગુજરાત પોલીસે જનાર્દન શર્મા નામના એક શખ્સની ફરિયાદના આધારે સ્વામી નિત્યાનંદ તથા તેમની બે સેવિકા પ્રાણપ્રિયા તથા પ્રિયતત્વાની વિરુદ્ધ કેસ નોંધ્યો છે. પીડિત પરિવારે પોલીસને જણાવ્યું કે તેઓ નિત્યાનંદ આશ્રામમાં શ્રાદ્ધા રાખતા હતા, તેથી લગભગ છ મહિના પહેલાં પોતાની ત્રણ દીકરીઓ અને એક દીકરાને બેંગ્લુરૂના આશ્રામમાં દાખલ કર્યા હતા. આશ્રામવાસી પરિવારની મંજૂરી વિના જ ચારે બાળકોને અમદાવાદના આશ્રામમાં લઈ ગયા હતા. બીજી નવેમ્બરે પરિવારની ફરિયાદને પગલે પોલીસે આશ્રામમાંથી બે બાળકોને મુક્ત કરાવ્યા હતા. જો કે હજુ પણ બે બાળકીઓનો કોઈ પત્તો નથી. બાળકોના પરિજનોનો આરોપ છે કે આશ્રામમાં બાળકોને ગંદી ગાળો દેવામાં આવતી હતી અને તેમની પાસે કામ કરાવાતું હતું. હેવાલ છે કે પરિવારની લાપતા બે બાળકીઓમાંથી એક છોકરી સાથે પોલીસે સોશિયલ મીડિયા દ્વારા સંપર્ક કરાવવાનો પ્રયાસ કર્યો છે.



## આશ્રમની સંચાલિકાઓ પાંચ દિવસના પોલીસ રિમાન્ડ પર

બાળકોને બંધક બનાવી બાળમજૂરી કરાવવાના કેસમાં નિત્યાનંદ આશ્રમની આરોપી સંચાલિકાઓ પ્રાણપ્રિયા અને પ્રિયાતત્વાને આજે પોલીસે મેટ્રોપોલિટન કોર્ટ સમક્ષ રજૂ કરી રિમાન્ડની માગણી કરી હતી. પોલીસની રજૂઆત છે કે બન્ને આરોપીઓ તપાસમાં સહયોગ આપી રહી નથી અને આશ્રમમાંથી પરત આવેલા બાળકોના નિવેદન પ્રમાણે આશ્રમમાં ચાલતી ઘણી ગતિવિધિઓ અંગે જાણકારી મેળવવા તેમના પોલીસ રિમાન્ડ જરૂરી છે. પોલીસે આરોપીઓના ૧૦ દિવસના રિમાન્ડની માગણી કરી હતી, જેની સામે પાંચ દિવસના રિમાન્ડ મંજૂર કરવામાં આવ્યા છે. વિવેકાનંદનગર પોલીસ સ્ટેશનની મેટ્રોપોલિટન કોર્ટ સમક્ષ રજૂઆત છે કે મહિલા આરોપીઓ પ્રાણપ્રિયા ઉર્ફે પ્રાણપ્રિયાનંદા ઉર્ફે હરિણી ચેલ્લાપ્પન તેમજ પ્રિયાતત્વા ઉર્ફે પ્રિયાતત્વાનંદા ઉર્ફે રિદ્ધી રવિકિરણની ૨૦મી તારીખે ધરપકડ કરવામાં આવી છે. બાળકોને બંધક બનાવવાના , તેમને માર મારવાના અને બાળમજૂરી કરાવવાના ગુના હેઠળ તેની સામે પોલીસ ફરિયાદ નોંધવામાં આવી છે. બન્ને આરોપી પોલીસ તપાસમાં સહકાર ન આપી રહી હોવાથી તેમની વધુ પૂછપરછ માટે પોલીસ રિમાન્ડની જરૂરી છે.આ ગુરૂકુળમાં કેટલા વ્યક્તિઓ અને બાળકો હાજર છે અને તેની કામગીરી શું છે તે જાણવું જરૂરી છે. પરત આવનારી સગીરા કલ્પલતાનો મોબાઇલ અને તથા લેપટોપ બન્ને આરોપીએ લઇ લીધા છે. તેથી આ બન્ને ઇલેક્ટ્રોનિક ઉપકરણો જપ્ત કરી તેની તપાસ કરવી જરૂરી છે. સંચાલિકાઓ આ કૃત્ય કોની સૂચનાથી કરતી હતી તે જાણવું જરૂરી છે.

### ઇમિગ્રેશન વિભાગ દ્વારા વિદેશી વિદ્યાર્થીઓ અંગે તપાસ

મંગળવારે ઇમિગ્રેશન વિભાગે પણ આશ્રમમાં વિદેશના કેટલા વિદ્યાર્થીઓ અભ્યાસ કરી રહ્યા છે તેની તપાસ શરૂ કરી છે. તો વિવેકાનંદનગર પોલીસે પણ બાળકોને ગોંધી રાખવાના અને લાપત્તા યુવતીની તપાસનો ધમધમાટ શરૂ કરીને આશ્રમના ૨૧ વિદ્યાર્થીઓના નિવેદનો લેવાની પ્રક્રિયા હાથ ધરી છે. આ કેસની વિગત એવી છે કે તામીલનાડુના વતની અને હાલમાં એસ.પી.રિંગ રોડ, ઝુંડાલ ખાતે વિવાન ઇન્ફેનેટીમાં રહેતા જનાર્દન રામકૃષ્ણ શર્માએ વિવેકાનંદનગર પોલીસ સ્ટેશનમાં હાથીજણ પાસે હિરપુર ખાતેના નિત્યાનંદ આશ્રમના સ્થાપક સ્વામી નિત્યાનંદ અને પ્રાણ પ્રિયા તથા માં પ્રિતતત્વા સામે પોતાની પુત્રી ગુમ અને બાળકો પાસે બાળ મજૂરી કરાવી ગાળો બોલવામાં આવતી હતી. એટલું જ નહી શિક્ષા તરીકે માર મારવામાં આવતો હતો અને આશ્રમથી અપહરણ કરીને પુષ્પક સિટી ખાતેના મકાનોમાં બે સપ્તાહ સુધી ગોધી રાખીને જાનથી મારી નાખવાની ધમકી આપવામાં આવી હોવાનો ફરિયાદમાં આક્ષેપ કર્યો છે.

### જમીનનો ભાડા કરાર રદ કરાયોઃ જમીન પાછી લેવાશે

અમદાવાદના મહેમદાવાદ રોડ પરના નિત્યાનંદ આશ્રમ સંચાલિત યોગીની સર્વજ્ઞાાનમ પીઠમ આશ્રમ સાથેનો લીઝ એગ્રિમેન્ટ અંતે ડીપીએસ સ્કૂલ મેનેજમેન્ટ દ્વારા રદ કરી દેવાયો છે. સ્કૂલ મેનેજમેન્ટ દ્વારા આશ્રમને ટર્મિનેશન આપ્યુ છે અને જગ્યા ખાલી કરવા જણાવી દીધુ છે.જો કે કરારની શરતની શરત મુજબ ૩ મહિનામાં આશ્રમે જમીને ખાલી કરવી પડે પરંતુ પોલીસ તપાસને પગલે આશ્રમ દ્વારા તાબડતોબ જગ્યા ખાલી કરી દેવાશે. ડીપીએસ મેનેજમેન્ટ દ્વારા હિરાપુર ગામ નજીક ડીપીએસના નામના બીજી સ્કૂલ ચલાવવામા આવે છે.આ સ્કૂલ કેમ્પસમાં જ ગત જુનમાં મેનેજમેન્ટ દ્વારા નિત્યાનંદ આશ્રમને જમીન આશ્રમ સંસ્થા માટે આપવામા આવી હતી. સ્કૂલ મેનેજમેન્ટ દ્વારા સ્કૂલની જમીન કોર્પોરેટ સોશિયલ રિસ્પોન્સિબિલિટી હેઠળ આશ્રમને લીઝ એગ્રિમેન્ટથી એટલે કે ભાડા કરારથી આપવામા આવી હતી. આ જગ્યા પર નિત્યાનંદ દ્વારા યોગીની સર્વજ્ઞાાનમ પીઠમ નામથી આશ્રમ શરૂ કરાયો છે.

### આશ્રમમાં ચકાસણી કરતાં ટેબલેટ, મોબાઈલ મળ્યાં

હાથીજણ પાસે આવેલા નિત્યાનંદ આશ્રમમાં યુવતીઓને ગોંધી રાખીને કાળ ભૈરવ શ્રાપના ડરના ઓથા હેઠળ તાંત્રિક વિધિ કરવાનો પર્દાફાશ થયા બાદ સ્પેશિયલ ઈન્વેસ્ટિગેશન ટીમે આશ્રમમાં સર્ચ ઓપરેશન હાથ ધરીને ૪૩ ટેબ્લેટ, ૧૪ લેપટોપ, ૪ મોબાઈલ, ૩ પેનડ્રાઈવ, ૩ સીપીયુ, એક ડીવીઆર સહિતની ઈલેકટ્રોનિક્સ વસ્તુઓ કબજે લીધી છે. પ્રમોશનલ એકિટવિટી અંગે તપાસ કરવા માટે કબજે લેવામાં આવેલ તમામ ઈલેકટ્રોનિક્સ વસ્તુઓ એફએસએલમાં તપાસ માટે મોકલી આપવામાં આવશે. સીટે આશ્રમમાં રહેતી યુવતીઓના નિવેદનો લેવાની કાર્યવાહી બીજા દિવસે ચાલુ રાખી હતી.નિત્યાનંદ આશ્રમને ભાડે આપેલી જગ્યાએ અંગે પોલીસને જાણ ન કરવા બદલ ડીપીએસ (હિરાપુર) સ્કૂલના પ્રિન્સિપાલ હિતેશ પુરીની અને પુષ્પક સિટીના મેનેજર બકુલ ઠક્કર ધરપકડ કરી છે. પકડાયેલા બન્ને જણાને વિવેકાનંદ પોલીસ મથકમાં જ ગણતરીના કલાકોમાં જામીન પર છુટકારો થઈ ગયો હતો.

# અમદાવાદ એરપોર્ટ પર અબુધાબીથી આવેલું ૭૦ લાખનું સોનુ જપ્ત કરાયું

- અબુધાબીથી આવતી ફલાઈટમાંથી યાત્રી પકડાયો : ડ્યુટી ભર્યા વગર સોનુ બહાર લઈ જવાના પ્રયાસો કરનાર યાત્રીની ધરપકડ

અમદાવાદ : અમદાવાદ એરપોર્ટ પરથી કસ્ટમમાં સોનાની દાણચોરી થઈ હોવાનાં કિસ્સા વધી રહ્યાં છે. જાણે કે અમદાવાદ એરપોર્ટ સોનાની દાણચોરીનું હબ બની ગયું હોય તેમ અવારનવાર લોકો સોના સાથે અમદાવાદ એરપોર્ટ પર ઝડપાઇ રહ્યા છે. સરદાર વલ્લભભાઈ પટેલ ઈન્ટરનેશનલ એરપોર્ટ પરથી એર ઈન્ટેલિજન્સ યુનિટે અબુધાબીથી અમદાવાદ આવતી ઈતિહાદ ફ્લાઈટમાં આવેલાં એક પેસેન્જર પાસેથી અંદાજે ૭૦ લાખનું ૧.૮ કિલોગ્રામ સોનું પકડી પાડી તેની ધરપકડ કરી છે. આ બનાવને પગલે એરપોર્ટ પર ભારે ચકચાર મચી ગઈ હતી. સોનાના હાલના તોલાદીઠ ૩૯,૪૦૦ના ભાવ પ્રમાણે આ સોનાની કિંમત રૂ. ૭૦ લાખ થાય છે. આ પેસેન્જર ઈતિહાદની ફ્લાઈટમાં અબુધાબીથી બેસીને અમદાવાદ આવ્યો હતો. તેણે સોનાનું ડિક્લેરેશન નહી કરીને ૧.૮ કિલો સોનું ડ્યૂટી ભર્યા વગર બહાર લઈ જવા પ્રયાસ કર્યો હતો. જો કે, તે સફળ થયો ન હતો અને સત્તાવાળાઓના સ્કેનીંગમાં તે રંગેહાથ ઝડપાઈ ગયો હતો. સોનાની ડ્યૂટીમાં વધારો થવાથી વિદેશથી ટ્રાવેલ કરતા મુસાફરો દ્વારા જ્વેલરી, કોઈન અને ગોલ્ડ બારનાં રૂપમાં સોનાની ઈમ્પોર્ટ વધી છે. અત્યારે ૩૯ ટકા જેટલી કસ્ટમ ડ્યૂટી લગાવવામાં આવે છે એટલે કે સોનાનાં ૩૩ ટકા જેટલું ભારણ હોવાથી દાણચોરી વધી છે. થોડા સમય પહેલાં અમદાવાદ એરપોર્ટ પરથી એર ઈન્ટેલિજન્સ યુનિટે બેંગકોકથી સ્પાઈસ જેટની ફ્લાઈટમાં આવેલા રોબિન નામનાં એક પેસેન્જર પાસેથી દાણચોરીના અંદાજે ૧.૧૭ કરોડના ૩ કિલો ગોલ્ડ સાથે પકડી લીધો હતો.

# અમદાવાદમાં અંજલિ બ્રિજ પાસે ૧ કરોડનાં સોનાંની ચકચારી લૂંટ

અમદાવાદમાં દિવસે ને દિવસે લૂંટનાં બનાવોમાં વધારો થઈ રહ્યો છે. અમદાવાદની કાયદો વ્યવસ્થા કથળતી જાય છે. પહેલાં આંગડિયા પેઢીનાં કર્મચારીને ગોળી મારી લૂંટ ચલાવવામાં આવી હતી. ત્યારે આજે પાલડી નજીકનાં અંજલિ બ્રિજ પાસે ૧ કરોડની કિંમતના અઢી કિલો સોનાની લૂંટ ચલાવવામાં આવી હતી. એક્ટિવા પર આવેલાં બુકાનીધારી શખ્સો લૂંટ ચલાવી ફરાર થઈ ગયા હતા. સમગ્ર મામલે વાસણા પોલીસે તપાસ હાથ ધરી છે.

પ્રાથમિક જાણકારી પ્રમાણે મુંબઈનો વેપારી સોનાં સાથે અમદાવાદ આવ્યો હતો. તે જ્યારે અંજલિ બ્રિજ પાસેથી પસાર થઈ રહ્યો હતો ત્યારે એક્ટિવા પર આવેલાં લુટારાઓએ તેમને આંતર્યા હતા. અને તેમની પાસે રહેલું અઢી કિલો સોનું છીનવીને ફરાર થઈ ગયા હતા. સરેઆમ ચલાવેલી આ લૂંટ બાદ અમદાવાદની કાયદો વ્યવસ્થા પર અનેક સવાલો ઉભા થઈ રહ્યા છે.

૧ કરોડની લૂંટનો મેસેજ મળતાં પોલીસ બેડામાં પણ દોડધામ મચી ગઈ હતી. અને વાસણા પોલીસ તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચીને તપાસનો ધમધમાટ શરૂ કર્યો હતો. લુટારાઓ કઈ દિશામાં ભાગ્યા તે દિશામાં પોલીસે તપાસ શરૂ કરી છે. તો આ લૂંટમાં કોઈ જાણભેદૂ હોવાની પણ શક્યતા હોય શકે છે. હાલ તો પોલીસે સીસીટીવી સહિત નાકાબંધી કરીને તપાસ કાર્યવાહી શરૂ કરી છે.

## પુલમાં પોલંપોલ : ગુજરાતના ૭૫ ટકા પુલ ભંગાર હાલતમાં

અમદાવાદ : સેન્ટ્રલ રોડ રિસર્ચ ઈન્સ્ટિટયૂટ (સીઆરઆરઆઈ) દ્વારા દેશના ૧૭ રાજ્યોનાં પુલોનું નિરીક્ષણ કરવામાં આવ્યું હતું જેનો લેટેસ્ટ રિપોર્ટ બહાર આવ્યો છે, આ રિપોર્ટ પ્રમાણે ખરાબ પુલ બનાવવામાં ગુજરાત દેશમાં પહેલાં નંબરે છે, ગુજરાતમાં ૭૫ ટકા સૌથી ખરાબ પુલ હોવાનું બહાર આવ્યું છે. બીજા ક્રમે ઝારખંડ અને ત્રીજો નંબર પંજાબનો છે. આ રિપોર્ટ જોતાં ગુજરાતમાં પુલોના બાંધકામમાં મોટા પાયે ભ્રષ્ટાચાર આચરાયો હોવાની શંકાઓ જન્મે છે. સીઆરઆરઆઈના ચોંકાવનારા રિપોર્ટ અનુસાર ખરાબ પુલ બનાવવામાં ગુજરાત દેશમાં પહેલાં નંબરે છે, ગુજરાતના ૭૫ ટકા પુલ ખરાબ હાલતમાં છે, નવા પુલની સ્થિતિ નિર્માણ કામમાં લાપરવાહીના કારણે થઈ છે. હલકી કક્ષાના મટિરિયલ્સ વપરાવાના કારણે પુલ ખખડી ગયા છે.

## હરેન પંડયા હત્યા કેસ : સુપ્રીમ કોર્ટે દોષિતોની રિવ્યૂ પિટિશનને ફગાવી

અમદાવાદ : ગુજરાતના ભૂતપૂર્વ ગૃહપ્રધાન હરેન પંડયાની હત્યા કેસના નવ દોષિતોની રિવ્યુ અરજી સુપ્રીમ કોર્ટે ફગાવી દીધી છે. સુપ્રીમ કોર્ટે કહ્યું છે કે, તેણે આ રિવ્યુ અરજીનો અભ્યાસ કર્યો છે. આ રિવ્યુ અરજીમાં એવુ ક્યાં નોંધ્યુ નથી કે, સુપ્રીમ કોર્ટે ચાલુ વર્ષે પાંચ જુલાઈએ આપેલા ચુકાદામાં કોઈ સ્પષ્ટ ચૂક કરી હોય. જેથી આ અરજી ફગાવવામાં આવે છે. પાંચમી જુલાઈએ, આ કેસમાં સુપ્રીમ કોર્ટે ચુકાદો આપ્યો હતો કે, દોષિતોને આજીવન કેદની સજા ફટકારવામાં આવે છે. આ સાથે જ, સુપ્રીમ કોર્ટે ગુજરાત હાઈકોર્ટના ચુકાદાને રદ કર્યો હતો અને ટ્રાયલ કોર્ટના ચુકાદાને યથાવત રાખ્યો હતો. બાકીના ત્રણ આરોપીઓને લઈ, સુપ્રીમ કોર્ટે નોંધ્યું હતુ કે, આ ત્રણેય સામેના ટ્રાયલ કોર્ટના ચુકાદા સામે સીબીઆઈ હાઈકોર્ટમાં કોઈ અપીલ કરી નથી. જેથી, તેમાં કોઈ હસ્તક્ષેપ કરવાની જરુર નથી. સુપ્રીમ કોર્ટના આ ચુકાદા સામે, નવ દોષિતોએ થોડા સમય પહેલાં, સુપ્રીમ કોર્ટમાં જ રિવ્યુ અરજી કરી હતી. ૨૦૦૩માં હરેન પંડયા ગૃહ પ્રધાન હતા. ૨૬ માર્ચ, ૨૦૦૩ના રોજ હરેન પંડ્યા અમદાવાદના લો ગાર્ડન પાસે મૉર્નિંગ વોક માટે નિકળેલા ત્યારે તેમની હત્યા કરવામાં આવી હતી.

## મહીસાગરમાં માતાનો ૩ પુત્રી સાથે કૂવામાં કૂદીને આપઘાત

મહિસાગર : મહીસાગરના કડાણાના ડીટવાસમાં માતાએ ત્રણ બાળકીઓ સાથે અચાનક ગામના કૂવામાં ઝંપલાવી મોત વ્હાલુ કર્યું હતુ. ઘટનાની જાણ થતાં સ્થાનિક ગ્રામજનો ત્યાં દોડી આવ્યા હતા અને સ્થાનિક તરવૈયાઓની મદદથી કૂવામાંથી માતા અને બાળકીઓને ભારે જહેમત બાદ બહાર કાઢવામાં આવ્યા હતા. જો કે, તેઓને બચાવી શકાયા ન હતા. કૂવાના પાણીમાં ડૂબી જવાના કારણે માતા અને ત્રણેય પુત્રીઓ એમ ચારેય જણાંના કરૂણ મોત નીપજયા હતા. માતા સહિત ત્રણેય બાળકીઓ મળી કુલ ચારના મોતની ઘટનાને લઈ સમગ્ર પંથકમાં ભારે ચકચાર મચી ગઈ હતી. અને ભારે અરેરાટીની લાગણી પ્રસરી ગઈ હતી. ઘટનાને પગલે સ્થાનિક ગ્રામજનોના ટોળેટોળા ઘટનાસ્થળે ઉમટી પડયા હતા. તો, સ્થાનિક ડીવાયએસપી સહિત પોલીસનો કાફલો પણ તાત્કાલિક ત્યાં દોડી આવ્યો હતો અને સમગ્ર મામલે તપાસ હાથ ધરી હતી.

# બેંકો રામભરોસે : છ માસમાં ૯૫૮૦૦ કરોડની ઠગાઈ

**• એસબીઆઈને સૌથી વધુ ૨૫,૪૦૦ કરોડ, પીએનબીને ૧૦૮૦૦ કરોડ અને બીઓબીને ૮૩૦૦ કરોડનો ચુનો લાગ્યો**




નવી દિલ્હી : ચાલુ નાણાકીય વર્ષના એપ્રિલથી સપ્ટેમ્બર સુધીના ગાળામાં ભારતની સરકારી બેંકોમાં ૯૫,૮૦૦ કરોડ રૂપિયાની છેતરપિંડી થઇ હતી તેમ દેશના નાણા પ્રધાન નિર્મલા સિતારમને એક લેખિત પ્રશ્નના જવાબમાં રાજ્યસભામાં જણાવ્યું હતું. ૧ એપ્રિલ, ૨૦૧૯થી ૩૦ સપ્ટેમ્બર, ૨૦૧૯ સુધીના ગાળામાં સરકારી બેંકોમાં છેતરપિંડીના ૫૭૪૩ કેસો નોંધવામાં આવ્યા હતાં. નાણા પ્રધાને જણાવ્યું છે કે બેંકોમાં છેતરપિંડીના કેસો ઘટાડવા માટે સરકાર અનેક પગલા લઇ રહી છે. છેલ્લા બે નાણાકીય વર્ષોમાં નિષ્ક્રિય કંપનીઓના ૩,૩૮,૦૦૦ બેંક ખાતા સ્થગિત કરી દેવામાં આવ્યા છે. એપ્રિલથી સપ્ટેમ્બર સુધીના સમયગાળામાં સ્ટેટ બેંક ઓફ ઇન્ડિયામાં ૨૫૪૦૦ કરોડ રૂપિયાની છેતરપિંડી આચરવામાં આવી હતી. ત્યારબાદ પંજાબ નેશનલ બેંકમાં ૧૦૮૦૦ કરોડ રૂપિયા તથા બેંક ઓફ બરોડામાં ૮૩૦૦ કરોડ રૂપિયાની છેતરપિંડી થઇ હતી. નાણા પ્રધાને જણાવ્યું છે કે સરકારે આ માટેનો નવો કાયદો પણ અમલમાં મૂક્યો છે. જે હેઠળ અપરાધ આચરીને વિદેશ ભાગી ગયેલા અપરાધીઓની સંપત્તિ ટાંચમાં લઇ લેવામાં આવે છે.

બેંકરોએ આરોપ મૂક્યો છે કે આ છેતરપિંડીમાં બેંકના કેટલાક અધિકારીઓ પણ સંકળાયેલા છે. ઉલ્લેખનીય છે કે વડાપ્રધાન મોદીએ ૨૦૧૬માં કડક બેંકરપ્સી અને ઇનસોલવન્સી કાયદો અમલમાં મૂક્યો છે. દેશની બીજી સૌથી મોટી સરકારી બેંક પંજાબ નેશનલ બેંકને ગયા વર્ષે બે અબજ ડોલરનું નુકસાન થયું હતું. પીએનબીએ આરોપ મૂક્યો હતો કે કેટલાક કર્મચારીઓએ અનેક વર્ષો સુધી જ્વેલરી ગ્રુપને વિદેશમાં ભંડોળ મેળવવા માટે નકલી બેંક ગેરંટી ઇશ્યુ કરી હતી.

## SBI ફર્નિચર બદલવા ૨,૦૦૦ કરોડનો ધૂમાડો કરશે

સ્ટેટ બેંકે તેના સાઇન બોર્ડમાં લાઇટ બ્લૂના બદલે ડાર્ક બ્લૂ કલર કરવા પાછળ રૂ.૫૦૦ કરોડ વેડફી નાખ્યા છે. વાત હજુ આટલી નથી અટકી. સરકારે કરોડો રૂપિયાનું રાહત પેકેજ આપ્યુ છે તો આ પૈસાને ક્યાંક ઠેકાણે તો પાડવા પડશેને એટલે મેનેજમેન્ટે હવે દેશભરની ૨૦,૦૦૦ બ્રાન્ચોમાં ફર્નિચર બદલવાની મોટી યોજના બનાવી છે. બેન્ક અધિકારીઓનું કહેવુ છે કે મોટી બ્રાન્ચ હોય તો ફર્નિચરનો ખર્ચ રૂ.૫૦ લાખ આવે અને નાની બ્રાન્ચ હોય તો રૂ.પાંચ લાખ પણ આવે પરંતુ એવરેજ રૂ.૧૦ લાખની કિંમત ગણીએ તો પણ ૨૦,૦૦૦ બ્રાન્ચોમાં ફર્નિચર બદલવાનો ખર્ચ રૂ.૨,૦૦૦ કરોડે પહોંચે.

# આર્થિક મંદી : ફક્ત એક સેક્ટરમાં ૩૫ લાખ જેટલા નાગરિકો બેકાર

**• મોટી મોટી કંપનીઓ અનુભવી કર્મચારીઓને રજા આપી ફ્રેશર્સને લેતી હોવાના અણસાર સર્જાયા**

નવી દિલ્હી : દેશમાં ધીમી પણ મક્કમ ગતિએ આર્થિક મંદી પગપેસારો કરી રહી હતી. મોટી મોટી કંપનીઓ સિનિયર અને અનુભવી કર્મચારીઓને રજા આપીને ફ્રેશર્સને લઇ રહી હોવાના અણસાર મળ્યા હતા.

એક સર્વે મુજબ ૨૦૧૪થી આજ સુધીમાં કુલ ૩૫ લાખ લોકોએ મેન્યુફેક્ચરિંગ સેક્ટરની નોકરી ગુમાવી હતી. જીડીપી વધવા છતાં બેકારી ઘટતી નથી. છેલ્લાં થોડાં વરસોના આંકડા જોતાં ખ્યાલ આવે છે કે બેકારી રેકોર્ડરૂપ વધી રહી હતી.

મોખરાની આઇટી કંપનીઓ, ઓટો કંપનીઓ અને બેંકો કઇ રીતે કર્મચારીઓની છટણી કરવી એના ઉપાયો શોધી રહી હતી. ખાસ કરીને વચલા તબક્કાના અને સિનિયર લેવલના કર્મચારીઓની નોકરી વધુ જોખમમાં હતી.

લગભગ દર ત્રિમાસિક રિપોર્ટમાં બેકારી સતત વધી રહ્યાના અને આર્થિક મંદી બેફામ થઇ રહી હોવાના અહેવાલ મળતા હતા. આ પરિસ્થિતિ અરાજકતા અને અપરાધો સર્જે એવી થઇ રહી હતી.

# ઉત્તરાખંડ-યુપીમાં હાઈવે પહોળા કરવાના કૌભાંડમાં ૨૨ કરોડની મિલકતો ટાંચમાં

**• અયોગ્ય રીતે બિન ખેતીની જમીનનું વળતર મંજૂરી કરાવી સરકારી તિજોરીને ૨૧૫ કરોડનું નુકસાન કરાવ્યું**

નવી દિલ્હી : ઉત્તરાખંડ અને ઉત્તર પ્રદેશમાં નેશનલ હાઇવે નં. ૭૪ને પહોળા કરવાના કાર્યમાં થયેલા કૌભાંડના સંદર્ભમાં ઇડીએ મની લોન્ડરિંગ વિરુદ્ધના કાયદા હેઠળ ૨૧.૯૬ કરોડ રૂપિયાની મિલકતો ટાંચમાં લીધી છે. એજન્સીએ જણાવ્યું છે કે પ્રિવેન્શન ઓફ મની લોન્ડરિંગ એક્ટ(પીએમએલએ) હેઠળ મિલકતો ટાંચમાં લેવાનો આદેશ જારી કરવામાં આવ્યો હતો. ટાંચમાં લેવામાં આવેલી વિશેષ જમીન સંપાદન અધિકારીઓ, જમીન માલિકો, ખેડૂતો અને વચેટિયાઓની છે. ટાંચમાં લેવામાં આવેલી મિલકતોમાં ઉત્તરાખંડના દેહરાદૂન અને ઉધમ સિંહ નગર જિલ્લાઓમાં તથા ઉત્તર પ્રદેશના રામપુર જિલ્લાની ખેતીની તથા ઔદ્યોગિક જમીન, કોમર્શિયલ પ્લોટ અને બિલ્ડિંગનો સમાવેશ થાય છે.

ઇડીએ વધુમાં જણાવ્યું છે કે ૧૧ બેંક ખાતાઓમાં જમા રકમ અને મ્યુચલ ફંડમાં રોકેલી રકમ પણ ટાંચમાં લેવામાં આવી છે. કેન્દ્રીય તપાસ એજન્સીએ વધુમાં જણાવ્યું છે ક તેણે ઉત્તરાખંડ પોલીસ દ્વારા દિનેશ પ્રતાપ સિંહ, મહેસૂલી અધિકારીઓ, ખેડૂતો અને વચેટિયાઓ વિરુદ્ધ દાખલ કરવામાં આવેલી એફઆઇઆરને આધારે પીએમએલએ હેઠળ તપાસ શરૂ કરી હતી. ઇડીએ જણાવ્યું છે કે જમીન સંપાદન માટેની ઓથોરિટીમાં કાર્ય કરતા દિનેશ પ્રતાપ સિંહ અને અનિલ શુકલાએ અન્ય સરકારી કર્મચારીઓ, ખેડૂતો અને વચેટિયાઓ સાથે મળીને એક કાવતરું ઘડીને સરકારી ભંડોળનો દુરુપયોગ કરવા માટે બિન ખેતી જમીનના દરે વળતર મંજૂર કરવામાં આવ્યું હતું.

# સિયાચિનમાં પાક. કરતા હિમસ્ખલન મોટો દુશ્મન, ૩૦ વર્ષમાં ૮૭૩ જવાન શહીદ

**• હિમસ્ખલનની ઘટનાઓમાં પેટ્રોલિંગ દરમિયાન વધુ મોત થાય છે, જવાનોની સુરક્ષા માટે સરકારો નિષ્ફળ**



સિયાચીન : સિયાચિનમાં બે દિવસ પહેલા જ આવેલા હિમસ્ખલનને કારણે ૮ જવાનો બરફમાં દટાઇ ગયા હતા, જેમાંથી ચારના મોત નિપજ્યા હતા. આ પરિસ્થિતિ વચ્ચે હવે સિયાચિનમાં જવાનોના વધી રહેલા મૃત્યુને લઇને સ્થિતિ વધુ ફફોડી બની રહી છે. એક અહેવાલ અનુસાર સિયાચિનમાં જ ૧૯૮૪થી લઇને અત્યાર સુધીમાં ૮૭૩ જવાન શહીદ થઇ ગયા છે. સિયાચિન વિશ્વનું સૌથી ઉંચુ યુદ્ધ ક્ષેત્ર માનવામાં આવે છે, આશરે ૨૦ હજાર ફૂટની ઉંચાઇએ આવેલા સિયાચિનમાં ભારે ઠંડી હોય છે અને બરફ જામેલો હોય છે. આવી સ્થિતિ વચ્ચે પણ સૈન્યના જવાનો ત્યાં દેશની સુરક્ષા કરી રહ્યા છે. જોકે આ વિસ્તારમાં વારંવાર હવામાનમાં પલટો આવે છે અને હિમસ્ખલન થાય છે જેને પગલે જવાનો બરફમાં દટાઇ જવાથી મોતને ભેટે છે, આવી સ્થિતિ વચ્ચે પણ જવાનો અડગ રહીને દેશની સુરક્ષા કરી રહ્યા છે. જોકે જે જવાનોના મોતને જે આંકડા સામે આવ્યા છે તે અતી ચિંતાજનક છે. ૧૯૮૪થી અત્યાર સુધીમાં સિયાચિનમાં હવામાન ખરાબ રહેવાથી કે કુદરતી હોનારતને કારણે ૮૭૩ જવાનો શહીદ થઇ ગયા છે.

# જમ્મુ-કાશ્મીરઃ દ્રાસમાં -૧૧.૫ ડિગ્રી, ભૂસ્ખલનમાં એકનું મોત

**• સતત હિમવર્ષાના કારણે જનજીવન ઠપ : ૨૫ નવે.થી આખા દેશમાં કડકડતી ઠંડી શરૂ થશેઃ સ્કાયમેટ**

જમ્મુ : જમ્મુ-કાશ્મીર અને લદાખ ક્ષેત્રમાં દ્રાસમાં આજે સીઝનની સૌથી કાતીલ ઠંડી પડી હતી. આજે પારો એકદમ ઘટીને ૧૧.૫ ડીગ્રી સેલશિયસે પહોંચ્યો હતો. કેન્દ્ર શાસિત બનેલા પ્રદેશમાં મોટા ભાગમાં આજે જોરદાર ઠંડીની શરૂઆત થઇ હતી. ઉલ્લેખનીયછે કે આજથી પાંચ દિવસ પહેલા જ પહાડી ક્ષેત્રમાં હિમ વર્ષા થઇ હતી. ઠંડીના કારણે પુરવામામાં ૬૫ વર્ષની એક વ્યક્તિનું મોત થયું હતું.

પુલવામા જિલ્લામાં ભૂસ્ખલન થતાં તેના ઘરમાં બરફના ઘર પડતાં દટાઇ જવાથી તેનું મોત થયું હતું. હવામાન ખાતાએ આગાહી કરી હતી કે જમ્મુ-કાશ્મીર અને લદ્દાખમાં કેટલીક જગ્યાએ છુટો છવાયો વરસાદ પડી શકે છે અને કેટલીક જગ્યાએ હિમવર્ષા પણ થઇ શકે છે. શુક્રવારે તો શ્રીનગર જમ્મુ હાઇ વે બંધ કરવાની સ્થિતી સર્જાઇ શકે છે.

લદ્દાખના દ્વાર તરીકે પ્રખ્યાત દ્રાસમાં આજે લઘુત્તમ ૧૧.૫ ડીગ્રી સેલશિયસ પારો ગગડી ગયો હતો. આમ આ ક્ષેત્રમાં સીઝનની સૌથી વધુ ઠંડી પડી ગઇ હતી. હજુ તો ડીસેમ્બરનો મહિનો આવશે ત્યારે ઠંડી વધશે તેવું હવામાન ખાતાએ કહ્યું હતુ.

# કર્ણાટકના કોંગ્રેસી ધારાસભ્ય તનવીર સૈત ઉપર છરી વડે હુમલો, હુમલાખોરની ઝડપાયો

બેંગ્લુરુ : કર્ણાટકના કોંગ્રેસી ધારાસભ્ય તનવીર સૈત પર રવિવારે રાત્રે છરીથી હુમલો થયો હતો. પોલીસે હુમલાખોરની ધરપકડ કરી લીધી હતી. ઘટનાની વિગત એવી છે કે નરસિંહારાજા મતવિસ્તારના આ ધારાસભ્ય વાણી મંડપ વિસ્તારમાં એક લગ્ન સમારોહમાં હાજરી આપવા ગયા હતા જ્યાં એક યુવકે તેમના પર છરીથી હુમલો કર્યો હતો. આ ઘટના રવિવારે રાત્રે લગભગ પોણા બારની આસપાસ બની હતી. તનવીર સૈતને ગરદન અને ખભા પર ગંભીર ઇજા થઇ હતી. પોલીસે તેમને તરત એક ખાનગી હૉસ્પિટલમાં સારવાર માટે ખસેડ્યા હતા. સૈતના ટેકેદારોએ હુમલાખોરને પકડી લઇને પોલીસને સોંપી દીધો હતો. હુમલાખોરની ઓળખ ઉદયગિરિના રહેવાસી ફરહાન તરીકે થઇ હતી.

# પૂંછમાં આતંકીનો પર્દાફાશ : 7 IED, ગેસ સિલિન્ડર, વાયરલેસ સેટ જપ્ત

શ્રીનગર : સેનાએ મંગળવારે જમ્મુ-કાશ્મીરના પૂંછ જિલ્લામાં એક આતંકવાદી ઠેકાણા પર દરોડા પાડતા વિસ્ફોટક સાધનો અને એક વાયરલેસ સેટને જપ્ત કર્યો. અધિકારીઓએ આ વિશે જાણકારી આપી છે. અધિકારીઓએ જણાવ્યુ કે સુરનકોટના જંગલમાં શંકાસ્પદ લોકોની અવરજવર વિશે ગ્રામવાસીઓની માહિતી બાદ તપાસ અભિયાન ચલાવવામાં આવ્યુ હતુ. અધિકારીઓએ કહ્યુ કે ૭ આઈઈડી, ગેસ સિલિન્ડર અને એક વાયરલેસ સેટને ઘેરીને જંગલમાં ખાલી પડેલા ઠેકાણાથી જપ્ત કરવામાં આવ્યા. જોકે કોઈની ધરપકડ કરવામાં આવી નથી. તેમણે કહ્યુ કે આ ઑપરેશન ભારતીય સેના અને પોલીસે સંયુક્ત રીતે ચલાવ્યુ તેમજ તે સોમવારે સવારે આ વિસ્તારમાં ઘૂસ્યા હતા. અત્યાર સુધી કોઈ પણ શંકાસ્પદ આતંકવાદીને પકડવામાં આવ્યા નથી. સર્ચ ઓપરેશન હજુ ચાલુ છે. બીજી તરફ જમ્મુ-રાજોરી હાઈવે પર આતંકીઓ દ્વારા વિસ્ફોટક લગાવીને તબાહીને અંજામ આપવાના ષડયંત્રને સેનાની ક્વિક રિએક્શન ટીમે નાકામ કરી દીધી છે. રાજોરી ટાઉનથી ૧૨ કિલોમીટર દૂર જમ્મુ હાઈવે પર સેનાએ ૨ જગ્યા પર વિસ્ફોટક હોવા પર સવારે ૯ વાગે ગાડીઓની અવરજવર રોકીને સાવધાનીથી આઈઈડીને નાકામ કરી દીધા.

# કોંગ્રેસે અવરોધો સર્જ્યા છતાં અયોધ્યામાં બનશે ભવ્ય રામમંદિર : અમિત શાહ

લાતેહાર : ઝારખંડના લાતેહાર ખાતે ચૂંટણી પ્રચાર રેલીને સંબોધતાં ભાજપ અધ્યક્ષ અમિત શાહે કહ્યું હતું કે કોંગ્રેસે અયોધ્યામાં ખૂબ અડચણો પેદા કરી, પરંતુ સુપ્રીમ કોર્ટે ઐતિહાસિક ચુકાદો આપી દીધો છે. કોર્ટના ચુકાદાને પગલે અયોધ્યામાં ભવ્ય રામ મંદિર નિર્માણનો માર્ગ મોકળો થઇ ચૂક્યો છે અને હવે ત્યાં આકાશને સ્પર્શતું ભવ્ય રામમંદિર બનશે. તેમણે કહ્યું કે તમામ લોકો ઇચ્છતા હતા કે અયોધ્યામાં રામમંદિર બને પરંતુ કોંગ્રેસ પાર્ટી કેસ નહોતી ચાલવા દેતી. આટલા વર્ષો સુધી ચુકાદો નહોતો આવી શક્યો. હવે શ્રીરામની કૃપાથી સુપ્રીમ કોર્ટે બંધારણીય રાહે ચુકાદો આપી દીધો અને રામમંદિર નિર્માણનો માગ મોકળો થયો. અયોધ્યામાં જ્યાં રામનો જન્મ થયો હતો ત્યાં જ ભવ્ય મંદિર બનશે.

# દેવામાં ડુબેલા અનિલ અંબાણીનું ડાયરેક્ટર પદેથી રાજીનામું, જુલાઈ-સપ્ટે.માં ૩૦,૧૪૨ કરોડની ખોટ

- **આરકોમ કંપનીના અન્ય ૪ અધિકારીઓએ પણ રાજીનામા આપ્યા**

નવી દિલ્હી : અનિલ અંબાણીએ દેવામાં ડૂબેલી રિલાયન્સ કોમ્યુનિકેશન (આરકોમ)ના ડાયરેક્ટર પદેથી રાજીનામું આપી દીધું છે. અનિલ અંબાણી ઉપરાંત આરકોમના ચાર મોટા અધિકારીઓએ પણ રાજીનામું આપી દીધું છે. અનિલ અંબાણી ઉપરાંત છાયા વિરાની, રાયના કારાની, મંજરી કાકેર અને સુરેશ રંગાચરે પણ રાજીનામું આપી દીધું છે. અનિલ અંબાણી, છાયા વિરાની અને મંજરી કાકેરે ૧૫ નવેમ્બરે રાજીનામું આપ્યું છે જ્યારે રાયના કારાનીએ ૧૪ નવેમ્બર તથા સુરેશ રંગચરે ૧૩ નવેમ્બરે રાજીનામું આપ્યું હતું.

શુક્રવારે આરકોમનું બીજા કવાર્ટરના પરિણામો જાહેર કરવામાં આવ્યા હતાં. ન્યૂઝ એજન્સી પીટીઆઈના જણાવ્યા અનુસાર જુલાઈ-સપ્ટેમ્બર કવાર્ટરમા કંપનીને ૩૦,૧૪૨ કરોડ રૂપિયાનું નુકસાન થયું છે. નાદારીની પ્રક્રિયામાંથી પસાર થઈ રહેલી આ કંપનીએ ગયા નાણાકીય વર્ષમાં સમાન કવાર્ટરમાં ૧૧૪૧ કરોડ રૂપિયાનો ચોખ્ખો નફો કમાવ્યો હતો. બીજી તરફ ચાલુ વર્ષના જુલાઈ-સપ્ટેમ્બર કવાર્ટરમાં કંપનીની આવક ઘટીને ૩૦૨ કરોડ રૂપિયા થઈ ગઈ છે. જે ગયા વર્ષે સમાન ગાળામાં ૯૭૭ કરોડ રૂપિયા હતી. હાલમાં આરકોમના એક શેરનો ભાવ ૫૯ પૈસા ચાલી રહ્યો છે. ત્રિમાસિક પરિણામોમાં જણાવવામાં આવ્યું છે કે સુપ્રીમ કોર્ટના ટેલિકોમ કંપનીઓના વાષિક એડજેસ્ટેડ ગ્રોસ રેવન્યુ(એજીઆર)ની ગણતરીના ચુકાદાને ધ્યાનમાં રાખીને કંપનીએ ૨૮,૩૧૪ કરોડ રૂપિયાની જોગવાઈ કરી છે. આરકોમને ટેલિકોમ વિભાગને ચૂકવવાની રકમમાં ૨૩,૩૨૭ કરોડ રૂપિયાની લાયસન્સ ફી અને ૪૯૮૭ કરોડ રૂપિયાની સ્પેક્ટ્રમ વપરાશ ફી સામેલ છે.


કલાસીફાઈડ / Classified

PIZZA STORE FOR SALE

"2-4-1 Pizza For Sale in Ajax. Exciting Opportunity! Great Location! Great Profits! Same owner since 1992 now ready to retire. Rent $3,000/month inc HST. Sales $12,000/week. Please Call Zibby - 416-824-6279."


## નીતિશ કુમાર ઝારખંડમાં બળવાખોર નેતાનો ચૂંટણી પ્રચાર કરશે, બીજેપી લાલઘૂમ

નવી દિલ્હી : બિહારના મુખ્ય પ્રધાન નીતિશ કુમાર ઝારખંડ વિધાનસભાની ચૂંટણીમાં ભાજપની મુ?શ્કેલી વધારે એવું કરી રહ્યા છે. ઝારખંડમાં મુખ્ય પ્રધાન સામે અપક્ષ ઉમેદવાર તરીકે ચૂંટણી લડનારા ભાજપના સિનિયર નેતા સરયૂ રાય માટે નીતિશ કુમાર ચૂંટણી



પ્રચાર કરવાના છે. સરયૂ રાય ઝારખંડની રાજ્ય સરકારમાં સિનિયર પ્રધાન હતા. તેમને ચૂંટણીમાં ઈચ્છિત ટિકિટ નહીં મળતાં એ રીસાયા હતા અને મુખ્ય પ્રધાન રઘુવર દાસને પોતાના પ્રધાનપદનું રાજીનામું આપીને ખુદમુખ્ય પ્રધાન સામે અપક્ષ ઉમેદવાર તરીકે ચૂંટણી લડવાની જાહેરાત કરી હતી. નીતિશ કુમાર અને સરયૂ દાસ જિગરી દોસ્તો છે અને ઝારખંડ અલગ રાજ્ય થયું નહોતું ત્યારે લાલુ યાદવના ચારા ગોટાળાની વિગતો સૌથી પહેલાં સરયૂ દાસે જાહેર કરી હતી. એજ રીતે બિહારમાં બહુ ગાજેલા અલકતરા કૌભાંડને ખુલ્લું પાડવામાં પણ સરયૂ દાસ મોખરે હતા. આમ નીતિશ માટે સરયૂ દાસ જૂના મિત્ર છે એટલે એ સરયૂ દાસ માટે પ્રચાર કરે તો હાલના મુખ્ય પ્રધાન રઘુવર દાસને ભારે પડી જાય એમ છે.

## કાશ્મીરમાં સ્થિતિ સુધરી, હવે રાજકીય સંવાદની જરૂર છે : રામ માધવ

નવી દિલ્હી : જમ્મુ કશ્મીરમાં હવે પરિસ્થિતિ ધીમે ધીમે સુધારા પર છે એટલે હવે જરૂર રાજકીય સંવાદની છે એમ ભાજપના મહામંત્રી રામ માધવે કહ્યું હતું. તેમણે એવો અણસાર આપ્યો હતો કે છેલ્લાં ત્રણેક માસથી નજરકેદમાં રહેલા કશ્મીરી નેતાઓને મુક્ત કરાશે.

કેન્દ્ર સરકારે ઑગસ્ટની પાંચમીએ જમ્મુ કશ્મીરને ખાસ દરજ્જો આપતી ૩૭૦મી કલમ રદ કર્યા બાદ કેટલાક નેતાઓને અટકાયતમાં લીધા હતા. આવી અટકાયતને ત્રણેક મહિના થવા આવ્યા. વિપક્ષો પણ કાગારોળ મચાવી રહ્યા છે કે કશ્મીરી નેતાઓ વિશેની માહિતી જાહેર કરો.

# રાજસ્થાનમાં ૪૯ મ્યુનિ. કાઉન્સિલની ચૂંટણી : કોંગ્રેસે ૨૮માં જીત મેળવી

જયપુર : રાજસ્થાનમાં ૪૯ મ્યુનિસિપલ કાઉન્સિલની શનિવારે યોજાયેલી ચૂંટણીમાં સત્તારૂઢ કોંગ્રેસે શાનદાર પ્રદર્શન કર્યું છે અને ૨૮ મ્યુનિસિપલ કાઉન્સિલમાં એકલા હાથે વિજય મેળવ્યો છે. ૯૬૧ બેઠકો પર જીત મળી હોવાથી અપક્ષો સાથે મળીને કુલ ૩૦ મ્યુનિસિપલ કાઉન્સિલમાં કોંગ્રેસના બોર્ડ બનવાની આશા ઉભી થઈ છે.

મંગળવારે જાહેર થયેલા પરિણામોમાં ભાજપને ૧૬ મ્યુનિસિપલ કાઉન્સિલમાં જીત મળી છે. બીજી તરફ અપક્ષો ત્રણ મ્યુનિસિપલ કાઉન્સિલમાં આગળ છે અને બાકીની બે કાઉન્સિલના પરિણામોની ગણતરી ચાલી રહી હોવાના અહેવાલ છે. ૪૯ મ્યુનિસિપલ કાઉન્સિલમાં કુલ ૨,૧૦૫ વોર્ડમાં ચૂંટણી થઈ હતી અને એમાં સત્તારૂઢ કોંગ્રેસને ૯૬૧, ભાજપને ૭૩૭ અને અપક્ષોને ૩૮૫ વોર્ડમાં જીત મળી છે. આ સિવાય બહુજન સમાજ પાર્ટીને ૧૬, સીપીઆઈએમને ૩ અને એનસીપીને બે વોર્ડમાં જીત મળી છે. પરિણામો પરથી એ સ્પષ્ટ છે કે મ્યુનિસિપલ કાઉન્સિલ પ્રમુખ બનવા માટે વિવિધ પાર્ટીઓને અપક્ષ નગરસેવકોનો ટેકો જોઈશે અને તેથી અપક્ષ નગરસેવકો ડિમાન્ડમાં છે. તેમની માગણીઓ શું છે એ જાણવા માટે રાજકીય પક્ષોએ કવાયત હાથ ધરી છે. બીજી તરફ જીતી ગયેલા નગરસેવકોને રાજકીય પક્ષો રિસોર્ટ કે હોટેલોમાં મોકલી રહ્યા છે. કોંગ્રેસના ગઢ સમા બીકાનેર અને ઉદયપુરમાં ભગવો લહેરાયો છે. ભરતપુરમાં કોંગ્રેસને અપક્ષોનો ટેકો જોઈશે. ૨૬ નવેમ્બરે મેયર અને ઉપમેયરની ચૂંટણી યોજવામાં આવશે. ત્યારબાદ તરત જ પરિણામ પણ જાહેર કરવામાં આવશે. શનિવારે થયેલી મ્યુનિસિપલ કાઉન્સિલની ચૂંટણીમાં ૭૧.૫૩ ટકા મતદાન થયું હતું.

# ગોગોઈ નિવૃત થતા બોબડે સુપ્રીમ કોર્ટના ૪૭મા મુખ્ય ન્યાયાધીશ

નવી દિલ્હી : અયોધ્યામાં રામ મંદિર અંગે ચુકાદો આપનારા રંજન ગોગોઈ ૧૭મીએ નિવૃત થઈ ગયા હતા, જેને પગલે ૧૮મીએ સોમવારે સુપ્રીમ કોર્ટના મુખ્ય ન્યાયાધીશ પદે રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદે ૬૩ વર્ષીય શરદ અરવિંદ બોબડેને શપથ લેવડાવ્યા હતા. શરદ અરવિંદ બોબડે દેશના ૪૭માં મુખ્ય ન્યાયાધીશ બન્યા છે. તેઓએ સવારે ૧૧.૩૦ કલાકે મુખ્ય ન્યાયાધીસ પદે શપથ ગ્રહણ કરીને પોતાનું દૈનિક કાર્ય શરૂ કરી દીધુ હતું. બોબડે ૧૭ મહિના સુધી દેશના મુખ્ય ન્યાયાધીશ પદે રહેશે અને આગામી ૨૩મી એપ્રીલ, ૨૦૨૧ના રોજ તેમનો



કાર્યકાળ પુરો થશે. બોબડેએ રાષ્ટ્રપતિ ભવન ખાતે શપથ ગ્રહણ કર્યા તે બાદ તેમના માતાના ચરણોમાં ઝુકીને આશિર્વાદ લીધા હતા. શપથ સમારોહમાં ઉપ રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદ, નરેન્દ્ર મોદી અને અનેક મંત્રીઓ, પૂર્વ વડાપ્રધાન મનમોહનસિંહ પણ હાજર રહ્યા હતા.

## ઇલેક્ટોરલ બોન્ડથી મની લોન્ડરિંગ કૌભાંડ થયું : કોંગ્રેસ

નવી દિલ્હી : રાજકીય પાર્ટીઓને ડોનેશન માટે ઈલેક્ટોરલ બોન્ડની સ્કીમ લાગુ કરવામાં સરકારે ભારે ઉતાવળ કરીને ભારતીય રિઝર્વ બેન્ક અને ચૂંટણી પંચે ઉઠાવેલા વાંધાને પણ ડસ્ટબિનમાં નાખી દીધા હોવાનો ખુલાસો કરતી આરટીઆઈ બાદ ગુરુવારે કોંગ્રેસ સહિતના વિપક્ષે સંસદના બંને ગૃહમાં સરકાર પર પસ્તાળ પાડી મોટા કૌભાંડનો આરોપ મૂક્યો હતો. તેમણે જણાવ્યું હતું કે, સરકારે ભ્રષ્ટાચાર સત્તાવાર બનાવી દીધો છે. રિઝર્વ બેન્ક અને ચૂંટણી પંચે ઈલેક્ટોરલ બોન્ડની સ્કીમ સામે વાંધો ઉઠાવ્યો હોવા છતાં સરકારે તેનો અમલ કર્યો.

# ૧ ડિસે.થી તમામ ટોલટેક્સ બુથ કેશ ફ્રી અને ફાસ્ટેગ ફરજિયાત

નવી દિલ્હી : દેશમાં ઈલેક્ટ્રોનિક ટોલને પ્રોત્સાહન આપવા અને પ્રવાસીઓની સુવિધા વધારવા સરકાર દેશના તમામ નેશનલ હાઈવે પર આવેલા ટોલનાકાને કેશ ફ્રી કરવા જઈ રહી છે. નેશનલ હાઈવે પરના ટોલનાકા પર ફાસ્ટેગ અથવા તો આરએફઆઈડી ફરજિયાત બની જશે. પહેલી ડિસેમ્બરથી જો તમારા વાહનમાં ફાસ્ટેગ નહીં હોય તો તમારે બમણો ટોલટેક્સ ચૂકવવો પડશે. એક પત્રકાર પરિષદને સંબોધન કરતાં કેન્દ્રીય માર્ગ પરિવહન મંત્રી નીતિન ગડકરીએ પત્રકાર પરિષદમાં જણાવ્યું હતું કે, પહેલી ડિસેમ્બરથી દેશના તમામ ટોલનાકા કેશ ફ્રી થઈ જશે. દરેક વાહન માટે ફાસ્ટેગ હોવું ફરજિયાત બનશે. જે વાહન પાસે ફાસ્ટેગ નહીં હોય તેમને બમણો ટોલટેક્સ ચૂકવવો પડશે. વડા પ્રધાન મોદીએ ૨૧મી સદીના ઈન્ફ્રાસેક્ટરની વાત કરી હતી. હવે પહેલી ડિસેમ્બરથી વાહનોને ટોલનાકાઓ પર રોકાવાની જરૂર પડશે નહીં. ગડકરીએ જણાવ્યું હતું કે, અમે વાહનધારકોને ફાસ્ટેગ વિનામૂલ્યે આપી રહ્યાં છે. પહેલી ડિસેમ્બર સુધી એનએચએઆઈના દરેક ટોલ નાકા પર ફાસ્ટેગ વિના મૂલ્યે આપવામાં આવશે.

# મંદીના માહોલમાં બિલ ગેટ્સનો આશાવાદ ૨૦૨૦માં ભારતમાં આર્થિક વૃધ્ધિ થશે



નવી દિલ્હી : ભારતમાં એક તરફ મંદીનો માહોલ છે, યુવાનો નોકરી વગર રખડી રહ્યા છે અને મોંઘવારીએ માજા મૂકી છે ત્યારે અમેરિકાથી આવેલા માઈક્રોસોફટના સ્થાપક બિલ ગેટ્સે એવી આશા વ્યક્ત કરી હતી કે આગામી દાયકામાં ભારતમાં ખૂબ ઝડપથી આર્થિક વૃધ્ધિ થશે. તેમણે કહ્યું હતું કે નજીક ભવિષ્ય અંગે હું વધારે કહી શકતો નથી, પરંતુ આગામી દસ વર્ષમાં ભારતમાં વિકાસની વિપુલ સંભાવનાઓ રહેલી છે. તેમણે કહ્યું હતુ કે ભારતમાં વિકાસ થશે તો નોકરીની શક્યતાઓ ખૂબ વધી જશે અને લાખો લોકોને ગરીબીમાંથી બહાર કાઢી શકાશે.જો આવું શક્ય બનશે તો સરકારને પણ શિક્ષણ અને આરોગ્ય પાછળ વધુ રોકાણ કરવું પડશે. વિશ્વના માલેતુજાર લોકો પૈકીના એક ગેટ્સે કહ્યું હતુ કે ભારતમાં આધાર કાર્ડની વ્યવસ્થા સારી છે જેના કારણે વ્યક્તિની ઓળખ થઈ શકે છે. તેમણે નાણાકીય સેવા અને ફાર્મા ક્ષેત્રની પણ પ્રશંસા કરી હતી. જો કે એશિયાની સૌથી મોટી ત્રીજી અર્થ વ્યવસ્થા ભારતમાં હાલમાં ભયંકર મંદી ભલે હોય પરંતુ આગામી દિવસોમાં આર્થિક વૃદ્ધિ થશે જ.

# ૩ માસથી GSTનું વળતર ન મળતાં પાંચ રાજ્યોને દેવું કરવાની નોબત

નવી દિલ્હી : લગભગ ૩ મહિનાથી પાંચ રાજ્યોને વસ્તુ અને સેવા કરનું વળતર મળ્યું નથી તે પછી આ રાજ્યોએ કેન્દ્ર સરકારે બાકી રકમ ચૂકવી દેવાની અપીલ કરી છે. પશ્ચિમ બંગાળ, પંજાબ, કેરળ, રાજસ્થાન અને દિલ્હીના નાણાપ્રધાનોએ એક સંયુક્ત નિવેદન બહાર પાડીને કહ્યું કે આ વળતર ન મળતાં રાજ્ય નાણાકીય રીતે ભારે દબાણમાં છે અને કેન્દ્ર સરકારે તેનું કોઈ કારણ પણ જણાવ્યું નથી. જીએસટી પર રાજ્યોના નાણાપ્રધાનોની ઉચ્ચ સ્તરીય બેઠક બાદ પંજાબના નાણાપ્રધાન મનપ્રીત બાદલે કહ્યું કે તેમના રાજ્યની હાલત એવી છે કે જેલો માટે ફક્ત બે દિવસનું રેશન બચ્યું છે અને રાજ્ય સરકાર પાસે પૈસા નથી. તેમણે કહ્યું કે તેથી શું રાજ્ય સરરકાર કેદીઓને છોડી દેવા જોઈએ. કેન્દ્ર સરકાર ઉપરનું પંજાબનું ફક્ત ૪૧૦૦ કરોડનું લેણું છે. રાજ્ય સરકારની પાસે કલ્યાણકારી યોજનાઓ પર ખર્ચ કરવા પૈસા નથી. તમામ રાજ્યોએ પોતાનો ખર્ચ કાઢવા માટે ઉધારે પૈસા લેવા પડી રહ્યા છે. હવે કર્મચારીઓના પગાર આપવાના પણ પૈસા નથી રાજ્ય સરકારને દેવું કરવું પડી રહ્યું છે.

**ક્રોસવર્ડનો ઉકેલ**

**આડી ચાવી :** (૧) સંગતિદોષ (૪) મદારત (૭) તાટ (૮) વસા (૯) જક (૧૦) પગલી (૧૨) વહેણ (૧૩) મોસમ (૧૪) પોકાર (૧૬) શૈલી (૧૭) સાન (૧૮) પાતળ (૧૯) કાળ (૨૦) તાક (૨૧) પદ (૨૩) વરસ (૨૫) વિકટ (૨૬) શરત (૨૭) મુકુંદ (૨૯) તરલ (૩૦) ખેદ (૩૧) મદ (૩૨) પતજડ **ઊભી ચાવી :** (૧) સંતાપ (૨) તિતાલી (૩) દોટ (૪) મસાણ (૫) રજ (૬) તકસીર (૮) વહેમ (૧૧) ગવલી (૧૨) વસન (૧૩) મોસાળ (૧૪) પોત (૧૫) કાળપ (૧૬) શૈશવ (૧૮) પાકટ (૧૯) કાસ (૨૦) તાકત (૨૨) દરદ (૨૪) રશ્મિ (૨૫) વિરલ (૨૬) શરદ (૨૭) મુદત (૨૮) રેવા (૨૯) તમ (૩૦) ખેપ

# RIL રૂ. ૯.૫૭ લાખ કરોડનું માર્કેટ કેપ પાર કરનારી દેશની પ્રથમ કંપની

• રિલાયન્સનો ભાવ ૧૫૧૫ની નવી ઊંચાઈએ : એક વર્ષમાં શેરનો ભાવ ૩૧ ટકા વધ્યો

મુંબઈ : ઓઈલ-ટેલીકોમ-રીટેલ જાયન્ટ રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ લિમિટેડ ભારતીય શેર બજારોમાં લિસ્ટેડ કંપનીઓમાં રૂ.૯.૫૭ લાખ કરોડનું માર્કેટ કેપિટલાઈઝેશન પાર કરનારી પ્રથમ કંપની બની છે.

કંપનીનો શેર આજે રૂ.૫૧ની છલાંગે રૂ.૧૫૧૦ની નવી ઐતિહાસિક ઊંચાઈએ પહોંચી જવા સાથે માર્કેટ કેપિટલાઈઝેશન રૂ.૯.૫૭ લાખ કરોડની સપાટી પાર કરી ગયું છે. આ સાથે વૈશ્વિક બ્રોકિંગ જાયન્ટ મોર્ગન સ્ટેનલી દ્વારા રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝના શેરનો ભાવ લક્ષ્યાંક રૂ.૨૦૦૦ મૂકવામાં આવ્યો છે. ટેલીકોમ હરિફો વોડાફોન આઈડીયા અને ભારતી એરટેલને હરીફાઈમાં હંફાવી દીધા બાદ આ ટેલીકોમ કંપનીઓ દ્વારા તેમના ટેરિફમાં ડિસેમ્બરથી વધારો કરવાનું ગઈકાલે જાહેર કર્યા બાદ પોઝિટીવ અસરે આજે ટેલીકોમ શેરોમાં તેજી સાથે રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝમાં ફંડોએ મોટાપાયે ખરીદી કરી હતી. હરીફોના ટેરિફમાં વધારા સામે રિલાયન્સ જીઓ દ્વારા હજુ સુધી કોઈ વધારો જાહેર કરાયો નહીં હોવાથી કંપનીને ફાયદો થવાની અપેક્ષાએ શેરનો ભાવ આજે ઈન્ટ્રા-ડે રૂ.૧૫૧૪.૯૫ની નવી રેકોર્ડ ઊંચાઈ બનાવી અંતે રૂ.૫૧.૩૦ ઉછળીને રૂ.૧૫૦૯.૮૦ નવી ઐતિહાસિક ઊંચાઈએ બંધ રહી માર્કેટ કેપિટલાઈઝેશન રૂ. ૯,૫૭,૦૮૬.૨૨ કરોડ પહોંચી ગયું હતું. આ સાથે અમેરિકી ડોલરમાં કંપનીનું માર્કેટ કેપિટલાઈઝેશન ૧૩૨.૯૨ અબજ ડોલરને આંબી ગયું છે, જે વૈશ્વિક જાયન્ટ ટોટલ એસએના ૧૩૦.૬૬ અબજ ડોલર અને બીપી પ્લેક.ના ૧૦૨.૭૯ અબજ ડોલરથી ઘણું વધી ગયું છે.

# ઓટો, ટેલીકોમ શેરોમાં પ્રોફિટ બુકિંગે અફડાતફડી, સેન્સેક્સમાં ઘટાડો થયો

મુંબઈ : ટેલીકોમ ઓપરેટરો-કંપનીઓને સરકારે તેનાસ્પેક્ટ્રમ ફીની ચૂકવણીકરવા માટે વધુ બે વર્ષનો સમય મળતાં ટેલીકોમ કંપનીઓને રાહત સાથે હવે ટેલીકોમ ક્ષેત્રે એનાઉન્સમેન્ટ સ્ટોરી પૂરી થઈ જતાં આજે ટેલીકોમશેરોમાં પ્રોફિટ બુકિંગ થયું હતું. આ સાથે દેશમાં હજુ ૫૬૬ રોડ ઈન્ફ્રા પ્રોજેક્ટો તેના નિયત સમય માળખાથી વિલંબથી ચાલી રહ્યા હોવાનું રોડ ટ્રાન્સપોટેશન પ્રધાન નીતિન ગડકરીએ જાહેર કરતાં ઈન્ફ્રાસ્ટ્રક્ચર શેરોમાં પણ આરંભિક તેજીનો ઊભરો અંતે શાંત થઈ ગયો હતો. રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝની આગેવાનીએ સતત ત્રીજા દિવસે તેજીનું તોફાન ફંડોએ મચાવ્યા બાદ આજે પ્રોફિટ બુકિંગ કર્યા સાથે વૈશ્વિક મોરચે અમેરિકા-ચાઈના વચ્ચે ટ્રેડ ડીલ ફરી વિલંબમાં પડતા અને અમેરિકી પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ દ્વારા ફરી ચાઈનાની આયાતો પર આકરી ટેરિફ લાદવાની ચીમકીએ અને હોંગકોંગમાં અશાંતિના નેગેટીવ પરિબળે ભારતીય શેર બજારોમાં ફંડોએ મેટલ-માઈનીંગ શેરોમાં ઓફલોડિંગ કર્યા સાથે ઓટોમોબાઈલ, ઓઈલ-ગેસ શેરોમાં સતત વેચવાલી કરતાં સેન્સેક્સ અંતે ૭૬.૪૭ પોઈન્ટ ઘટીને ૪૦૫૭૫.૧૭ અને નિફ્ટી સ્પોટ અંતે ૩૦.૭૦ પોઈન્ટ ઘટીને ૧૧,૯૬૮.૪૦ બંધ રહ્યા હતા.

# એરટેલ, વોડાફોન, જિઓને રૂ.૪૨,૦૦૦ કરોડ ચૂકવવા બે વર્ષની મહેતલ અપાઈ

નવી દિલ્હી : સુપ્રીમ કોર્ટના ચુકાદા બાદ એજીઆર પેટે રૂપિયા ૪૨,૦૦૦ કરોડ ૯૦ દિવસમાં ચૂકવવાના પ્રચંડ દબાણનો સામનો કરી રહેલી ટેલિકોમ કંપનીઓને મોટી રાહત આપતાં કેન્દ્ર સરકારે બે વર્ષની મહેતલ આપી છે. કેન્દ્રીય નાણાપ્રધાન નિર્મલા સીતારામને કેન્દ્રીય કેબિનેટની બેઠક બાદ માહિતી આપી હતી કે, સરકારે એરટેલ, વોડાફોન આઈડિયા સહિતના ટેલિકોમ ઓપરેટરોને પડતર સ્પેક્ટ્રમ પેમેન્ટ માટે બે વર્ષની મહેતલ આપવાનો નિર્ણય કર્યો છે. સરકારે ૨૦૨૦-૨૧ અને ૨૦૨૧-૨૨ માટેના હપતા હાલ પૂરતા મોકૂફ રાખ્યા છે. મહેતલ અપાઈ છે તે રકમને કંપનીઓ દ્વારા ચૂકવવાપાત્ર બાકીના હપતામાં સરખે હિસ્સે વહેંચી દેવાશે. બાકી રહેલા આ હપતાઓ માટે કંપનીઓને વધારાનો કોઈ સમય આપવામાં નહીં આવે. સંબંધિત સ્પેક્ટ્રમની હરાજી વખતે સ્થગિત રખાયેલા વ્યાજની કંપનીઓ પાસેથી વસૂલાત કરાશે.

# અરામકોનો ૧૭૧૦ અબજ ડોલરનો IPO : શેર દીઠ ૮.૫ ડોલરનો ભાવ

• વિશ્વનો સૌથી મોટો આઈપીઓ: અરામકો ૧.૫ ટકા શેર વેચશે

નવી દિલ્હી : સાઉદી એરેબિયાએ સોમવારે ઊર્જા ક્ષેત્રની જંગી કંપની આરામકોના ૧૭૧૦ અબજ ડોલરનો આઈપીઓ ખુલ્લું મૂક્યું હતું જે કદાચ વિશ્વનો સૌથી મોટો આઈપીઓ હોઈ શકે છે. જો કે પ્રિન્સ મોહમ્મદ બિન સલમાનની પ્રારંભિક ઈચ્છા તો બે અબજ ડોલરના આઈપીઓની હતી.

આરામકોએ કહ્યું હતું કે તેઓ કંપનીના ૧.૫ ટકા શેર ૨૪-૧૫.૬ અબજમાં વેચશે. જો કે સાઉદી એરેબિયાએ શરૂઆતમાં પાચ ટકા શેર વેચવાની ઈચ્છા જાહેર કરી હતી.' કંપનીના આઉટસ્ટીન્ડીંગ શેરના ૧.૫ ટકા બેઝ ઓફર હશે'એમ શાહી પરિવારની માલિકીની કંપનીએ કહ્યું હતું. કંપનીએ રોકાણકારો પાસેથી શેર દીઠ ૮-૮.૫૦ ડોલરનીરેન્જમાં બિડ્સ માગ્યા હતા. લાંબી પ્રતિક્ષા પછી તેલ આધારિત અર્થતંત્રને વિવિધ ક્ષેત્રમાં સક્રિય કરાવવાની પ્રિન્સ મોહમ્મદ બિન સલમાનની મહત્ત્વકાંક્ષી યોજના વિશ્વના સૌથી મોટા લિસ્ટીંગની હરિફ બની હતી. ચાઈનીઝ રિટેલ જંગી કંપની અલીબાબાએ ૨૦૧૪માં ૨૫ અબજ ડોલરના આઈપીઓ બજારમાં મૂક્યા હતા.બે શેરબજારમાં એનું લિસ્ટીંગ થાય તેવું આરામકો શરૂઆતમાં ઈચ્છતી હતી. પહેલા કિંગ્ડમના તાદાવુલના બે ટકા અને ત્યાર પછી વિદેશી શેર બજારમાં વધુ ત્રણ ટકા લિસ્ટીંગની તેની યોજના હતા.

# વીડિયોકોનમાં ૧૪ મહિનાથી પગારના ફાંફાં : કર્મીઓ ભીખ માગવા માટે મજબૂર

રંગાબાદ : વીડિયોકોનના રંગાબાદ પ્લાન્ટ બંધ થવાને આરે પહોંચી ગયો છે. એ પ્લાન્ટના કર્મચારીઓને છેલ્લા એક વર્ષથી પગાર મળતા નથી. કર્મચારીઓએ બાકી પગારની માગણી સાથે અનોખો વિરોધ કરતાં શેરીઓમાં ભીખ માગવા ઊતર્યા હતા. કંપનીના કર્મચારીઓએ દિવાળી વખતે ગલીઓમાં ફરી ફરીને ભીખ માગી હતી અને કંપનીના પૂર્વ માલિક વેણુગોપાલ ધૂતને ૭૨૧ રૂપિયાની ગિફ્ટ મોકલી હતી. મળતા હેવાલ મુજબ વીડિયોકોન ગ્રૂપ કર્મચારી યુનિયનના પ્રમુખ ગજાનંદ બંધુ ખંડારેએ જણાવ્યું હતું કે અમે લોકોએ ભીખ માગી એકત્ર કરેલા પૈસાનો ડિમાન્ડ ડ્રાફ્ટ બનાવી જિલ્લા કલેક્ટરને આપ્યો હતો. ખંડારએ વધુમાં જણાવ્યું હતું કે અમારા કર્મચારીઓ છેલ્લા ત્રણ મહિનાથી હડતાલ પર છે. અમે બાકી પગારની માગ કરીએ છીએ, પરંતુ કોઈ પણ અમારી સમસ્યાને દૂર કરતું નથી.

# અંતિમ બદલાના દિવસ (કયામત) વિષે જાણકારી

**ઈસ્લામની આરસી**

**કાસિમ અબ્બાસ**

ભાગ-૧

આ પામર જગતને એક મુસાફરખાના સમાન ઓળખવામાં આવે છે. મનુષ્ય આ મુસાફરખાનામાં એક મુસાફર તરીકે એક ચોક્કસ સમય માટે આવે છે, પોતાનું જગત જીવન પસાર કરે છે, સદ્કાર્યો પણ કરે છે અને નઠારા કાર્યો પણ કરે છે પછી તેના જીવનનો સમય પુરો થઈ ગયા પછી તે આ મુસાફરખાના સમાન પામર જગતથી વિદાય લે છે. જ્યારે તે આ પામર જગતમાં આવે છે ત્યારે તે બિલ્કુલ ખાલી હાથે આવે છે અને તેના શરીર પર એક પણ કપડું નથી હોતું. અને જ્યારે તે આ પામર જગતથી વિદાય લે છે ત્યારે પણ તે બિલ્કુલ ખાલી હાથે જાય છે અને અંતમાં તેનું પામર શરીર તેના ધર્મની વિધિઓ અનુસાર માટી, પાણી, હવા કે અગ્નિના વાતાવરણમાં લુપ્ત કે વિલીન થઈ જાય છે.



આ સત્ય વાતથી એ વિચાર થઈ આવે છે કે મનુષ્ય આ પામર જગતમાં શા માટે આવે છે ? આ પ્રશ્નનો ઉત્તર એ છે કે લગભગ દરેક ધર્મના ધર્મશાસ્ત્ર અનુસાર મનુષ્યને આ જગતમાં સદ્કાર્યો કરવા માટે મોકલવામાં આવે છે. જેણે ખરેખર આ પામર જગતમાં રહીને સદ્કાર્યો કર્યા, તેનું જગત જીવન સફળ થાય છે અને સાથે સાથે તેનું બીજું જીવન એટલે કે પરલોક (આખેરત)નું જીવન પણ સફળ થાય છે. બીજા જીવનની સફળતા માટે તેને વિશ્વાસ હોય છે કે તેના આ જગત જીવન પછી તેના માટે અંતિમ બદલાનો એક દિવસ અવશ્ય છે, જેમાં તેને જગત જીવનમાં કરેલા સદ્કાર્યોનો બદલો અવશ્ય મળશે.

જગત જીવન વિષેની એક કહેવત છે કે, "કરે તેવું પામે અને વાવે તેવું લણે." એક બીજી પણ કહેવત છે કે "હાથ ના કર્યા હૈયે વાગે". જગત જીવનની આ કહેવતો અનુસાર મનુષ્ય જેવું કરશે તેવો જ તેને બદલો આ જગતમાં મળશે. આ વાત તો થઈ આ જગતની. પરંતુ ધર્મશાસ્ત્રો અનુસાર મનુષ્યને આ જગતમાં કરેલા સદ્કાર્યો કે નઠારા કાર્યોનો બદલો બીજા જીવનમાં પણ મળનાર છે અને તેના માટે એક ચોક્કસ દિવસ છે, જેને અંતિમ બદલાનો દિવસ કહી શકાય.

બીજા જીવન એટલે કે પરલોકના જીવન વિષે કદાચ અન્ય ધર્મોના ધર્મશાસ્ત્રોમાં વિગતવાર અથવા થોડું ઘણું અવશ્ય કહેવામાં આવેલ હશે. મુસ્લિમ ધર્મશાસ્ત્ર કુરાન મજીદમાં મનુષ્યના સર્જન વિષે તથા તેના આ જગત જીવન વિષે તથા તેના જીવન પછી તેના મૃત્યુ વિષે તથા તેના પછી તેને બીજીવાર સજીવન કરવા વિષે તથા અંતિમ બદલા (કયામત)ના દિવસ વિષે ઘણું કહેવામાં આવેલ છે કે તે દિવસે દરેક મનુષ્યને તેણે જગત જીવનમાં કરેલા સદ્કાર્યો અથવા નઠારા કાર્યોનો બદલો પુરેપુરા ન્યાયની સાથે આપવામાં આવશે, આ વિષેના કુરાન મજીદમાંના અમુક બોધવચનો નીચે આપવામાં આવે છે :-

"આ જ ધરતી માંથી અમોએ તમારૂં સર્જન કર્યું. આ જ ધરતીમાં અમે તમને પાછા લઈ જશું, અને આ જ ધરતી માંથી અમે બીજીવાર તમને સજીવન કરશું." (પ્રકરણ ૨૦, શ્લોક ૫૫)

"અમોએ મનુષ્યનું માટીના સત્વમાંથી સર્જન કર્યું. પછી તેને એક સુરક્ષિત સ્થાનમાં ટપકેલા બિંદુ (વિર્ય)માં પરિવર્તિત કર્યો. પછી તે બિંદુને થીજી ગયેલા લોહીનું સ્વરૂપ આપ્યું. પછી થીજેલા લોહીને માંસનો ટુકડો બનાવી દીધો. પછી માંસના ટુકડાના હાડકાં બનાવ્યા પછી હાડકાંઓ ઉપર માંસ ચઢાવ્યું. પછી તેને એક જુદુંજ સર્જન બનાવીને ઉભો કર્યો. આમ ઘણો જ બરકતવાળો છે અલ્લાહ, જે સર્વે સર્જનહારોથી ઉત્તમ સર્જનહાર છે. પછી તમારે ચોક્કસ મરવાનું છે. પછી અંતિમ બદલા (કયામત)ના દિવસે ખચિત તમને ઉઠાડવામાં આવશે." (પ્રકરણ ૨૩, શ્લોક ૧૨, ૧૩, ૧૪, ૧૫ અને ૧૬)

"તે સમયે શું વીતશે તે લોકોની ઉપર જ્યારે અમે તેમને એ અંતિમ બદલા (કયામત)ના દિવસે એકત્ર કરશું, જે દિવસનું આવવું નિશ્ચિત છે. એ દિવસે દરેક વ્યક્તિને તેની કરણીનો પુરેપુરો બદલો આપી દેવામાં આવશે અને કોઈની ઉપર જરા પણ અત્યાચાર (અન્યાય) નહિં થાય." (પ્રકરણ ૩, શ્લોક ૨૫)

ઉપર આપેલા બોધવચનો અનુસાર મનુષ્યનું સર્જન માટીમાંથી કરવામાં આવેલ છે અને તેને મૃત્યુ પછી માટીમાં જ પાછા જવાનું છે. અને પછી તેને માટીમાંથી જ બીજીવાર સજીવન કરીને અંતિમ બદલા (કયામત)ના દિવસે તેની જગત જીવનની કરણીનો હિસાબ કરવામાં આવશે અને તેની કરણીના અનુસાર બદલો આપવામાં આવશે.

હવે પ્રશ્ન એ ઉત્પન્ન થાય છે કે અંતિમ બદલા (કયામત)નો દિવસ ક્યારે આવશે ? સત્ય તો એ છે કે જગતના કોઈ પણ ધર્મના ધર્મશાસ્ત્રમાં આ વિષેની કોઈ પણ પ્રકારની કોઈ ચોક્કસ માહિતી નથી મળતી કે અંતિમ બદલા (કયામત)નો દિવસ એટલે કે આ પામર જગતના અંતનો દિવસ ચોક્કસ ક્યારે આવશે. આ વિષે આપણે મુસ્લિમ ધર્મશાસ્ત્ર કુરાન મજીદના આ વિષેના અમુક બોધવચનોનો અભ્યાસ કરશું તો આપણને જાણવા મળે છે કે પાલનહાર અલ્લાહ તરફથી તેમાં કહેવામાં આવેલ છે કે અંતિમ બદલા (કયામત)ના ચોક્કસ દિવસની જાણકારી કેવળ તેના પાસે જ છે. આ વિષેના અમુક બોધવચનો આ પ્રમાણે છે :-

"ખચિત એ ઘડી (અંતિમ બદલાનો દિવસ- કયામત) અવશ્ય આવવાની છે અને તેના આવવામાં જરા પણ શંકા નથી. પરંતુ ઘણા લોકો આ વાત પર શ્રધ્ધા (ઈમાન) ધરાવતા નથી." (પ્રકરણ ૪૦, શ્લોક ૫૯)

ક્રમશઃ



# સાપ્તાહિક રાશિ ભવિષ્ય

## તા.૨૨-૧૧-૨૦૧૯ થી તા. ૨૮-૧૧-૨૦૧૯

ડૉ. મહેશભાઈ દશોરા ( જયોતિષાચાર્ય )
ડી-૬૧૯, ૬ઠ્ઠા માળે, ઈન્ટરનેશનલ ટ્રેડ સેન્ટર (ITC),
મજુરાગેટ ચાર રસ્તા, સુરત-૨, ગુજરાત. ફોન : (૦૨૬૧) ૨૪૭૭૮૮૦
E-Mail :- mddashora@yahoo.co.in



### મેષ (અ,લ,ઈ)

આ સપ્તાહમાં મનોબળ વધશે. હિંમત, વિશ્વાસથી કાર્ય સફળતા તરફ આગળ વધી શકશો. લાંબા સમયથી ગૂંચવાયેલા કાર્યોનો ઉકેલ આવે. આર્થિક ક્ષેત્રે બોજો હળવો થાય. વ્યવસાયિક અને કારકિર્દીના પ્રશ્ને અંગે જણાતી પ્રતિકૂળતા દૂર થાય. જીવનસાથીનું આકસ્મિક મિલન. ટૂંકી યાત્રા મુસાફરી લાભદાયી નિવડે. આરોગ્યની બાબતમાં આ સપ્તાહ એકંદરે શ્રેષ્ઠ પુરવાર થાય. સરકારી કામકાજમાં સફળતા. મકાન જમીનને લગતા કામકાજનો ઉકેલ આવે.



### વૃષભ (બ,વ,ઉ)

આ સપ્તાહમાં ગ્રહો મહત્વની તક આપનાર અને ઉન્નતિ કરાવનાર જણાશે. નવીન કામકાજમાં પ્રગતિ થાય. આવેલા અવરોધને પાર કરી શકશો. પરિવારમાં સ્નેહનું આધિપત્ય રહે. મકાન જમીન કે સંપત્તિ પાછળ ખર્ચ વધે. માનસિક શાંતિમાં રાહત મળે. કુંટુંબીજનો સાથે અકારણ વિખવાદના પ્રસંગો સર્જાય. ગૃહજીવનની સમસ્યા હલ કરી શકશો. સંતાનની પ્રગતિથી હર્ષ થાય. સાચા મિત્રોનો કાર્યક્ષેત્રે સહકાર મળે. પત્નીના સ્વાસ્થ્યની ચિંતા સતાવે. જાહેર સામાજિક ક્ષેત્રે માન સન્માન મળે.



### મિથુન (ક,છ,ઘ)

આ સપ્તાહમાં માનસિક તાણ, ઉદ્વેગ અને અશાંતિ સર્જાય. આવક કરતાં ખર્ચનું પ્રમાણ વધુ રહેશે. એક સાધતાં તેર તૂટે એવી સ્થિતિનો અનુભવ થાય. વડીલ વ્યકિતના સ્વાસ્થ્યની ચિંતા રહે. ભાડૂત અંગેના પ્રશ્નો હલ કરવામાં વિલંબ સર્જાય. ગૃહજીવનમાં ચકમક ઝરે. નાણાંકીય ભીંસ અનુભવશો. દામ્પત્યજીવનમાં ત્રીજી વ્યકિતના કારણે મતભેદની સ્થિતિ સર્જાય. પારકાના વિવાદમાં મધ્યસ્થી થવું નહી. યાત્રા પ્રવાસ દરમ્યાન ચોરી, હાનિ બાબતે સજોગ રહેવું. આરોગ્ય પ્રત્યે બેદરકારી રાખવી નહીં.



### કર્ક (ડ,હ)

આ સપ્તાહમાં ઉત્સાહમાં વધારો થાય અને પુરુષાર્થનું ફળ મળશે. આર્થિક બાબતો માટે ગ્રહયોગો મધ્યમ છે.. નોકરીયાત વર્ગને કાર્યસફળતા જણાય. દામ્પત્યજીવનમાં સુમેળ જળવાય. સ્થળાંતર, મહત્વના પરિવર્તન લાભદાયી બને. સમસ્યાનો ઉકેલ લાવી શકશો. સ્થવાર મિલ્કતના સોદા પાર પડે. આરોગ્ય સંબંધી મનની મુંઝવણ ધીમે ધીમે ઉકેલાશે. સંતાનો માટે નવીન કાર્ય રચના હાથ ધરી શકશો. પરિવારના વિવાદના પ્રશ્નો ઉકેલી શકશો.



### સિંહ (મ,ટ)

નાણાંકીય દ્દષ્ટિએ આ સપ્તાહ આપની સમસ્યાનો ઉકેલ આપનારું બનશે. સાનુક્કૂળ તકો મળે જે ઝડપી લેવી હિતાવહ છે. અંગત સમસ્યા હલ થાય. નાણાંકીય દ્દષ્ટિએ આ સપ્તાહ મુશ્કેલીરૂપ અને અંતરાયરૂપ બની રહેશે. સમજી વિચારીને આર્થિક યોજના બનાવશો તો ખર્ચને ટાળી શકશો. ખોટા આર્થિક રોકાણો ન થઇ જાય તે બાબતે કાળજી રાખવી. કૌટુંબિક સમસ્યા હલ કરી શકશો. નોકરી ધંધાની સમસ્યાઓનું નિરાકરણ આવે. તમામ ગૂંચવાયેલા પ્રશ્નો ઉકેલાશે.



### કન્યા (પ,ઠ,ણ)

વ્યવસાયિક કાર્યમાં લાભ અને સફળતા મળે. સ્નેહીજનની મુંઝવણ ઉકેલી શકશો. પિતરાઈઓ સાથેના વિવાદનો અંત આવે ઘરને આધુનિક બનાવી શકશો. મોસાળ પક્ષથી લાભ થાય. જૂની ઉઘરાણી મેળવવામાં કંઈક અંશે રાહત અનુભવશો. સ્વભાવમાં ક્રોધ અને આવેશનું પ્રમાણ વધુ રહેશે. નોકરીમાં વિરોધીઓથી સાવધ રહેવું. ધંધામાં જણાતી પ્રતિકૂળતા માંથી બહાર આવવાની તક મળે સંતાનના સ્વાસ્થ્ય બાબતે ચિંતીત રહેશો. પરિવારમાં કલહ કંકાશનું વાતાવરણ રહે.



### તુલા (ર,ત)

આ સપ્તાહમાં ધાર્યુ ન થતાં ઉદ્વેગ જણાશે. કાવાદાવા છળકપટથી દૂર રહેવું. સહી સિક્કાની બાબતમાં વિશેષ કાળજી રાખવી. વધુ પુરુષાર્થના કારણે શારીરિક તકલીફ અનુભવશો. ઉઘરાણીના નાણાં મેળવવામાં વિલંબ સર્જાય. સંતાનની પ્રગતિ બાબતે વધુ ચિંતીત રહેશો જાહેર વાદવિવાદમાં પડવું નહીં. કોઈની પારકી અંગત જવાબદારી સ્વીકારવી નહીં. એકંદરે આ સપ્તાહ મિશ્રફળદાયી બની રહેશે. ભાગ્યોદયની નવી નવી તકો મળે. સમય અને સંજોગ સાથ ન આપે. પાચનતંત્રની બિમારી પ્રત્યે બેદરકારી રાખવી નહીં.



### વૃશ્રિક (ન,ય)

આ સપ્તાહમાં તમારા પ્રયત્નોને સફળતા મળતાં નવી દિશા ખુલશે. નવીન સગવડો વધશે. નોકરી ધંધામાં સાનુકૂળતા વધશે. અને લાબાં સમયથી ગૂંચવાયેલી બાબતો ઉકેલી શકાશે. પ્રગતિકારક તકો મળશે. આધાત્મિક પ્રગતિનો માર્ગ મોકળો જણાય. રમણીય સ્થળોની મુલાકાત લાભદાયી નિવડે. કલા, સંગીત, પ્રત્યે રૂચી વધે. દામ્પત્યજીવનના પ્રશ્ને વિસંવાદિતા જાળવવી. પરિવારમાં ખુશાલીનો અવસર આવે. કામ કરવામાં ઉત્સાહ અને ઉમંગ વધશે. તબિયત સારી.



### ધન (ધ,ભ,ફ,ઢ)

આ સપ્તાહમાં હિતશત્રુઓ પર વિજય મેળવી શકશો મુશ્કેલીઓ યા હેરાનગતિના પ્રસંગોમાંથી માર્ગ મળશે. નવીન કામકાજમાં નડતા વિધ્નને હળવા થશે. મૂડી રોકાણ, શેરસટ્ટાના કાર્યોથી દૂર રહેવું. કાર્યક્ષેત્રે અણધારી મદદ મળી રહેશે. વિદ્યાર્થીઓ માટે યોગો સહાયરૂપ બનતાં જણાય. સરકારી અવરોધોમાંથી માર્ગ મળશે. કોર્ટ કચેરીના કાર્યોમાં અશંત વિજય થવાય. સંશોધનાત્મક અભિગમ વધશે. સ્નેહીજનની આકસ્મિક મુલાકાત લાભદાયી નિવડે. પરિવારમાં વિખવાદનો અંત આવે.



### મકર (ખ,જ)

આ સપ્તાહ દરમ્યાન મનોકામના પૂર્ણ થવાની આશાવાદી તકો વચ્ચે મુશ્કેલીઓમાંથી બહાર નીકળવાનો માર્ગ મળે. નાણાંકીય સંજોગો યા સમસ્યાઓ અંગે સાનુકૂળતાઓ ઉભી થાય. પરિવારમાં સંવાદિતા અને મનમેળના પ્રસંગો આવે. પ્રવાસ પર્યટનો લાભદાયી નિવડે. વૈભવ સમૃદ્ધિમાં વધારો થાય. કાર્યક્ષેત્રે પ્તનીનો સહકાર મળી રહેશે. આવનારી મુશ્કેલીમાંથી ધીરજપૂર્વક ઉકેલી લાવી શકશો. કૈટુંબિક પ્રશ્નો અંગે તમારી મુંઝવણભરી સ્થિતિ રહેશે. નોકરીયાત માટે પ્રગતિકારક સપ્તાહ.



### કુંભ (ગ,સ,શ,ષ)

માનસિક સ્વસ્થતા અને શાંતિમાં ખલેલ પહોંચતી અનુભવાશે. ખર્ચના પ્રસંગો આવવાથી અને નાણાંભીડના કારણે પરેશાની અનુભવશો. કામનો બોજો વધી જશે. નોકરીયાત વર્ગ માટે સાનુકૂળ તક મળે. પણ ધીરજ ગુમાવવાથી કામ અટકી જાય. મુશ્કેલીઓનો સામનો કરવાની પૂરી તૈયારી દાખવશો. વાહન અકસ્માતમાંથી હાથ, પગ, માથામાં ઈજા ન થાય તેની કાળજી રાખવી મકાન ભાડૂના પ્રશ્નો વધુ વિચારણા માંગી લેશે. કોઈને ઉછીના નાણાં આપવા નહીં. આરોગ્ય સંબંધી મુંઝવણ દૂર થાય.



### મીન (દ,ચ,ઝ,થ)

આ સપ્તાહમાં અંતરાયો દૂર થતાં કાર્યસફળતા મળે નસીબ સાથ આપતું જણાય. વધારાની આવક ઉભી કરી શકશો. દામ્પત્યજીવનમાં નજીવા મતભેદ જણાય. પ્રાકૃતિક સૈદંર્યના પ્રેમી બનશો. વડીલ વ્યકિતનો પરિચય લાભદાયી નિવડે. ગૃ હજીવનમાં વિવાદ. અભ્યાસમાં મધ્યમસ્તરીય પ્રગતિ થાય. કોઈક સ્નેહીજનના આઘાતજનક સમાચાર મળે સ્થાયી પ્રોપર્ટી સુખ વધે. આત્મસ્ફૂરણામાં વધારો થાય નોકરીયાત વર્ગને લાભદાયક સંજોગો જણાય. તમામ આશા ફળીભૂત થાય.

# જાણો વૃક્ષ, છોડ અને વેલા ઉગાડવાથી મનુષ્ય જીવનમાં કેટલી પ્રગતિ થાય?

વૃક્ષશાસ્ત્રમાં વિગતે આપણને જાણવા મળે છે કે ઘર કે ઓફિસમાં કેવા પ્રકારનાં વૃક્ષો, છોડ અને વેલા ઉગાડવાથી મનુષ્યજીવનમાં કેટલી પ્રગતિ થાય અને શું સકારાત્મક પ્રભાવ પડે છે. આપણે પણ એ વિશે જ વાત કરવાની છે. ઘરમાં કયાં વૃક્ષો ઉગાડવાથી તમારા ઘરમાંથી નકારાત્મકતા દૂર રહે છે. તો ચાલો જાણી લઈએ આ વિશે.



## નાળિયેરીનું વૃક્ષ

હિન્દુ ધર્મમાં નાળિયેર વગર કોઈ કામ શરૂ નથી થતું. આપણે સારું કાર્ય કરવાની શરૂઆત કરીએ તે પહેલાં નાળિયેર જરૂર વધેરીએ. સગપણ કરવાનું હોય ત્યારે સવા રૂપિયો ને નાળિયેર આપી વાત પાક્કી કરવામાં આવે છે. બહારગામ સારા કામ માટે કે યાત્રા માટે જતા હોય તો પણ શ્રીફળ આપવામાં આવતું હોય છે. આમ, નાળિયેરનું ધર્મમાં આગવું મહત્ત્વ રહ્યું છે. શાસ્ત્રોમાં કહેવાયું છે કે જેમ તુલસી વગર દરેક ધાર્મિક કાર્ય અને શુભ કાર્ય અધૂરું છે તેમ નાળિયેર વગર પણ દરેક કાર્ય અધૂરું છે. પૂજામાં નાળિયેરને કળશમાં પાણી ભરીને તેની ઉપર રાખવામાં આવે છે. આ લગભગ દરેક પૂજામાં આપણે જોયું હશે, કારણ કે તે શુભ પ્રતીક છે. વૃક્ષશાસ્ત્રમાં કહેવાયું છે કે આ રીતે કળશ ઉપર નાળિયેર રાખી તમે દેવતાઓને આવકાર આપો છો. જેમ નાળિયેર શુભ કાર્ય માટે મહત્ત્વનું છે તેમ જ નાળિયેરી પણ ઘર માટે ખૂબ જ લાભદાયી છે. બધા લોકોએ પોતાના ઘરમાં એક નાળિયેરનું ઝાડ તો અવશ્ય ઉગાડવું જ જોઈએ. નાળિયેરીની આવરદા ૮૦ વર્ષની હોય છે.

## દાડમ

દાડમના ઝાડથી એક તરફ જ્યાં સકારાત્મક ઊર્જાનો પ્રવેશ તમારા ઘરમાં થાય છે તો બીજી તરફ આ વૃક્ષમાં ષધીય ગુણો પણ ભરપૂર પ્રમાણમાં હોય છે. આપણે પૂજા સમયે જે પાંચ ફળ ભગવાનને અર્પણ કરીએ છીએ તેમાં દાડમને ચોક્કસ મૂકવામાં આવે છે. કહેવાય છે કે ઘરના બગીચામાં જો દાડમનું ઝાડ ઉગાડવામાં આવે તો ઘરમાં હંમેશાં સકારાત્મક ઊર્જા આવતી રહે છે. તમે આ રીતે ભગવાન શિવ અને ગણેશને પ્રસન્ન કરશો અને તમને હંમેશાં સુખની પ્રાપ્તિ થશે.

## લીમડો

લીમડાને ચમત્કારી વૃક્ષ માનવામાં આવે છે. લીમડાને દેવી દુર્ગાનું રૂપ માનવામાં આવે છે. આ વૃક્ષ ઘરમાં ઉગાડવાથી ઘરમાંથી લક્ષ્મીનો વ્યય નથી થતો તેમજ મહદંશે ઘરમાં ચોર અને બદઈરાદાથી આવતા લોકોથી બચી શકાય છે. વળી આ ઝાડ ઘરને ભૂતપ્રેતથી સુરક્ષિત રાખે છે. લીમડાનું ષધીય મહત્ત્વ પણ ઘણું છે.

## કેળાંનું ઝાડ

કેળાંના ઝાડને પણ ઘણું જ પવિત્ર માનવામાં આવે છે. કેટલાંય ધાર્મિક કાર્યમાં કેળાંનો તેમજ કેળાંનાં પાનનો ઉપયોગ કરવામાં આવે છે. ખાસ કરીને ભગવાન વિષ્ણુ અને દેવી લક્ષ્મીને કેળાંનો ભોગ ધરાવવામાં આવે છે. એવું માનવામાં આવે છે કે નોકરી-ધંધામાં જો પ્રગતિ મેળવવી હોય તો ઘરમાં કેળાંનું ઝાડ ઉગાડી હંમેશાં તેની પૂજા કરવી જોઈએ. આમ કરવાથી હંમેશાં નોકરી-ધંધામાં પ્રગતિ થાય છે.

# ઘરમાં રાખો ઉત્તરદિશામાં માટલું, ક્યારેય નહીં આવે પૈસાની તંગી

પહેલાના સમયમાં લોકો માટીના ઘડાનો કે માટલાનો ઉપયોગ પાણી પીવા માટે કરતા હતા જ્યારે આજના સમયમાં દરેક ઘરમાં ફ્રીજના કારણે આ ઘડા ઓછા જોવા મળી રહ્યા છે. તેની સાથે જ વાસ્તુ અનુસાર માટીના ઘડા જો ઘરમાં રાખવામાં આવેતો અનેક મુશ્કેલીઓથી છૂટકારો મળી શકે છે.

તમે જોયું હશે કે આજે પણ ગામડામાં લોકો પાણી ભરવા માટે ઘડા કે માટલાનો ઉપયોગ કરે છે. પરંતુ આજકાલ સામાન્ય રીતે શહેરમાં માટલાની જગ્યા પર ફ્રીઝમાં પાણીની બોટલ ભરીને રાખવામાં આવે છે. જ્યારે વાસ્તુશાસ્ત્ર અનુસાર પાણીથી ભરેલું માટલું કે ઘડો રાખવો જોઈએ. તેમજ ક્યારેય પૈસા ઓછા થતા નથી. તો આવો જોઈએ તેના ફાયદા.

-કહેવાય છે જો કોઈ કારણથી ઘડો ન મળે તો તમે માટીનું માટલું પણ રાખી શકો છો જે લાભદાયી હોય છે પરંતુ ધ્યાન રાખો કે તેમા હંમેશા પાણી ભરેલું હોવું જોઈએ.

– વાસ્તુ મુજબ તેને ઉત્તર દિશામાં રાખવું જોઈએ. કારણકે ઉત્તરદિશાને જળ દેવતાની દિશા માનવામાં આવે છે અને ફાયદાકારક હોય છે.

– કહેવામાં આવે છે કોઈ વ્યક્તિ તણાવ ગ્રસ્ત હોય કે માનસિક રીતે પરેશાન છે તો તમે માટીના ઘડાથી કોઈ છોડને પાણી આપો છો તો તેનાથી તે વ્યક્તિને લાભ થઈ શકે છે.

– માટીથી બનેલી ભગવાનની મૂર્તિને ઘરમાં રાખવાથી પણ તમારે ધન સંબંધી સમસ્યાઓ દૂર થાય છે અને તેની સાથે જ ઘરમાં પૈસા ઓછા થતા નથી.

# વાસ્તુ મુજબ તમારે માથાની સાથે ઉત્તર દિશામાં સૂવું જોઈએ નહીં

ભારતીય પરિવારમાં સૂવાની દિશા તરફ ખૂબ ધ્યાન આપવામાં આવે છે. ઘણીવાર ઘરના વડીલો પુનરાવર્તન કરે છે કે તેમને દક્ષિણ દિશામાં સૂવું જોઈએ નહીં, તે એક સૂચન છે જે દરેક ભારતીય પરિવારમાં વૃદ્ધો ચોક્કસપણે આપે છે તે આયુર્વેદમાં પણ કહેવામાં આવ્યું છે. વાસ્તુ શાસ્ત્ર મુજબ વાસ્તુ મુજબ તમારે માથાની સાથે ઉત્તર દિશામાં સૂવું જોઈએ નહીં. આ પાછળનું કારણ પણ જણાવવામાં આવ્યું છે વિજ્ઞાનના સિદ્ધાંતોના આધારે આ સાબિત કરે છે કે સૌરમંડળની ચુંબકીય તરંગો દક્ષિણથી ઉત્તર દિશા તરફ જાય છે. જ્યારે ઉત્તર દિશામાં માથું રાખીને સૂઈએ છીએ, ત્યારે આ તરંગો માથામાંથી પગ તરફથી પસાર થાય છે, આ પ્રક્રિયા પાચનતંત્રની સ્વાસ્થ્ય માટે સારી માનવામાં આવે છે, પરંતુ જ્યારે કોઈ વ્યક્તિ દક્ષિણ તરફ પગ રાખીને સૂઈ જાય છે, તો પછી આ તરંગો વિરોધી અસર ધરાવે છે. ઉત્તર દિશામાં માથું સાથે સૂવાથી ઉંઘની ગુણવત્તા પણ પ્રભાવિત થાય છે ઉંઘની સ્થિતિ ઉંઘની વિકૃતિઓનું એક મોટું કારણ છે, સાથે જ ખરાબ સ્વપ્ન આવવાનું એક મોટું કારણ છે. તેથી જો તમારે શાંત અને ઉંડી ઉંઘ લેવી હોય તો દક્ષિણ તરફ પગ ન રાખો.

## વુમન વર્લ્ડ

### ઓલિવિયા નામની ત્રણ વર્ષની આ છોકરી યોગર્ટના ૧૮ કપ ખાઈ ગઈ



આ કોઈ કોમ્પિટિટિવ ઈટિંગ સ્પર્ધાની વાત નથી થઈ રહી કે કે ત્રણ વર્ષ જેટલા નાના બાળકો માટે હજુ સુધી દુનિયામાં આવી કોઈ સ્પર્ધા શરૂ નથી થઈ. જો કે આવું થાય તો ઓલિવિયા નામની ત્રણ વર્ષની આ ટબૂકડી ચોક્કસ બાજી મારી જાય એ વાત નિશ્ચિત છે. વાત એમ છે કે ઓલિવિયાના પપ્પા તેને થોડીક વાર માટે રેઢી મૂકીને ગાર્ડનમાં કામ કરવા ગયા હતા. તેમને હતુ કે દસ મિનિટ ગાર્ડનિંગ કરી લઉં ત્યાં સુધીમાં ઓલિવિયા ઘરમાં રમશે. ઓલિવિયાને ભૂખ લાગી. પપ્પા જેવી બહાર ગયા કે તરત ફ્રીઝ ખોલ્યું અને એમાં પડેલા યોગર્ટના કપ ઝાપટવાનું શરૂ કરી દીધું. એક પછી એક તેણે યોગર્ટના કપ ખાલી કરવા માંડ્યા. દસેક મિનિટ બાદ તેના પપ્પા એરોન વાયોલ ઘરમાં આવ્યા અને જોયું તો દીકરીએ ૧૮ યોગર્ટના કપ ખાલી કરી નાખ્યા હતા. તેને નવાઈ લાગી કે આટલી ગણતરીની મિનિટોમાં તેની દીકરી આટલું બધુ યોગર્ટ ખાઈ કરી રીતે ગઈ? તો તેણે નિર્દોષતાપૂર્વક હા પાડી અને જાણે હજી વધુ જોઈતો હોય એમ ચમચી લાંબી કરી. એરોને દીકરીની આ ક્યુટ હરકતને સોશિયલ મીડિયા પર શેર કરી હતી.

### બોસ્નિયાની વૃદ્ધાને લાલ રંગ સાથે પ્રેમ



કોઈકને પીળો રંગ મતે કો કોઈકને લીલો, જો કે એને કારણે વ્યક્તિ બીજા કોઈ જ રંગો ન વાપરીને માત્ર અને માત્ર મનગમતો રંગ જ વાપરે તો તેની જિંદગી કેવી થઈ જાય? બોસ્નિયાના ૬૭ વર્ષના ઝોરિકા રેબેનિર્કે તેની જિંદગીને એક જ રંગે રંગી દીધી છે. તેમને લાલ રંગના બહુ જ ગમે છે. ગમે છે એ શબ્દ નાનો પડે, તેમને લાલ રંગનો એવો ક્રેઝ છે કે પગના નખથી માથા સુધીના તેમના શરીર પર લાલ પકડા અને એક્સેસરીઝ જ જોવા મળે છે. તેમના ઘરમાં ફર્નિચરની વાત કરો તો એ પણ રાતુંચોળ છે. આ લાલ રંગનો ક્રેઝ કંઈ આજકાલનો નથી. છેલ્લા ચાર દાયકાથી તેઓ લાલ રંગને વરેલા છે અને તેમના ઘરમાં ચોમેર રેડ અને રેડના વિવિધ શેડ જ દેખાશે. જમવાની પ્લેટ પણ લાલ, ગ્લાસ પણ લાલ છે. આ ઘેલું તેમને ૧૮-૧૯ વર્ષની વયે લાગ્યું હતું. તેમણે લગ્ન પણ લાલ ગાઉનમાં કર્યા હતા. ક્રિસમસન રેડ શેડનો ગ્રેનાઈટ તેણે ખાસ ભારતથી ખરીદ્યો હતો. અને મૃત્યુ બાદ પણ લાલ રંગથી અળગા ન થવું પડે એની વ્યવસ્થા પણ કરી લીધી છે.

### રાજસ્થાન લોકપ્રિય પુષ્કર મેળામાં ૨૧૫૦ મહિલાઓએ કર્યો ઘૂમર



રાજસ્થાના પ્રખ્યાત પુષ્કર મેળામાં ઘૂમર ડાન્સનો વર્લ્ડ રેકોર્ડ તૂટ્યો છે. ૨૧૫૦ મહિલાઓએ એક સાથે ઘૂમર કરી ઈન્ડિયા બુક ઓફ રેકોર્ડમાં નામ નોંધાવ્યું છે. ઘૂમર રાજસ્થાનનું ટ્રેડિશનલ લોકનૃત્ય છે અને મહિલાઓ ઘેરદાર સાત કળીના ઘાઘરા પહેરી તે કરે છે આ મહિલાઓએ રાજસ્થાનની સંસ્કૃતિને જીવંત રાખી ઈતિહાસ સર્જ્યો છે. મસૂદા, પીસાંગન અને કિશનગઢ પંચાયત સમિતિ ક્ષેત્ર અને અન્ય ૩૨ ગામડાઓની મહિલાઓએ ભેગા થઈ આ નૃત્ય કર્યું હતું. અગાઉ જોધપુર અને જયપુરમાં ૧૭૫૦ મહિલાઓએ ઘૂમર ડાન્સ કર્યો હતો.

## ચંપાના ફૂલ આરોગ્ય ઉપચારમાં પણ ખૂબ ઉપયોગી

દરેક ધર્મમાં ફૂલોને વિશેષ મહત્વ આપવામાં આવે છે, કારણ કોઈ ને કોઈ ફૂલ પૂજા-વિધિમાં ઉપયોગમાં લેવામાં આવે છે. ગુલાબ, મોગરો, કમળ, ધતુરો, ગલગોટો, જાસૂદ વગેરે જેવાં ફૂલોનો આપણે ઉપયોગ કરીએ જ છીએ. તો આપણે ચંપાના ફૂલ વિશે વિગતે માહિતી મેળવીએ.

ચંપાના સુંદર, મંદ, સુંગધિત હળવા સફેદ, પીળા ફૂલ હંમેશાં પૂજામાં ઉપયોગમાં લેવામાં આવે છે. ચંપાના વૃક્ષને મંદિરના પરિસરમાં લગાવવાથી ત્યાંનું વાતાવરણ શુદ્ધ થાય છે. ચંપાના વૃક્ષનો ઉપયોગ ઘર, પાર્ક, પાર્કિંગ વિસ્તાર અને સજાવટ માટે ઉપયોગ કરવામાં આવે છે. આ ઉપરાંત ચંપાના ફૂલનો પણ ઔષધ તરીકે ઉપયોગ કરવામાં આવ છે.

### શીતળ પ્રકૃતિ



ચંપા શીતળ પ્રકૃતિ અને પ્તદય માટે લાભદાયી છે. તેને સુંઘવાથી દિલ અને દિમાગ શક્તિશાળી બને છે. ચંપાના ફૂલોને ક્રશ કરીને શરીર પર તેનો તૈયાર કરેલો લેપ લગાવવાથી ત્વચા પર થતા બળતરામાં રાહત મળે છે.

### શક્તિવર્ધક

શરીરની શક્તિને વધારવા માટે ચંપાના ફૂલનો પાઉડર બનાવીને, તેમાં મધ મિક્સ કરીને ખાઈ લો. શરીર શક્તિશાળી બનશે.

### દર્દ નિવારણ માટે

હાથ-પગ પર ચંપાના ફૂલોના તેલથી માલીશ કરવાથી દુખાવામાં રાહત થશે. ચંપાના ફૂલને માથામાં લગાવવાથી, આંખો પર લેપ લગાવવાથી, માથાના દુખાવામાં રાહત થાય છે. નસો જકડાવાની સમસ્યા રહેતી હોય તો ચંપાના તેલથી માલીશ કરવી લાભદાયી છે.

### પેટ માટે ઉત્તમ

ચંપાના પાનનો રસ ૧૦ મિલીલીટર લઈને ૨૦ ગ્રામ મધ સાથે મિક્સ કરો. આ મિશ્રણનું સવાર-સાંજ સેવન કરવાથી પેટના દુખાવામાં રાહત થશે. ચંપાના મૂળનો ઉપયોગ કરીને કાવો બનાવો, તે પીવાથી કબિજીયાતમાં રાહત મળશે. ચંપાનું ફૂલ ભૂખને રોકવામાં મદદ કરે છે. તથા વજન ઘટાડવા માટે શ્રેષ્ઠ માનવામાં આવે છે. ચંપાના ફૂલને પાણીમાં પલાળી રાખવામાં આવે અને તે પાણીનું નિયમિત સેવન કરવામાં આવે તો પેટને લગતી દરેક બિમારીમાં રાહત મળે છે.

## રાજભોગ

**સામગ્રીઃ** ૧૦૦ ગ્રામ માવો, ૧ મોટી ચમચી માવો, થોડાંક ટીપાં કેસર ફૂડ કલરના, ૧ નાની ચમચી મેંદો, ૧ મોટી ચમચી પિસ્તા બારીક કાપેલા, ૧ મોટી ચમચી બદામ બારીક કાપેલી, ૧/, મોટી ચમચી ખાંડ, પાંચ કેસરના તાંતણા, ૧/૪ નાની ચમચી એલચી પાઉડર, ૧ કપ ખાંડ ચાસણી માટે, પાણી જરૂર પ્રમાણે.

**રીતઃ** માવા અને કેસર ફૂડ કલરને વ્યવસ્થિત રીતે મિક્સ કરીને સ્ટફિંગ તૈયાર કરી લો અને અલગ મૂકી દો. તે પછી માવાના બોલ્સ બનાવીને સ્ટફિંગ કરીને તેના બોલ્સ બનાવી લો. એક થાળીમાં મેંદો ભભરાવો. પછી મેંદામાં પાણી મિક્સ કરીને ઘોળ બનાવીને બોલ્સ મૂકો. આ ઘોળને અલગ મૂકીને એક પેનમાં પાણી અને ખાંડ મિક્સ કરીને આંચ પર ચડાવો અને ચાસણી બનાવો. તેમાં મેંદાનું



/ભાગનું ઘોળ નાખો. પછી રાજભોગને ચાસણીમાં નાખો. પાતળું થાય એટલે બધું ઘોળ ચાસણીમાં મિક્સ કરી દો. હવે તેને ૨૦ મિનિટ સુધી પકાવો. પરતને હટાવવા માટે સતત પાણીના છાંટા મારતા રહો. પછી ૩ થી ૪ કલાક ઠંડું થવા દો અને સર્વ કરો.

## ક્રોસવર્ડ



**આડી ચાવી :**

(૧) સોબતની માઠી અસર (૫)
(૪) પરોણાચાકરી (૪)
(૭) શણનું કપડું (૨)
(૮) ચરબી, મેદ (૨)
(૯) જીદ, હઠ (૨)
(૧૦) નાના નાના પગલાં (૩)
(૧૨) પ્રવાહ (૩)
(૧૩) ઋતુ (૩)
(૧૪) બૂમ, ફરિયાદ (૩)
(૧૬) ઢબ, રીત (૨)
(૧૭) સમજ, સંકેત, ઈશારો (૩)
(૧૮) પીરસેલું ભાણું, પત્રાળું (૩)
(૧૯) ક્રોધ, દુકાળ, સમય (૨)
(૨૦) ચોટ, નેમ, લાગ (૨)
(૨૧) દરજ્જો, પગ (૨)
(૨૩) વર્ષ (૩)
(૨૫) ભીષણ, મુશ્કેલ, વિકરાળ (૩)
(૨૬) કરાર, બોલી, હોડ (૩)
(૨૭) વિષ્ણુ (૩)
(૨૯) અસ્થિર, ચપલ (૩)
(૩૦) શોક, સંતાપ (૨)
(૩૧) તોર, ગર્વ, કેફ (૨)
(૩૨) પાનખર ઋતુ (૪)

**ઊભી ચાવી :**

(૧) કલેશ, દુઃખ (૩)
(૨) છોકરવાદ, નાદાન (૩)
(૩) દોડ, હડી (૨)
(૪) સ્મશાન (૩)
(૫) અણુ, કસ્તર, ધૂળ (૨)
(૬) કસૂર, ભૂલ (૪)
(૮) ભ્રમ, સંદેહ, શક (૩)
(૧૧) ગોવાળિયો (૩)
(૧૨) વસ્ત્ર (૩)
(૧૩) માનું પિયર (૩)
(૧૪) કપડું, બાળક (૨)
(૧૫) કલંક, કાળાપણું (૩)
(૧૬) બાળપણ (૩)
(૧૮) પાકું, પુખ્ત (૩)
(૧૯) ઉધરસ, ખાંસી (૨)
(૨૦) મગદૂર, શક્તિ (૩)
(૨૨) દુઃખ, પીડા (૩)
(૨૪) કિરણ, રાશ (૨)
(૨૫) અલ્પ, દુર્લભ (૩)
(૨૬) એક ઋતુ (૩)
(૨૭) મુકરર કરેલો સમય (૩)
(૨૮) નર્મદા નદી (૨)
(૨૯) અંધારું (૨)
(૩૦) આંટો, ફેરો, સફર (૨)

ઉકેલ માટે જુઓ પેજ નં.૧૫

# સ્વરૂપવાન કિન્નરી એક નવોદિત અભિનેત્રી હતી

સ્ટુડિયોના ગ્રીન રૂમમાંથી કિન્નરી હજુ તો હમણાં જ બહાર આવી હતી. ચહેરા પરનો મેકઅપ ઉકળાટને કારણે પ્રસ્વેદનાં બિંદુઓથી ચમકવા માંડ્યો હતો. ક્લેપરબૉયે જાપાનીઝ શૈલીનો હાથપંખો કિન્નરીને આપ્યો. સ્ટુડિયોના મુખ્ય ફ્લૉર પર હજુ લાઈટિંગ વ્યવસ્થા ગોઠવાઈ રહી હતી. કૅમેરામેન, તેના સહાયકો વગેરે બૂમાબૂમ કરતા હતા.

'કિન્નુ !' એક બૂમ પડી.

સેટ પર આવી રહેલી કિન્નરીએ એક ખૂણામાં નજર નાખી તો સત્યકામ એને બોલાવી રહ્યા હતા. સત્યકામ ફિલ્મના નિર્દેશક હતા. એક ખૂણામાં હાથમાં સ્ક્રિપ્ટ રાખી સહાયકો સાથે ચર્ચાવિચારણા કરી રહ્યા હતા. કિન્નરી સત્યકામ તરફ વળી.

સહાયકોએ પોતાની ખુરશી ખાલી કરી કિન્નરીને આપી. કિન્નરી એક નવોદિત અભિનેત્રી હતી. એ સત્યકામની જ શોધ હતી અને આ એની પહેલી ફિલ્મ હતી. કિન્નરીની અભિનય – યોગ્યતા વિશે સત્યકામના સહાયકો હજી કોઈ ચોક્કસ નિર્ણય લઈ શક્યા નહોતા. પરંતુ સત્યકામને ગજબનો આત્મવિશ્વાસહતો. એમણે ફિલ્મની જાહેરાતની સાથે જ નવોદિત અભિનેત્રી કિન્નરીની પણ એટલી જ જોરદાર પબ્લિસિટી કરી હતી અને ઘણાંને તે જરા વિચિત્ર પણ લાગી હતી. આમ તો કિન્નરી રૂપાળી અને ચબરાક હતી. તેજીલી એની આંખો અને નમણો દેહ જોનારને ગમે એવો હતો, પણ અભિનય કસોટી પાર કરવાનું હજુ બાકી હતું.

સત્યકામની નજીક બેઠેલી કિન્નરી આતુરતાપૂર્વક લાઈટિંગ વ્યવસ્થા પૂરી થાય એની રાહ જોતી હતી. એક છોકરો તેને ચા આપી ગયો. ચા પિવાઈ ગઈ પણ હજુ કૅમેરામેનને જોઈએ તેવા લાઈટ-શેડ બરાબર ગોઠવાતાં નહોતાં.

સત્યકામ પણ કૅમેરાના આઈ-વ્યૂઅરમાંથી એક નજર નાખી આવ્યા, પણ કંઈ બરાબર બેઠું નહીં.

સત્યકામ કિન્નરીને લઈને ઊઠ્યા. લંચનો સમય થવા આવ્યો હતો.

સત્યકામનો ડ્રાઈવર ક્યારનોય ટિફિન લઈને ઊભો હતો. બેઉ ગ્રીન રૂમમાં ગયાં. ગ્રીન રૂમનું બારણું સહેજ આડું થયું અને સેટ પરનો સ્ટાફ તીરછી નજરે નિહાળી રહ્યો.

ઈન્ડસ્ટ્રીમાં એ સમયે એ વાત જાણીતી હતી કે, કિન્નરી સત્યકામની શોધ છે. ફિલ્મજગતમાં એ પણ જાણીતી વાત હતી કે જે જેને શોધી લાવે તેની અમુક સમય સુધી માલિક જેવી નીતિ રહેતી જ હોય છે અને ચમકદમકવાળી આ દુનિયામાં પ્રવેશ માટે ઘણું બધું જતું કરવું પડતું હોય છે. આમ આ વાત કોઈ નવી નહોતી. ફિલ્મના સેટ ઉપરના સ્ટાફ માટે તો બિલકુલ નહીં, છતાં નજર આગળ બની રહેલા બનાવોની નોંધ તો લેવાતી જ હોય છે.

સત્યકામની પ્રતિષ્ઠા સાંપ્રત ફિલ્મદિગ્દર્શકોમાં ઊંચી ગણાતી. તેઓ યુવાન, સોહામણા અને ઑફબીટ ચિત્રોના સર્જક હતા. લોકોએ એમનાં ચિત્રોની ખૂબ પ્રશંસા કરી હતી. વળી તેઓ ખુદ પરિણીત અને પરિવારપ્રિય સજ્જન હતા. છતાં ગ્રીન રૂમનું બારણું ઘણા લાંબા સમય સુધી બંધ રહેતું. એ હકીકત હતી. સેટ પર લાઈટિંગ વ્યવસ્થા ગોઠવાઈ ગઈ હતી. દરમિયાન બીજા સ્ટાફે પણ બપોરનું ખાણું લઈ લીધું હતું. નિર્માતા પણ ક્યારનાયે આઘાપાછા થતા હતા, કેમ કે સ્ટુડિયોનું ભાડું ચઢતું હતું. બે દિવસ પછી તો સેટ ઉઠાવી લેવો પડે એમ હતું. વાતો ચાલતી હતી.

'સત્યકામજીને જબરા પંછી મારા હૈ.'

'નહીં યાર ! લગતા હૈ સત્યજી ખુદ શિકાર બન ગયે હૈં.'

ખડખડાટ હાસ્ય સંભળાતું. પ્રોડ્યૂસર હસી પણ શકતા નહોતા કે ગ્રીન રૂમમાં પ્રવેશી પણ શકતા નહોતા.

છેવટે એમણે હિંમત કરી ગ્રીન રૂમની બહાર ઊભા ઊભા બૂમ મારી : 'સત્યજી ! દેર હો રહી હૈ... મૈં અંદર આઉં ?'

'આઈયે.' અંદરથી સત્યકામે કહ્યું.

નિર્માતા બારણું ખોલી અંદર પ્રવેશ્યા.

એક ઈઝીચૅર પર સત્યકામ આડા પડ્યા હતા. કિન્નરી એમનું માથું દબાવી રહી હતી.

નિર્માતાના પ્રવેશ પછી પણ કિન્નરીએ સત્યકામનું માથું દબાવવાનું ચાલુ રાખ્યું.

'આપ કો સરદર્દ હો ગયા હૈ ? દવાઈયાં મગવા લું ?'

'નહીં !' સત્યકામે કહ્યું, 'કિન્નુજીને કાફી તકલીફ ઉઠાઈ હૈ – અબ ઠીક હૈ.'

'સેટ-લાઈટ વગૈરા તૈયાર હૈ.'

'ચલો, મૈં ભી તૈયાર હું.'

–અને બધાં ઊઠીને સેટ પર ગયાં.




**અભિનેતા સેટ છોડી જવાની તૈયારી કરતા હતા. કૅમેરામેન અકળાઈ ગયો. ત્યાં જ એક મોટરકાર ફૂલોની માળાઓથી સજીધજી સ્ટુડિયોમાં પ્રવેશી. કિન્નરી અને સત્યકામ બહાર આવ્યાં. સાથે રમા પણ હતી. સેટ પરના સહુ બેઉના ગળામાં ફૂલોની માળા જોઈ આશ્ચર્યમાં પડી ગયાં. થોડી જ વારમાં જાહેર કરવામાં આવ્યું કે, કિન્નરી અને સત્યકામ પરણી ગયાં છે.**

★ ★ ★

આજે કોઈ શૂટિંગ નહોતું. રજાનો દિવસ હતો. કિન્નરી અને તેની સખી રમા બેઉ એકલાં – સાવ એકલાં એના ઘેર બેઠાં હતાં. સાંજ ઢળી ગઈ હતી. બાલ્કનીનો હીંચકો ધીમેધીમે હાલી રહ્યો હતો. સામે દેખાતાં રાજમાર્ગ પર કીડિયારાની જેમ મોટરકારોના તેજલિસોટા વહી રહ્યા હતા. કિન્નરી ચૂપ હતી. રમા એને નિહાળી રહી હતી.

રમાએ પૂછ્યું : 'કિન્નુ !'

'હં.' કિન્નરી જાણે કે જાગ્રત થઈ.

'તું એકાએક બદલાયેલી કેમ લાગે છે ?'

'ના રે ના, એવું કંઈ નથી.'

'તો ખોવાયેલી કેમ લાગે છે ?'

કિન્નરીએ હસીને કહ્યું : 'હું સત્યુજીનો વિચાર કરતી હતી.'

'કોણ ? તારા ડાયરેક્ટર ?'

કિન્નરીએ માથું હલાવીને હા પાડી.

'તે ઘેર પણ તારાથી શૂટિંગ ભુલાતું નથી ?'

'શૂટિંગ તો ભૂલી જવાય છે, પણ હું તો સત્યુજીની વાત કરું છું. કેટલું સરસ વ્યક્તિત્વ છે એમનું ? એક વાર જે એમના પરિચયમાં આવે તે એમના પ્રેમમાં જ પડી જાય.'

'શું ?' રમાએ આશ્ચર્ય-ઉદ્ગાર કર્યો.

'હા રમા, તું પણ જો એમને મળે તો તું પણ ઘેલી બની જાય. એ વ્યક્તિમા એટલું તો ઊંડાણ છે કે તમે એમાંથી બહાર જ ન નીકળી શકો.'

રમા બોલી : 'એનામાં ગમે તેટલું ઊંડાણ હોય, પણ એ પરિણીત છે એટલે હું તો ડૂબકી ન જ મારું.'

'સાવ ગાંડી છે તું તો, પરિણીત હોય એટલે એની સાથે બેસી-ઊઠી પણ ન શકાય ? રમા, સત્યુજીએ મારામાં જેટલો આત્મવિશ્વાસ જગાડ્યો છે એટલો આત્મવિશ્વાસ અગાઉ કદી મને સાંપડ્યો નહોતો.'

'તો તો એ તારા ગુરુ થાય.'

'સાચી વાત છે. મને સત્યુજી પ્રત્યે આદર અને પૂજ્યભાવ છે.'

રમા બોલી : 'પણ લોકો કહે છે કે તારા અને સત્યકામ વચ્ચેના સંબંધો એથીયે વિશેષ છે.'

કિન્નરીએ ઉત્તર વાળ્યો : 'લોકોની જીભને તાળાં દેવા કોણ જાય ?

પૂજ્યભાવની સાથે સાથે કોઈ વાર લાગણી પણ...' કિન્નરી ટકી ગઈ : 'ખેર, જવા દે એ વાત.'

'બોલ બોલ, કિન્નુ ! અટકી શા માટે ગઈ ?'

'કંઈ નહીં, જવા દે એ વાત.'

રમા બોલી : 'કિન્નુ ! મને લાગે છે કે, સત્યુજીની બાબતમાં તું ખુદ દ્વિધામાં છે. તારા જ મનમાં બેમન છે, નિર્ણયની સપાટી પર તું આવી શકતી નથી.'

કેટલીયે વાર સુધી ચૂપ રહ્યા બાદ કિન્નરીએ કબૂલ કર્યું કે, 'મને પણ એમ જ લાગે છે.'

'ચાલ હું જાઉં ?' કહેતાં રમા ઊઠી.

કિન્નરીએ એને કહ્યું : 'રમા, પહેલી તારીખે તું ઘેર જ છે ને ?'

'હા... કેમ ?'

'મારે તારી જરૂર છે. તું ઘેર જ રહેજે.'

'સારું.' કહી રમા ચાલી ગઈ.

કિન્નરી ફરી વિચારોમાં ડૂબી ગઈ. રાત પડી ગઈ હતી. રાજમાર્ગ પરની મરક્યુરી બત્તીઓ ઝબકી રહી હતી, પણ કિન્નરીની બાલ્કનીમાં હજુ અંધારું હતું.

પહેલી તારીખે ફરી પાછું શૂટિંગ યોજાયું હતું. સેટ લાગી ગયો હતો. લાઈટ વ્યવસ્થા અગાઉથી જ બરાબર ગોઠવાઈ ગઈ હતી. અભિનેતા અને સહ-કલાકારો ક્યારનાયે આવી ગયા હતા. નિર્માતા સિગારેટ પી રહ્યા હતા, પણ કિન્નરી અને સત્યકામ હજુ સેટ પર આવ્યાં નહોતાં.

સત્યુજીના ઘેર ફોન કર્યો તો જવાબ મળ્યો કે તેઓ સવારથી નીકળી ગયા છે. કિન્નરીના ઘરે ફોન કર્યો તો ખબર પડી કે, કિન્નરીયે સવારથી નીકળી ગઈ છે.

બપોરના બાર થવા આવ્યા.

નિર્માતા પરસેવાથી રેબઝેબ હતા.

અભિનેતા સેટ છોડી જવાની તૈયારી કરતા હતા. કૅમેરામેન અકળાઈ ગયો. ત્યાં જ એક મોટરકાર ફૂલોની માળાઓથી સજીધજી સ્ટુડિયોમાં પ્રવેશી.

કિન્નરી અને સત્યકામ બહાર આવ્યાં. સાથે રમા પણ હતી.

સેટ પરના સહુ બેઉના ગળામાં ફૂલોની માળા જોઈ આશ્ચર્યમાં પડી ગયાં. થોડી જ વારમાં જાહેર કરવામાં આવ્યું કે, કિન્નરી અને સત્યકામ પરણી ગયાં છે.

'પણ એ કેમ બને ? સત્યુજી તો શાદીસુદા છે.'

રમાએ સ્પષ્ટતા કરી : 'બેઉ જણે રસ્તો કરી લીધો છે, આપ સહુ એમને આશીર્વાદ આપો.'

ઘડીભર સહુ દિગ્મૂઢ થઈ ગયા. કિન્નરીનું તો ઠીક પણ સત્યકામનું વલણ સહુને આશ્ચર્યજનક લાગ્યું. પરિણીત અને બાળબચ્ચાં ધરાવતાં આ પ્રતિષ્ઠિત દિગ્દર્શકે આમ કેમ કર્યું ?

ખેર સહુએ દોડી જઈને હસી હસીને બેઉને શુભેચ્છાઓ પાઠવી. ખુશાલીમાં શૂટિંગ રદ કરવામાં આવ્યું. પ્રોડ્યૂસરે એમની લગ્નના માનમાં પાર્ટી આપી, પણ એ બધું જ એક ભજવાતું દૃશ્ય હતું. નાટકીય હતું. માત્ર અભિનય હતો. સહુના મનમાં કંઈ હતું, બહાર કંઈ હતું. જાણે કે આવી રહેલાં વાવાઝોડા પૂર્વે સહુ બોલવા ખાતર જ બોલતા હતા. 'કંઈ જ થવાનું નથી.'

દેવેન્દ્ર પટેલ
સંપર્ક
+91 98792 07102

## જાણવા જેવું

### ભારતના વિશાળ એવા વડલા



ભરૂચ નજીક નર્મદાકિનારે આવેલો કબીરવડ તેની વિશાળતા માટે વિશ્વ પ્રસિદ્ધ છે. ૩.૫ એકરમાં ફેલાયેલા આ વડલાના વૃક્ષને ૩૦૦૦ જેટલી વડવાઈઓ છે તેની નીચે ઊભા હોઈએ ત્યારે વડલાના ગાઢ જંગલમાં ઊભા હોઈએ તેવું લાગે. આ વડલા હેઠળ ૭૦૦૦ સૈનિકોએ આશરો લીધો હોવાનું ઇતિહાસમાં નોંધાયેલું છે. કબીર વડ ૫૫૦ વર્ષ જૂનો છે. કોલકાતાના બોટનિકલ ગાર્ડનનો વડલો પણ જાણીતો છે. ૨૦૦ વર્ષ જૂનો આ વડ ૪૫૫ ચોરસમીટર ઘેરાવામાં ફેલાયેલો છે. આંધ્રપ્રદેશ અનંતપુરમમાં આવેલા વિશાળ વડલાને મોટા વડ તરીકે ગીનેસ બુકમાં સ્થાન મળ્યું છે. ૫.૨ એકરના ઘેરાવામાં ફેલાયેલા આ વડલાને ૧૧૦૦ વડવાઈઓ છે.

### સૌથી લાંબા પાન વાળું વૃક્ષઃ રાફિઆ પામ

વનસ્પતિમાં સૌથી લાંબા પાન ધરાવતા તાડ જેવા વૃક્ષો પશ્ચિમ આફ્રિકાના નાઈજિરિયા, કેમેરૂન, કોંગો અને એંગોલામાં જોવા મળે છે. રાફિઆ પામ તરીકે ઓળખાતા આ વૃક્ષના પાન ૨૫ મીટર લાંબા હોય છે. એટલે જમીનમાંથી પાન ફૂટયા હોય તેવુ દેખાય છે. ૨૫ મીટર લાંબા પાનની ધરી પર બંને તરફ ૧૮૦ જેટલા પાતળા પાનની કતાર હોય છે. તે લગભગ છ થી સાત સેન્ટીમીટર લાંબા હોય છે. પાનની ઉપરનો ભાગ લીલો અને નીચેનો ભાગ ભૂખરો અને ચીકણો હોય છે. રાફિયા પામ પુખ્ત થાય ત્યારે થડની ઊંચાઈ વધે છે. અને પાનની વચ્ચે ફૂલ બેસે છે. ત્યારબાદ ૯ સેન્ટીમીટર લાંબા લંબગોળ ફળ બેસે છે. ફળ ઉપર ચોરસ પેટર્ન હોય છે.



# અમેરિકામાં ગોળીબાર : કેલિફોર્નિયામાં ચાર, ઓક્લાહોમામાં ત્રણ લોકોનાં મોત

- વંશીય ભેદભાવથી હુમલો થયાની આશંકા
- કેલિફોર્નિયાની ઘટનામાં મૃતકો એશિયન મૂળના હોવાની પોલીસની સ્પષ્ટતા




લોસએન્જેલસ : અમેરિકામાં ગોળીબારની બે અલગ અલગ ઘટનાઓમાં કુલ સાત લોકોના મોત નીપજ્યાં છે. કેલિફોર્નિયામાં ઘરની પાછળ ટીવી પર ફૂટબોલ મેચ જોઈ રહેલા યુવાનો પર ગોળીબારની ઘટનામાં ચારનાં મોત નીપજ્યાં છે. આ ઘટનામાં મૃતકો એશિયન મૂળના હોવાથી વંશીય હુમલાની પોલીસે આશંકા વ્યક્ત કરી છે. અન્ય એક ઘટનામાં ઓક્લાહોમાના વોલમાર્ટ સ્ટોરમાં સોમવારે સવારે થયેલા ગોળીબારમાં ત્રણ લોકોનાં મોત નીપજ્યાં છે. કેલિફોર્નિયામાં એક ઘરમાં ૩પથી વધુ યુવાનો પાછળના ખુલ્લા ભાગમાં પાર્ટી કરવા માટે એકત્ર થયા હતા અને ટીવી પર સ્થાનિક ફૂટબોલ મેચ જોઈ રહ્યા હતા. આ સમયે એક હુમલાખોરે અચાનક ઘરમાં ઘૂસી જઈને યુવાનો પર અંધાધૂંધ ગોળીબાર કર્યો હતો.

ગોળીબારને પગલે ચાર યુવાનોના ઘટના સ્થળે જ મોત નીપજ્યાં હતાં જ્યારે છ યુવાનોને ઈજા થઈ હતી. ગોળીબાર કર્યા પછી હુમલાખોર ભાગી છૂટયો હતો.

# ઈરાનમાં પેટ્રોલમાં ભાવ વધતાં દેશભરમાં હિંસક તોફાનો ફાટ્યા

- યુએસના પ્રતિબંધાથી આર્થિક નુકસાનમાંથી ઉગરવા પેટ્રોલ પરની સબસિડીઓ દૂર કરાઈ

તહેરાન : ઈરાનમાં પેટ્રોલમાં ભાવવધારાના કારણે દેશભરમાં હિંસક તોફાનો ફાટી નીકળ્યા છે. ઈરાનની કેન્દ્ર સરકારે પેટ્રોલની કિંમતોમાં ઓછામાં ઓછા ૫૦ ટકા વધારાની જાહેરત કરી છે. જેના કારણે પ્રદર્શનકારીઓએ પેટ્રોલ પંપ અને ઈંધણ વેચતા સંસ્થાનો પણ હુમલા કર્યા છે. પોલીસના હસ્તક્ષેપ બાદ પ્રદર્શનકારીઓ કાબૂમાં આવ્યા હતા. આમ છતાં ઈરાનના સંખ્યાબંધ શહેરોમાં હિંસક તોફાનોના બનાવો નોંધાયા છે. મધ્ય ઈરાનના શહેરોમાં પણ છૂટાછવાયા પ્રદર્શનો અને તોફાનો થયા છે. અમેરિકાએ ઈરાન પર લાદેલા પ્રતિબંધોના કારણે ઈરાનના અર્થતંત્ર પર ખૂબ જ વિપરિત અસરો પડી છે. આ આર્થિક ફટકામાંથી ઉગરવા માટે ઈરાનની સરકારે પેટ્રોસ પરની સબસિડીઓમાં જંગી કાપ મૂક્યો છે. ઈરાનને હાલ ઓઈલ નિકાસ પર કડક પ્રતિબંધોનો સામનો કરવો પડી રહ્યો છે. જો કે સરકારનું કહેવું છે કે પેટ્રોલ પરની સબસિડીઓ હટાવવાથી જે આવક થશે તેનો ઉપયોગ ઓછી આવકવાળા પરિવારનો રોકડમાં સહાય કરવા માટે ઉપયોગમાં લેવાશે.

# ગોટબાયાએ પોતાના ભાઈ મહિંદાને શ્રીલંકાના નવા વડા પ્રધાન બનાવ્યા

કોલંબો : શ્રીલંકામાં આખરે ગોટબાયા રાજપક્સા રાષ્ટ્રપતિ બની ગયા છે જ્યારે બીજી તરફ ગોટબાયાએ પોતાના ભાઈ મહિંદાને શ્રીલંકાના વડા પ્રધાન બનાવી દીધા છે. વર્તમાન વડા પ્રધાન વિક્રમેસિંઘેએ રાજીનામુ આપી દીધુ હોવાથી હવે મહિંદાને આ પદ સોપવામાં આવ્યું છે. મહિંદા વર્તમાન શ્રીલંકન પ્રમુખ રાજપક્સેના જ નાના ભાઈ છે.

શ્રીલંકામાં હજારો બળવાખોર તામિલોની હત્યા કરાવવામાં મહિંદાનો જ હાથ હતો અને તે સમયે ગોટબાયા સંરક્ષણ મંત્રાલયમાં અધિકારી હતા. હાલમાં જ શ્રીલંકામાં રાષ્ટ્રપતિની ચૂંટણી યોજાઈ હતી. જેમાં વિપક્ષ તરીકે ઉમેદવારી કરનારા ગોટબાયા જીતી ગયા હતા જ્યારે સત્તાધારી પક્ષના ઉમેદવાર બીજા ક્રમે રહ્યા હતા. આ પરિસ્થિતિ વચ્ચે હવે શ્રીલંકામાં ફરી રાજપક્સા પરિવારનું શાસન આવી ગયું છે, આ રાજપક્સા પરિવાર ચીન સમર્થક અને ભારત વિરોધી વલણ વધુ ધરાવે છે. આવી પરિસ્થિતિ વચ્ચે હવે ગોટબાયાના ભાઈ મહિંદા પણ સત્તામાં આવી ગયા હોવાથી બેવડી તાકાત આ પરિવારને મળી ગઈ છે. જે આવનારા દિવસોમાં ભારત માટે નુકસાનકારક સાબીત થઈ શકે છે.

# અમેરિકા ભારતને ૭૨૦૦ કરોડમાં નેવી તોપ વેચશે, યુએસ પ્રમુખ ટ્રમ્પે મહોર મારી

- ટ્રમ્પ સરકારે ભારતની સુરક્ષા માટે મહત્વપૂર્ણ ડીલને મંજૂરી આપી
- ભારત અમેરિકાની એમકે-૪૫ ગન ખરીદનારો પાંચમો દેશ બની જશે

વોશિંગ્ટન : અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે અમેરિકા અને ભારત વચ્ચે થયેલી એક અબડ ડોલર એટલે કે આશરે ૭૨૦૦ કરોડની ડીલને મંજૂરી આપી દીધી છે. આ ડીલમાં નેવીની ક્ષમતા વધારનારી અત્યાધુનિક નેવલ ગનશિપ, એંટી એરક્રાફ્ટ અને બોમ્બમારો કરનારા ઉપકરણો પણ સામેલ છે. અમેરિકાની સુરક્ષા સહિયોગ એજન્સીએ પોતાની યાદીમાં જણાવ્યું છે કે ૧૩એમકે-૪૫ ૫ ઈંચ/૬૨ કેલિબર (એમઓડી-૪) નેવીની ગન અને તેને સંલગ્ન બીજા ઉપકરણો આ ડીલમાં સામેલ છે. આ ડીલમાં આશરે ૭૨૦૦ કરોડ રૂપિયાની માનવામાં આવે છે જે હાલમાં ભારત દ્વારા થયેલા સોદામાં સૌથી મોટી માનવામાં આવે છે. રશિયા પાસેથી ભારત મિસાઈલ ડિફેન્સ સિસ્ટમ ખરીદવા જઈ રહ્યું છે આવી સ્થિતિમાં અમેરિકાએ પણ ભારત સાથેની હથિયારોની આ ડીલને મંજૂરી આપી દીધી છે. આ ડીલને મંજૂરી સાથે જ ભારત એવા કેટલાક દેશોમાં સામેલ થઈ ગયો છે કે જેની પાસે નેવીમાં ઉપયોગમાં લેવામાં આવતી મોડ-૪ તોપો હોય. અત્યાર સુધીમાં આ પ્રકારની તોપો જાપાન, ઓસ્ટ્રેલિયા, દક્ષિણ કોરિયા અને થાઈલેન્ડ પાસે જ છે. અમેરિકા દ્વારા આ વિશેષ નેવી તોપ તૈયાર કરવામાં આવે છે જે અતી આધુનિક માનવામાં આવે છે. અને સમુદ્રમાં દુશ્મન દેશોને જવાબ આપવા માટે સક્ષમ મનાય છે. અમેરિકા અને ભારત વચ્ચે આ ડીલ એવા સમયે થઈ રહી છે જ્યારે પાકિસ્તાન સાથે ભારતની તકરાર ચાલી રહી છે.

# સેક્સ મનમાં હોય છે? શરીરમાં કે પ્રક્રિયામાં હોય છે?



તનસ્વી તન, મનસ્વી મન
ડો. મુકુલ ચોક્સી

ગતાંકથી શરૂ...

જાહેર જીવનની વાત જવા દઈને ઘરોની, શયનખંડોની વાતો કરીએ.

પત્ની ટેબલ કે ખુરશી પર ચડીને અલમારીમાંથી કોઈ ચીજ કાઢતી હોય ત્યારે તેના શરીરના અંગઉપાંગોના દેહલાલિત્યને પુરુષ નિહાળતા પુરુષના મનમાં કોઈ શરીર સૌંદર્ય રચાય છે. જ્યારે સ્ત્રી બહુધા એનાથી અજાણ છે. આમ, જાતીય સંદર્ભ ક્યારેય એકપક્ષી રીતે કેવળ કોઈ એકાદના મનમાં પાંગરતો હોઈ શકવાને કારણે જાહેર સ્થળોએ થતાં જાહેર વ્યવહારોમાં જે તે સ્થળ, સમયની સામાજિક અપેક્ષાઓ પ્રમાણે જ ચાલવું બહેતર છે. છોકરીઓ જ્યારે ચુસ્ત, પારદર્શક યા ટૂંકા વસ્ત્રો પહેરે છે ત્યારે જ થતા વિવાદોના મૂળમાં પણ આ જ જાતીય સંદર્ભની મગજમારી રહેલી છે. આવી રીતે એ ખ્યાલ અવશ્ય હોવો જોઈએ કે જોનારમાંથી બધા નહીં, પરંતુ કેટલાકના મગજમાં અચૂક આ જોવાથી ઈરોટિક કોન્ટેક્ષ છે. આથી ઉલટા ઉદાહરણ પણ જોવા મળે છે. જેમ કે, વિદેશમાં પર્યટકોથી ઊભરાતા કોઈ સમુદ્રકાંઠાનું દ્રશ્ય લો. અહીં હજારો સ્ત્રી-પુરુષો સ્વીમીંગ કોશ્યુમ્સ પહેરીને ફરતા હશે, નહાતા હશે, તેઓના શરીર આટઆટલા એક્સ્પોઝડ હોવા છતાં ઘણા જોનારાઓના મનમાં કોઈ જાતીય ઉત્કંઠા ન જન્મતી હોવાનું શક્ય છે. આમ સમાજમાં જ્યાં ઈન્ટેનશનલ સેક્સ્યુઅલ એક્સ્પોઝર નથી ત્યાં ય જાતીય સંદર્ભ ઉત્પન્ન કરી દેનારા છે. તો સામે છેડે પોટેન્શિયલ સેક્સ્યુઅલ સેક્સ્પોઝર હોય ત્યાં જાતીય સંદર્ભ ન રચનારા લોકો પણ હોય છે. વાસ્તવમાં દરેક સમાજની અલગ અલગ સમયે પબ્લિક સેક્સ્યુઅલ એક્સ્પોઝરને સહન કરવાની એક ક્ષમતા હોય છે. આ ક્ષમતા કોઈ વ્યાખ્યાયિત નથી કરી શકતું પણ અલગ અલગ પ્રસંગોએ થતા વિવાદોથી ખબર પડે છે કે જે સમાજની કામસહનશીલતા કેટલી છે. કહેવાતા આધુનિકરણમાં આ ક્ષમતા વધવાની અપેક્ષા છે.

દેવીદેવતાઓની મૂર્તિઓમાં દર્શાવાયેલ નિર્વસ્ત્રતાથી કોઈ ઉત્તેજિત નથી થતું કેમ કે તેમાં એ સંદર્ભ અપેક્ષિત નથી. આમ સમાજ અપેક્ષિત સંદર્ભ દ્વારા આપણી જાતીયતાને બહુ મહત્ત્વનો ઓપ આપે છે. તેમ છતાં અમુક વ્યક્તિઓના કોઈક જાતીય આવેગો એટલા પ્રબળ અને અનવરુદ્ધ હોય છે કે તેઓ સમસામયિક સમાજની અપેક્ષાને અતિક્રમીને મુખર થાય છે. ત્યારે વ્યક્તિ વ્યક્તિ યા વ્યક્તિ સમાજ વચ્ચે કામસંદર્ભના મુદ્દે ઘર્ષણ થતું જોવા મળે છે.

**(ડો. મુકુલ ચોક્સી સાઇક્રિયાટ્રિસ્ટ છે અને સેક્સ થેરાપિસ્ટ છે. તેમના ઔપચારિક તારણો છે. જાતિય સમસ્યાઓના સચોટ નિદાન માટે નિષ્ણાંત તબીબની સલાહ લેવી.)**

**E-mail : mukulchoksi@yahoo.co.in**

**પ્રશ્નઃ મારી ઉંમર ૨૩ વર્ષની છે. મારી સગાઇ થયાને છ મહિના થયા છે. આ છ મહિનામાં અમે લગભગ છ વાર સેક્સ કરીચૂક્યાં છીએ. અમને એકબીજાનો સહવાસ ગમે છે, પણ મને અમુક સવાલ મનમાં ચિંતા કરાવી રહ્યા છે. જેમ કે, મને ચાર મિનિટ જેવા સમયમાં જ ક્લાઈમેક્સ આવી જાય છે, વળી મારું પેનિસ થોડું આડું હોવાથી મને ખબર નથી પડતી કે તે સંપૂર્ણપણે વજાઇનામાં જાય છે કે નહીં. મારે જાણવું છે કે આ સમસ્યાના કારણે આગળ મને કોઇ તકલીફ નહીં થાયને?**

જવાબઃ ક્લાઈમેક્સ અને સ્ખલન ચાર મિનિટમાં જ થઈ જાય એ કોઈ મોટી સમસ્યા નથી, પણ તમારે ખાસ એ જાણી લેવું જોઈએ કે પત્નીને સંતોષ મળે છે કે નહીં, જો પત્નીને સંતોષ ન મળતો હોય તો તમે અન્ય રીતે અને ફોરપ્લે કરીને તેને સંતોષ આપી શકો છો. આ કોઈ ચિંતાનો વિષય નથી. રહી વાત પેનિસ આડું હોવાની તો ઘણાં લોકોને તે થોડું આડું હોય છે, તેનાથી પણ કોઈ જ તકલીફ નથી થતી. સેક્સ સંબંધમાં સૌથી મોટી વાત એકબીજાની સમજદારી છે. તમે સમજીને એકબીજાને ગમતી વસ્તુ જાણી લઈ તે મુજબ સેક્સ કરશો તો પેનિસની સાઈઝ કે આકાર અને સેકસનો સમય કોઈ મોટી તકલીફ નથી સર્જતાં હોતાં.



મુંઝવણ

**પ્રશ્નઃ મારી ઉંમર ૨૨ વર્ષની છે. હું દસ વર્ષથી પોર્ન વીડિયો જોઉં છું. મને આની ખરાબ આદત થઇ ગઇ હતી. જોકે, હવે મેં તેની પર કન્ટ્રોલ મેળવી લીધો છે અને હવે હું તે નથી જોતો, પણ મારી સમસ્યા એ છે કે હવે મારા લિંગમાં ઇરેક્શન પહેલાંની માફક નથી આવતું. વળી અઠવાડિયામાં કોઇકોઇ વાર સ્વપ્નદોષ થઇ જાય છે. હું આ કારણે ચિંતિત છું કે આગળ જતાં મને આના લીધે કોઇ તકલીફ નહીં થાયને? મતલબ કે મારાં લગ્ન પછી મારી સેક્સલાઇફમાં આ કારણે કોઇ સમસ્યા નહીં આવેને? મને ખૂબ ચિંતા થાય છે, મને યોગ્ય નિવારણ જણાવશો.**

જવાબ : આ કોલમમાં ઘણીવાર કહેવાયું છે કે કોઈ આદત વિકૃતિ ન બની જાય તે ધ્યાન રાખવું જરૂરી છે. કોઈકોઈ વાર પોર્ન ફિલ્મ જોવી અને રોજે જોવી તેમાં ઘણો ફેર છે. ખેર, હવે તમે તે આદત છોડી દીધી છે, તેનો કોઈ પ્રશ્ન નથી. રહી વાત પેનિસના ઈરેક્શનની તો પોર્ન ફિલ્મ જોઈને ઉત્તેજના થતી હોય તેવી કદાચ હાલ ન થઈ રહી હોય તો કોઈ ચિંતાનો વિષય નથી ને તેમ છતાં તમને ટેન્શન થતું હોય તો તમે કોઈ સારા સેક્સોલોજિસ્ટની સલાહ લઈ લો, બાકી મારા મતે આનાથી લગ્નજીવનમાં કોઈ જ સમસ્યા નહીં આવે, કેમ કે તે સમયે પાર્ટનર સાથે હશે ત્યારે તેની સાથે ફોરપ્લે કરશો તો આપોઆપ પેનિસમાં ઈરેક્શન આવી જ જશે. બાકી હાલના સમયે આ વિશે ચિંતા છોડીને તમે બીજે મન વાળો, કસરત કરો, મન અને તન ફ્રેશ હશે તો આગળ જતાં ચોક્કસ આ તકલીફમાંથી પાર્ટનર સાથે હશે ત્યારે મુક્તિ મળી જ જશે.

**પ્રશ્ન : નમસ્તે, મારી ઉંમર વીસ વર્ષની છે. મને આજથી થોડા મહિના પહેલાં હસ્તમૈથુનની આદત પડી ગઇ હતી. એ પછી હું દિવસમાં બે વાર હસ્તમૈથુન કરવા લાગ્યો હતો. હવે જોકે મેં આ આદત ઉપર કંટ્રોલ કરી લીધો છે, પણ આજકાલ સ્વપ્નદોષ થવા લાગ્યો છે. આનું કારણ શું હશે? અને સ્વપ્નદોષના કારણે આગળ જતાં લગ્નજીવનમાં કોઇ સમસ્યા થઇ શકે? જો થઇ શકે તો મને સ્વપ્નદોષ રોકવા માટેનો કોઈ ઉપાય જણાવજો.**

જવાબ : હસ્તમૈથુનની ટેવ આ ઉંમરે લગભગ દરેક યુવાનને હોય છે. આ કાંઈ ખોટી વાત નથી. પણ તે વધારે પ્રમાણમાં કરવાને બદલે મન બીજી તરફ વાળવું જોઈએ. રહી વાત સ્વપ્રદોષની તો તમને જણાવી દઉં કે સેક્સની ઈચ્છા કે હસ્તમૈથુનની ઈચ્છાને રોકો એટલે સ્વપ્રદોષ થતો જ હોય છે, આ કોઈ સમસ્યા નથી. આવું થોડો સમય રહેશે અને આને રોકવું પણ ન જોઈએ. થોડા સમય પછી આપોઆપ તે બંધ અથવા તો સાવ ઓછું થઈ જશે, માટે ચિંતા ન કરો. બને તો મનને બીજે વાળવાનો પ્રયત્ન કરો. સારું વાંચન કરો, તમને ગમતું કોઈ કામ કરો એ જ શ્રેષ્ઠ ઈલાજ છે.

# વિન્ડીઝ સામેની ભારતીય ટીમ જાહેર, ભુવી-શમીની એન્ટ્રી

નવી દિલ્હી : વેસ્ટ ઈન્ડિઝ સામે રમાનારી મર્યાદિત ઓવર્સની શ્રોણી માટે ભારતીય ટી૨૦ તથા વન-ડે ટીમની જાહેરાત કરવામાં આવી છે. વિરાટ કોહલી ફરીથી ટી૨૦ ટીમમાં પાછો ફર્યો છે. ભારત અને વેસ્ટ ઈન્ડિઝ વચ્ચે છઠ્ઠી ડિસેમ્બરથી ત્રણ ટી૨૦ તથા ત્રણ વન-ડે શ્રોણીનો પ્રારંભ થશે. કોહલીને ફરીથી ટી૨૦ ટીમનું નેતૃત્વ સોંપાયું હતું. તેને બાંગ્લાદેશ સામેની ટી૨૦ શ્રોણીમાં આરામ અપાયો હતો. પસંદગી સમિતિની બેઠકમાં બોર્ડના પ્રમુખ સૌરવ ગાંગુલી તથા સુકાની વિરાટ કોહલીએ પણ હાજરી આપી હતી. કોહલી ઉપરાંત મોહમ્મદ શમી તથા ભુવનેશ્વર કુમારનું પણ ટી૨૦ ઈન્ટરનેશનલમાં પુનરાગમન થયું છે. ઓલરાઉન્ડર શિવમ દુબેનો પ્રથમ વખત વન-ડે ટીમમાં સમાવેશ કરાયો છે.



**ભારતીય ટી૨૦ ટીમ :** વિરાટ કોહલી (સુકાની), રોહિત શર્મા, શિખર ધવન, લોકેશ રાહુલ, શ્રોયસ ઐયર, મનીષ પાંડે, રિષભ પંત, શિવમ દુબે, વોશિંગ્ટન સુંદર, રવીન્દ્ર જાડેજા, યુજવેન્દ્ર ચહલ, કુલદીપ યાદવ, દીપક ચહર, મોહમ્મદ શમી, ભુવનેશ્વર કુમાર.

**ભારતીય વન-ડે ટીમ :** વિરાટ કોહલી (સુકાની), રોહિત શર્મા, શિખર ધવન, લોકેશ રાહુલ, શ્રોયસ ઐયર, મનીષ પાંડે, રિષભ પંત, શિવમ દુબે, કેદાર જાધવ, રવીન્દ્ર જાડેજા, યુઝવેન્દ્ર ચહલ, કુલદીપ યાદવ, દીપક ચહર, મોહમ્મદ શમી, ભુવનેશ્વર કુમાર.

## વિમેન્સ ટ્વેન્ટી ૨૦ : ભારતે વેસ્ટ ઇન્ડિઝનો ૫-૦થી સફાયો કર્યો

ભારતીય વિમેન્સ ક્રિકેટ ટીમે પાંચમી અને અંતિમ ટ્વેન્ટી૨૦ ઇન્ટરનેશનલ મેચને ૬૧ રનથી જીતી લઇને યજમાન વેસ્ટ ઇન્ડિઝનો પાંચ મેચની શ્રોણીમાં ૫-૦થી સફાયો કર્યો હતો. જેમાં સુષ્મા વર્માને પ્લેયર ઓફ ધ સિરીઝ તથા વેદા કૃષ્ણામૂર્તિ પ્લેયર ઓફ ધ મેચ જાહેર થઇ હતી. ભારત માટે વેદા કૃષ્ણામૂર્તિએ અણનમ ૫૭ તથા જેમિમા રોડ્રિગુઝે ૫૦ રનની ઇનિંગ્સ રમવા ઉપરાંત બંનેએ ત્રીજી વિકેટ માટે ૧૧૭ રનની ભાગીદારી નોંધાવીને ભારતના વિજયમાં મુખ્ય ભૂમિકા ભજવી હતી. ભારતીય ટીમે પ્રથમ બેટિંગ કરીને ત્રણ વિકેટે ૧૩૪ રન બનાવ્યા હતા. ભારતે ચોથી ઓવર સુધીમાં ૧૭ રનના સ્કોરે બે વિકેટ ગુમાવી દીધી હતી. શેફાલી વર્મા નવ તથા સ્મૃતિ મંધાના સાત રન બનાવીને આઉટ થઇ હતી. ત્યારબાદ રોડ્રિગુઝે ૫૬ બોલમાં ૫૦ રન બનાવ્યા હતા. વેદાએ ૪૮ બોલનો સામનો કરીને ચાર બાઉન્ડ્રી ફટકારી હતી.

## ભારતીય ક્રિકેટ આખરે ગુલાબી રંગે રંગાશે

# આજથી ડે-નાઈટ ટેસ્ટ

કોલકાતા : ભારતીય ક્રિકેટ આખરે ગુલાબી રંગે રંગાશે અને બાંગ્લાદેશ સામે શુક્રવારથી ઈડન ગાર્ડન્સ ખાતે રમાનારી ઐતિહાસિક ડે-નાઈટ ટેસ્ટ મેચમાં વિરાટ કોહલીની ટીમનું પલડું ચોક્કસપણે ભારે રહેશે. ભૂતપૂર્વ સુકાની તથા વર્તમાન બીસીસીઆઈના પ્રમુખ સૌરવ ગાંગુલીએ પિંક (ગુલાબી)થી આ ટેસ્ટ રમાડવાનો ઐતિહાસિક નિર્ણય લીધો હતો. આઈસીસી પ્રેક્ષકોનો ઉત્સાહ તથા રુચિ વધે તે માટે સાત વર્ષ પહેલાં પિંક બોલથી ડે-નાઈટ મેચ રમાડવાને લીલી ઝંડી આપી દીધી છે. ગાંગુલીએ બાંગ્લાદેશ ક્રિકેટ બોર્ડને ઘણા ઓછા સમયમાં પિંક બોલથી ટેસ્ટ મેચ રમવા માટે મનાવી લીધું હતું. વિશ્વ ક્રિકેટમાં અત્યાર સુધી ૧૧ ડે-નાઈટ ટેસ્ટ રમાઈ ચૂકી છે. ચાર વર્ષ પહેલાં ઓસ્ટ્રેલિયા અને ન્યૂઝીલેન્ડ વચ્ચે પ્રથમ ડે-નાઈટ ટેસ્ટ મેચ રમાઈ હતી. ઓસ્ટ્રેલિયાએ ગયા વર્ષે બીસીસીઆઈ સામે આ પ્રકારની ટેસ્ટ રમવાનો પ્રસ્તાવ મૂક્યો હતો પરંતુ સુકાની કોહલીએ તેનો ઈનકાર કરી દીધો હતો. રમતના છેલ્લા તબક્કામાં ઝાકળનું પરિબળ નડશે તો બોલર્સની સમસ્યામાં વધારો થઈ શકે છે. ડે-નાઈટ ટેસ્ટની યજમાની માટે ઈડન ગાર્ડન્સ સજ્જ થઈ ચૂક્યું છે.



# શૂટિંગ વર્લ્ડ કપ : ઈલાવેનિલ, મનુ ભાકર તથા દિવ્યાંશને ગોલ્ડ મેડલ

## મનુએ ૨૪૪.૭ના સ્કોર સાથે જુનિયર વર્લ્ડ રેકોર્ડ નોંધાવ્યો

પુતિયાન : ભારતના યુવા શૂટર્સ મનુ ભાકર, દિવ્યાંશ પવાર તથા ઈલાવેનિલ વલારિવાને જીજીહ્ન શૂટિંગ વર્લ્ડ કપ ફાઈનલ્સમાં પોતપોતાની ઈવેન્ટમાં ગોલ્ડ મેડલ જીતીને દેશને ગૌરવ અપાવ્યું હતું. મનુએ જુનિયર વર્લ્ડ રેકોર્ડ સાથે વિમેન્સ ૧૦ મીટર એર પિસ્તોલ ઈવેન્ટનો ગોલ્ડ મેડલ પોતાના નામે કર્યો હતો. ઈલાવેનિલે વિમેન્સ ૧૦ મીટર એર રાઈફલમાં ગોલ્ડ જીત્યો હતો. દિવ્યાંશે મેન્સ ૧૦ મીટર એર રાઈફલમાં પ્રથમ સ્થાન હાંસલ કરીને ભારતને શુક્રવારે ત્રીજો ગોલ્ડ અપાવ્યો હતો. ૧૭ વર્ષીય મનુએ ૨૪૪.૭નો સ્કોર કર્યો હતો અને જુનિયર વર્લ્ડ રેકોર્ડ પોતાના નામે કર્યો હતો. શૂટિંગમાં આઈએસએસએફની છેલ્લી ટૂર્નામેન્ટ છે. ભારતની યશસ્વિનીસિંહ દેસવાલ છઠ્ઠા ક્રમે રહી હતી. સર્બિયાની જોરાના અરુનોવિચે ૨૪૧.૯ પોઈન્ટ સાથે સિલ્વર તથા ચીનની ક્વિયાન વાંગે ૨૨૧.૮ના સ્કોર સાથે બ્રોન્ઝ જીત્યો હતો. ઈલાવેનિલે ૨૫૦.૮ના સ્કોર સાથે તાઈવાનની લિંગ યિંગ શિનને પાછળ રાખીને ગોલ્ડ મેડલ જીત્યો હતો. સિલ્વર મેડલ જીતનાર યિંગ શિને ૨૫૦.૭નો સ્કોર નોંધાવ્યો હતો. રોમાનિયાની લોરા જ્યોર્જેટા કોમાને ૨૨૯નો સ્કોર નોંધાવીને બ્રોન્ઝ પોતાના નામે કર્યો હતો.

## ફૂટબોલ : ઓમાન સામે ભારત ૧-૦થી હાર્યું, વર્લ્ડ કપ અભિયાન લગભગ પૂરું

મસ્કત : ભારતીય ફૂટબોલ ટીમનો અહીં ઓમાન સામે ૧-૦થી પરાજય થયો હતો અને આ કારણથી ભારત ૨૦૨૦ વર્લ્ડ કપના ક્વોલિફાઇંગ તબક્કામાંથી લગભગ બહાર થઇ ગયું છે. ઓમાન માટે મોહસિન અલ ઘસાનીએ ૩૩મી મિનિટે મેચનો એકમાત્ર વિનિંગ ગોલ કર્યો હતો. ઓમાન સામે ભારતનો સતત બીજો પરાજય છે. ગુવાહાટી ખાતે સપ્ટેમ્બરમાં રમાયેલા મુકાબલામાં પણ ઓમાનની ટીમે ભારતને ૨-૧થી હરાવ્યું હતું. પાંચ મેચમાં માત્ર ત્રણ પોઇન્ટ સાથે ભારત ગ્રૂપ-ઇમાં ચોથા ક્રમે છે. કતાર ૧૩ પોઇન્ટ સાથે પ્રથમ સ્થાને છે. ઓમાન ૧૨ પોઇન્ટ સાથે બીજા ક્રમે છે.

# ગુજરાતનો મોક્ષ દોશી યંગેસ્ટ IM બન્યો

અમદાવાદ । રોમાનિયા ખાતે યોજાયેલી ઓપન ઈન્ટરનેશનલ ચેસ ચેમ્પિયનશિપમાં પાંચ દેશના ઈન્ટરનેશનલ માસ્ટર્સ સામે શાનદાર પ્રદર્શન કરીને યુવા ખેલાડી મોક્ષ દોશીએ માત્ર ૧૬ વર્ષની વયે ગુજરાતના યંગેસ્ટ ઈન્ટરનેશનલ માસ્ટર બનવાની સિદ્ધિ મેળવી હતી. આઈએમનું ટાઈટલ મેળવવા માટે ત્રણ નોર્મ તથા ૨૪૦૦નું રેટિંગ અત્યંત જરૂરી છે. ૨૦ દેશોમાં ઈન્ટરનેશનલ ચેસ ચેમ્પિયનશિપમાં ભાગ લઈ ચૂકેલા મોક્ષે હંગેરીના બેલેટોન ખાતે પ્રથમ નોર્મ, સ્ટોકહોમ ખાતે બીજું, શ્રીલંકા ખાતેની એશિયન યૂથ ટૂર્નામેન્ટમાં ત્રીજું, પેરિસ ઓપનમાં ચોથું, ચેક રિપબ્લિકમાં પાંચમું તથા નેધરલેન્ડ્સના હોગીવન ખાતે યોજાયેલી ટૂર્નામેન્ટમાં છઠ્ઠું નોર્મ હાંસલ કર્યું હતું. શ્રીલંકા ખાતેની અંડર-૧૬ એશિયન યૂથ ચેસ ચેમ્પિયનશિપમાં મોક્ષે ગોલ્ડ મેડલ જીત્યો હતો. દિવસમાં લગભગ આઠથી નવ કલાક ચેસની પ્રેક્ટિસ કરનાર મોક્ષે જણાવ્યું હતું કે મારી ચેસની રમતના



વિકાસમાં માતાપિતા તથા નાની બહેન માહીનું મહત્ત્વપૂર્ણ યોગદાન રહ્યું છે. વર્લ્ડના ટોપ-૨૫ ખેલાડીઓમાં સ્થાન મેળવીને હું ગ્રાન્ડ માસ્ટર બનવાનો લક્ષ્યાંક રાખું છું.

## બેન સ્ટોક્સે ફરી ન્યૂઝીલેન્ડને હંફાવ્યું, ઈંગ્લેન્ડ ૪/૨૪૧

માઉન્ટ માઉન્ગાનુઇ : ઓલરાઉન્ડર બેન સ્ટોક્સે ફરીથી ન્યૂઝીલેન્ડને હંફાવતા ઇંગ્લેન્ડે અહીં રમાતી પ્રથમ ટેસ્ટ મેચના પ્રથમ દિવસની રમતના અંતે ચાર વિકેટે ૨૪૧ રન બનાવી લીધા હતા. ઇંગ્લેન્ડે ટોસ જીતીને પ્રથમ બેટિંગ કરવાનો નિર્ણય કર્યો હતો. સ્ટમ્પના સમયે બેન સ્ટોક્સે ૧૧૪ બોલમાં નવ બાઉન્ડ્રી વડે ૬૭ તથા પોપ ૧૮ રને રમી રહ્યા હતા. ન્યૂઝીલેન્ડ માટે કોલિન ડી ગ્રાન્ડહોમીએ ૨૮ રનમાં બે તથા વેગનર અને સાઉથીએ એક-એક વિકેટ હાંસલ કરી હતી. નોંધનીય છે કે ઇંગ્લેન્ડ સામેની આઇસીસી ક્રિકેટ વન-ડે વર્લ્ડ કપની ફાઇનલમાં પણ ન્યૂઝીલેન્ડ સામે સ્ટોક્સ વિલન પુરવાર થયો હતો.

# સ્ટાર્કનો સુપર્બ સ્પેલ, પ્રથમ ટેસ્ટમાં પાકિસ્તાન ૨૪૦માં ઓલઆઉટ

બ્રિસબેન : ઓસ્ટ્રેલિયાએ ગાબા ખાતે રમાતી પ્રથમ ક્રિકેટ ટેસ્ટ મેચના પ્રારંભિક દિવસે જ પ્રવાસી પાકિસ્તાનને તેના પ્રથમ દાવમાં ૨૪૦ રનના સ્કોરે ઓલઆઉટ કરીને રમત ઉપર પોતાનું વર્ચસ્વ મેળવ્યું હતું. ટોસ જીતીને પ્રથમ બેટિંગ કરનાર પાકિસ્તાને પ્રથમ તબક્કામાં વિના વિકેટે ૫૭ રન બનાવ્યા હતા. ત્યારપછીના તબક્કામાં મિચેલ સ્ટાર્ક, જોસ હેઝલવૂડ અને પેટ કમિન્સે પાકિસ્તાની બેટિંગ લાઈનઅપને વેરવિખેર કરી નાખી હતી. સ્ટાર્કે ૫૨ રનમાં ચાર, કમિન્સે ૬૦ રનમાં ત્રણ તથા હેઝલવૂડે ૪૬ રનમાં બે વિકેટ ઝડપી હતી. એક સમયે પાકિસ્તાનનો



સ્કોર વિના વિકેટે ૭૫ રનનો હતો જે સીધો પાંચ વિકેટે ૯૪ રનનો થઈ ગયો હતો. પાકિસ્તાન માટે અસદ શફિકે ૧૩૪ બોલમાં સાત બાઉન્ડ્રી વડે સર્વાધિક ૭૬ રન બનાવ્યા હતા. તેણે મોહમ્મદ રિઝવાન (૩૭) સાથે ૪૯ રનની ભાગીદારી નોંધાવી હતી.

## ગુજરાતી અમ્પાયર અમીશ સાહેબાએ અમ્પાયરીંગમાંથી નિવૃત્તિ જાહેર કરી

અમદાવાદ : ગુજરાતના ભૂતપૂર્વ રણજી ટ્રોફી ખેલાડી તથા આઇસીસી ઇન્ટરનેશનલ પેનલમાં સ્થાન મેળવી ચૂકેલા અમીશ સાહેબાએ અમ્પાયરિંગને અલવિદા કરી દીધી છે. તેમણે ૧૮મી નવેમ્બરે મુંબઇના વાનખેડે સ્ટેડિયમ ખાતે આસામ તથા બંગાળ વચ્ચેની સૈયદ મુસ્તાક અલી ટી૨૦ ટ્રોફીમાં મેચમાં અમ્પાયરિંગ કરીને નિવૃત્તિ જાહેર કરી હતી. ગ્રાન્ડ ફાધર અમ્રિતલાલ સાહેબાના પરંપરાગત ક્રિકેટ પરિવારમાં જન્મેલા અમીશે ૧૯૮૩માં રાજકોટ ખાતે ગુજરાત અને સૌરાષ્ટ્ર વચ્ચે રમાયેલી મેચ વડે રણજી ટ્રોફીમાં ત્રીજા ક્રમને બેટ્સમેન તરીકે ડેબ્યૂ કર્યો હતો.

# કોરિયા ઓપન : શ્રીકાંત-સમીર હારતાં ભારતીય અભિયાનનો અંત

ગ્વાંગઝૂ : કિદામ્બી શ્રીકાંત અને સમીર વર્મા મેન્સ સિંગલ્સના બીજા રાઉન્ડમાં હારી જતા કોરિયા ઓપન બેડમિન્ટન ચેમ્પિયનશિપમાં ભારતના અભિયાનનો અંત આવી ગયો હતો. છઠ્ઠા ક્રમંકિત શ્રીકાંતનો વિશ્વના ૧૪મા ક્રમાંકિત જાપાનના કાંતા સુનેયામા સામે ૧૪-૨૧, ૧૯-૨૧થી પરાજય થયો હતો. સમીર સ્થાનિસ શટલર જેમ ડોંગહુન (૧૧૨મો રેન્કિંગ) સામે ૧૯-૨૧, ૧૨-૨૧થી હારતા પહેલાં ૪૦ મિનિટ ઝઝૂમ્યો હતો. શ્રીકાંત મેન્સ વર્લ્ડ સિંગલ્સ રેન્કિંગમાં ૧૧મા ક્રમાંકે સરકી ગયો છે. આ પહેલાં તેણે સુનેયામાનો ક્યારેય સામનો કર્યો નહોતો



પરંતુ તેણે ૫-૧ની લીડ મેળવ્યા બાદ સ્કોર ૧૦-૮નો કર્યો હતો. જોકે જાપાનીઝ ખેલાડીએ સતત છ પોઈન્ટ હાંસલ કરીને ૧૪-૧૦ની લીડ મેળવી લીધી હતી. સમીર પણ એક સમયે ૮-૪થી આગળ હતો પરંતુ તેના પડકારને કોરિયન ખેલાડીએ આસાનીથી ખાળીને વિજય હાંસલ કરી લીધો હતો.


HONEST
Coming Soon in
ETOBICOKE
bringing you goodness
of taste from GUJARAT
INDIAN
Bhaaji
PAV
KHANNA IN
ETOBICOKE
25 Woodbine Downs Blvd, Unit 5,
Etobicoke, ON, M9W 6N5, Canada
follow us on HonestRestaurantEtobicoke
HONEST

# ઈટાલીના વેનિસમાં ફરી પૂર : ૮૦ ટકા શહેર પાણીમાં

**• યુનેસ્કોએ વેનિસના જે ચર્ચ, દુકાનો અને ઘરોને વર્લ્ડ હેરિટેજમાં સમાવિષ્ટ કર્યા છે ત્યાં પણ જળબંબાકારની પરિસ્થિતિ**

વેનિસ : ઈટાલીના ઐતિહાસિક વેનિસ શહેરમાં એક અઠવાડિયામાં ત્રીજીવાર પૂર આવ્યું છે. સમુદ્રના પાણી પણ વેનિસ શહેરમાં ફરી વળતા સમગ્ર શહેરમાં પાણી ભરાયા છે. સ્થાનિક તંત્ર દ્વારા હાલ વેનિસમાંકટોકટીની પરિસ્થિતિ જાહેરાત કરી છે. પ્રવાસન માટે અતિપ્રસિદ્ધ વેનિસમાં યુનેસ્કોએ વર્લ્ડ હેરિટેજમાં જે ચર્ચ, દુકાનો અને ઘરોનો સમાવેશ કર્યો છે ત્યાં પણ જળબંબાકારની પરિસ્થિતિ સર્જાઈ છે. વેનિસમાં છેલ્લાં પાંચ દાયકાની સૌથી વધુ જળસપાટી નોંધાઈ છે. વેનિસના મેયર લુઈગી બ્રુગનારોએ રવિવારે ટ્વીટ કરી કહ્યું હતું કે આજે દરિયામાં આવનારી ભરતીના કારણે વિપરિત પરિસ્થિતિ ન સર્જાય તે અંગે તૈયારી કરી રહ્યા છીએ. તેમણે કહ્યું હતું કે પૂરના કારણે દરિયાઈ પાણી શહેરમાં ઘૂસ્યા છે. ખારાં પાણી શહેરમાં ઘૂસવાના કારણે અત્યાર સુધીમાં એક બિલિયન યુરોનું નુકસાન થયું છે. બીજીવાર આવેલા પૂર બાદ તરત જ હાઈ ટાઈડ એટલે કે પ્રચંડ ભરતી અને પૂર આવ્યા. જેના કારણે શહેરની જળસપાટીમાં વધારો થયો છે. રસ્તાઓ અને ફૂટપાથ પર ભરાયેલા પાણીની સપાટી પણ ઉંચી આવી છે. વિશ્વભરમાંથી પ્રવાસીઓને આકર્ષતા શહેરમાં શુક્રવારે વાવાઝોડાની પરિસ્થિતિના કારણે પૂર આવ્યું હતું અને તેને લીધે દરિયાના પાણી શહેરમાં ઘૂસ્યાં હતા. જેના કારણે તમામ પ્રવાસન આકર્ષણો બંધ રાખવામાં આવ્યા છે.



# રાજપુત મિત્ર મંડળ દ્વારા દિવાળીની ઉજવણી

ટોરન્ટો : રાજપુત મિત્ર મંડળે દિવાળી પાર્ટીની ઉજવણી કરી હતી જેમાં ફેશન શો, લાઈવ સિગીંગ, ગરબા ડાન્સ અને ડી.જેનું આયોજન કરવામાં આવ્યુ હતું.

કાર્યક્રમની શરૂઆત રાજપુત મિત્ર મંડળનાં સંસ્થાપક ઉત્તમભાઈએ ૧૯૭૪માં કરી હતી. આ વર્ષે દિવાળી પાર્ટીનું આયોજન દિપકભાઈ, કલ્પેશભાઈ, રાજુભાઈ, કલ્પેશભાઈ, જશોદાબેન, પ્રિતીબેન, હેમાબેન, પાયલબેને કર્યુ હતું અને આયોજનનું એમ.સી સ્ટેજ દિપકભાઈ અને મીનાબેને સારી રીતે સજાવ્યુ હતું. પાર્ટી માટે લોકોને ઈમેઈલ દ્વારા સંદેશ મોકલવામાં આવ્યા હતા. જે બાદ



કાર્યક્રમનું સંચાલન કલાબેને સારી રીતે કર્યુ હતું અને ફોટો ગ્રાફીના માહિર પ્રવિણભાઈએ સારી રીતે ફોટા પાડયા હતા. અંતે સ્વાદીષ્ટ ભોજનની બધાએ મજા માણી હતી અને ભોજન પછી પણ લોકો મન મુકીને ગરબે ઝુમ્યા હતા કાર્યક્રમનું મંડળ સાથે જોડાયેલા અનેક લોકોએ ભાગ લીધો હતો.

# રશિયા ભારતને ટૂંક સમયમાં ડિફેન્સ સિસ્ટમ સોંપશે, પ્રથમ ચૂકવણું કરાયું

**• ૧૫ ટકા જેટલી રકમ ચૂકવાઈ, અન્ય ચૂકવણુ બાદમાં કરવામાં આવશે**

મોસ્કો : ભારત અને રશિયા વચ્ચે એસ-૪૦૦ મિસાઈલ ડિફેન્સ સિસ્ટમના કરારો થયા હતા, ટુંક સમયમાં આ સિસ્ટમ ભારતને મળશે. ભારતે રશિયાને આ ડીલ માટે ૮૫૦ મિલિયન ડોલરની ચૂકવણી કરી દીધી છે. જોકે આ રકમ કુલ રકમના ૧૫ ટકા છે. એટલે કે હજુ પણ વધુ ચુકવણુ કરવામાં આવશે. આ ડિફેન્સ ડીલ ન કરવા માટે અમેરિકાએ ભારત પર ઘણા સમય સુધી દબાણ રાખ્યું હતું. જોકે ભારતે સ્પષ્ટતા કરી દીધી હતી કે દેશના સંરક્ષણને લઈને કોઈ પણ પ્રકારની બાંધછોડ કરવામાં નહીં આવે.

સપ્ટેમ્બર મહિનામાં જ અમેરિકાએ જે પ્રતિબંધો લગાવ્યા છે તેને બાજુમાં રાખીને બન્ને દેશોએ આ માટે એક વિશેષ માળખાની રચના કરી હતી. દરમિયાન રશિયાના પ્રમુખ વ્લાદીમીર પુતિને પણ એક નિવેદન જારી કરીને જણાવ્યું હતું કે રશિયા ભારતને એસ-૪૦૦ ડિફેન્સ સિસ્ટમને સમયસર પહોંચતી કરવા માટેનો પ્લાન તૈયાર કરી રહ્યું છે.






# WELCOME !

GENERAL & COSMETIC FAMILY DENTISTRY

Dr. Salim Kapadia DDS

Dental Centre

Dr. Salim Kapadia DDS

Shagofa Azizi RDH

Get Free Quote for All Dental Needs.

FREE and Convenient On-site Parking & Wi-Fi



Languages Spoken:
English, Gujarati, Hindi, Punjabi, Bengali, Urdu & Farsi

- Evening and weekend appointments available.
- Friendly and caring staff.
- We cater to all Insurance Plans.

FREE LASER WHITENING

- Complete range of Dental services available.
- Emergencies seen right away.
- Dental Implants start to Finish.

FOR APPOINTMENT PLEASE CALL
**416-321-3268**
Email: info@drsalimkapadiadental.com
Website: www.drsalimkapadiadental.com

**Dr. Salim Kapadia Dental Centre**
1825 Markham Rd Suite #102, Toronto, Ontario M1B 4Z9
Hours: Monday-Friday 9:00am-8:00pm
Saturday 9:00am-5:00pm | Sunday as per request



# CLUB CERAMIC



Lapoto Finish



Glossy Finish



Matt Fiish

પોર્સેલિન ટાઈલ્સ શરૂ થાય છે ફક્ત $ 0.89 થી

Porcelain tiles starting from **$0.89** per square feet only

Ceramic tiles starting from **$0.50** per square feet only

સિરામિક ટાઈલ્સ શરૂ થાય છે $ 0.50 થી

- Porcelain & Ceramic tiles at Direct factory price
- Price match guarantee + we will beat price with additional 5% discount
- Tiles available for Floor, Wall and Outdoor Parking

- પોર્સેલિન ટાઈલ્સ અને સિરામક ટાઈલ્સ ફેક્ટરી ભાવે મળશે
- અમારા ભાવની ખાત્રી કરી શકો છો. વધારાના ૫ ટકા ડિસ્કાઉન્ટ સાથે
- ફ્લોર, દિવાલ અને આઉટડોર પાર્કિંગની ટાઈલ્સ મળશે

-: Available Size :-

24'' * 24'' I 12'' * 24'' I 24'' * 48'' I 4'' * 8'' I 4'' * 12''

**MONTREAL**
3501-03 Rue Griffith, Saint Laurent, QC H4T 1W5
Phone: +1-514-260-2242 / +1-514-813-3850

**MISSISUAGA**
5030 Maingate Drive, Unit#1, Mississauga, L4W 1X5
Phone: +1 (647) 527-6030 / +1-514-813-3850

www.clubceramic.com, Email : sales@clubceramic.com